gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

રવિવાર, 02 જુલાઈ 2023

અષાઢ સુદ-14, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 08 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



માતા બન્યા પછી કોલેજ ગર્લ જેવી લાગે છે પ્રણિતા

પેજ 11

**સુવિચાર**

જેને પાઘડી સમજીને માથે બેસાડયા હોય, એ જ ઘણીવાર પગલુછણીયા નીકળે છે...

# ફ્લાઈંગ કાર : ઈલેક્ટ્રિક કાર રસ્તા પર દોડશે, આકાશમાં પણ ઉડશે

■ યુએસ સરકારે વિશ્વની પહેલી રોડ-ટુ-સ્કાય કારને આપી મંજૂરી

ગુજરાત | વંદન

હવામાં ઉડતી કાર આપણી કલ્પનામાંથી વાસ્તવિકતાની દુનિયામાં આવી રહી છે. આ ઈલેક્ટ્રિક કાર કે જે તમે રસ્તાઓ પર ચલાવી શકો છો તેમજ આકાશમાં પણ ઉડાવી શકો છો, આ કારને યુએસ સરકાર તરફથી ફ્લાઈંગ માટે કાનૂની મંજૂરી પણ મળી ગઈ છે.

યુએસ સ્થિત એલેફ એરોનોટિક્સ દ્વારા વિકસિત આ ફ્લાઈંગ કારને યુએસ સરકાર તરફથી મંજૂરી મળી ગઈ છે. કંપનીએ જાહેરાત કરી કે મોડલ A તરીકે ઓળખાતી તેની કારને યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) તરફથી સ્પેશિયલ એરવર્થિનેસ સર્ટિફિકેશન મળ્યું છે. આ વિકાસ ઐતિહાસિક છે કારણ કે યુ.એસ.માં આ પ્રકારના વાહનને



પ્રથમ વખત પ્રમાણિત કરવામાં આવ્યું છે. કંપનીએ તેના સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે, "FAA ઈલેક્ટ્રીકલ વર્ટિકલ ટેકઓફ અને લેન્ડિંગ (eVTOL) વાહનો તેમજ eVTOLs અને ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાઓનું સંચાલન કરવા માટેની તેની નીતિઓ પર સક્રિયપણે કામ કરી રહ્યું છે."

અલેફ એરોનોટિક્સે 2016માં કારની જેમ વાહન ચલાવવાની ક્ષમતા, વર્ટિકલ ટેકઓફ ક્ષમતાઓ અને પરવડે તેવી ચોક્કસ જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેનો પ્રથમ પ્રોટોટાઈપ બનાવ્યો હતો. કંપનીનો દાવો છે કે મોડલ Aની ડ્રાઈવિંગ રેન્જ 200 માઈલ અને ફ્લાઈટ રેન્જ 110 માઈલ સુધી છે. વધુમાં, કંપનીએ રિપોર્ટ આપ્યો છે કે મોડેલે ઑક્ટોબર 2022 માં પ્રીસેલ્સ શરૂ કર્યું હતું અને તે વર્ષના અંત સુધીમાં તેને 440 થી વધુ રિઝર્વેશન પ્રાપ્ત થયા છે.

અલેફ એરોનોટિક્સ 2019 થી તેમના પ્રોટોટાઈપનું પરીક્ષણ-ડ્રાઈવિંગ અને પરીક્ષણ-ઉડાન કરી રહ્યું છે. અહેવાલ છે કે મોડલ Aનું ઉત્પાદન 2025 ના Q4 માં શરૂ થવાની સંભાવના છે. કંપની ચાર વ્યક્તિઓ જેવા વધારાના મોડલ વિકસાવવાનું પણ આયોજન કરી રહી છે. મોડલ Z નામની સેડાન, જે 2035માં $35,000ની પ્રારંભિક કિંમતે ડેબ્યૂ કરશે. મોડેલ Z પાસે 300 માઈલથી વધુની ફ્લાઈંગ રેન્જ અને 200 માઈલથી વધુની ડ્રાઈવિંગ રેન્જ હોવાની અપેક્ષા છે.

## જ્યારે અડધી રાત્રે બસ સળગી ઉઠી...

### નાગપુરથી મુંબઈ જઈ રહેલી ખાનગી લક્ઝરી બસનું સમૃદ્ધિ એક્સપ્રેસ વે બુલઢાણા નજીક ટાયર ફાટ્યું, આગ લાગી

# AC બસમાં 27 મુસાફરો જીવતા ભુંજાઈ ગયા

■ દરવાજા તરફની બાજુએ બસ પલટતા મુસાફરો ફસાઈ ગયા અને ભડ-ભડ બળતી બસમાં જીવ ગુમાવ્યાં, મોબાઈલ ફોન પણ સળગી ગયા...!

ગુજરાત | વંદન

નાગપુરથી પોતાના ગંતવ્ય સ્થાન મુંબઈ તરફ જઈ રહેલી એક ખાનગી લક્ઝરી બસના મુસાફરોમાં કેટલાંક રાત્રિના સમયે મીઠી નીંદર માણી રહ્યાં હતા તો કેટલાંક મોબાઈલ ફોન પર સમય પસાર કરી રહ્યાં હતા તો કેટલાંક મુંબઈ પહોંચીને શું કરવું, કોને મળવું તેનું આયોજન કરી રહ્યા હતા. પરંતુ તેમને સ્વપને પણ ખ્યાલ નહતું કે સમયના કાળચક્રમાં કંઈક બીજુ જ લખાયેલું હતું. કુલ 33માંથી 27 મુસાફરો લક્ઝરી બસમાં આગ લાગતા એકલી હદે જીવતા ભુંજાઈ ગયા કે, તેમની ઓળખ પણ થઈ શકી નથી. તેમના મોબાઈલ ફોન પણ વિકરાળ આગમાં નાશ પામ્યા. પરિણામે તેમના પરિવારજનોનો સંપર્ક પણ પોલીસ કરી શકે તેમ નહોતી. મહારાષ્ટ્રમાં ભારે મોટી બસ દુર્ઘટનામાં ડ્રાઈવર માંડ-માંડ બચ્યો અને તેણે સમગ્ર ઘટના કઈ રીતે બની તેનો ચિતાર આપ્યો હતો. કમભાગી મુસાફરોના નસીબ એટલા ખરાબ હતા કે, બસ દરવાજા તરફ પલટી ગઈ પરિણામે તેઓ બહાર નીકળી શક્યા નહીં. ઉપરાંત સમગ્ર લક્ઝરી બસ એસી હોવાથી તેની બારીઓ પણ ખુલી શકે નહોતી. જેઓ બચ્યા છે તેઓ બારીના કાંચ તોડીને રાત્રિના અંધકારમાં બહાર નીકળ્યા હતા. આખી બસ જાણે કે આગના ગોળામાં પરિવર્તિત થઈ ગઈ હતી.

મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લામાં રાત્રે આશરે 2 વાગ્યે એક દર્દનાક અકસ્માત સર્જાયો હતો. બુલઢાણામાં સમૃદ્ધિ મહામાર્ગ એક્સપ્રેસ વે પર એસી બસ પલટી ગઈ, ત્યારબાદ તેમાં આગ લાગી. આ અકસ્માતમાં 27 મુસાફરોના મોત થયા છે. અકસ્માત સમયે બસમાં 33 લોકો મુસાફરી કરી રહ્યા હતા, જ્યારે 6 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસ અને સ્થળ પર હાજર લોકોના જણાવ્યા ...અનુસંધાન પેજ નં. 6 પર

### મૃતકોના નજીકના સંબંધીઓને પાંચ-પાંચ લાખ આર્થિક સહાય



આ ઘટનાને પગલે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દ્વારા મૃતકો પ્રત્યે દિલસોજી વ્યક્ત કરીને મૃતકોના નજીકના સંબંધીઓને પાંચ-પાંચ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે.

### મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ આપ્યા તપાસના આદેશ



સીએમ શિંદેએ અકસ્માતની તપાસના આદેશ આપ્યા મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ બુલઢાણા બસ અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે. સીએમ એકનાથ શિંદે ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ સાથે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. દુર્ઘટના બાદ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ બુલઢાણાના કલેક્ટર અને પોલીસ અધિક્ષક પાસેથી ફોન પર ઘટનાની જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીએ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને તાત્કાલિક મદદ પહોંચાડવા સૂચના આપી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સરકારી ખર્ચે સારવાર મળે તેવી સૂચના આપી છે.

### ડ્રાઇવરે કહ્યું કઈ રીતે લાગી આગ...



અકસ્માતમાં માંડ-માંડ બચી ગયેલા બસ ડ્રાઈવરે પોતે જ જણાવ્યું કે પહેલા બસનું ટાયર ફાટ્યું જેના કારણે બસ બેકાબૂ બની ગઈ. આ પછી બસ એક થાંભલા સાથે અને પછી ડિવાઈડર સાથે અથડાઈ હતી. આ પછી બસમાં આગ લાગી હતી. આ ઉપરાંત બસ ડિવાઈડર સાથે અથડાતાં આગળનો એક્સલ પણ તૂટી ગયો હતો. દરમિયાન બસનું આગળનું વ્હીલ બસથી અલગ થઈ ગયું હતું, ત્યારે જ આગ ફાટી નીકળી હતી. બસ ડાબી બાજુએ પલટી જતા બહાર નીકળવાનો દરવાજો બંધ થઈ ગયો અને બહાર નીકળવું અશક્ય હતું. આ પછી કેટલાક મુસાફરોએ કાચ તોડીને બહાર નીકળવાનો પ્રયાસ કર્યો હતો. કાચ તોડીને બહાર નીકળેલા મુસાફરનો જીવ બચી ગયો છે. આ અકસ્માત રાત્રીના 1.26 મિનિટે થયો હતો. બસ નાગપુર, વર્ધા અને યવતમાલથી મુસાફરોને લઈને જઈ રહી હતી. એસપી સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

## ન્યૂઝ બ્રિફ

### તુષાર મહેતા પર કેન્દ્રએ મૂક્યો ફરી 'ભરોસો', ફરી સોલિસિટર જનરલ તરીકે નીમ્યા



કેન્દ્ર સરકારે તુષાર મહેતાને સોલિસિટર જનરલ તરીકે ફરીથી નિયુક્ત કર્યા છે. કેન્દ્રએ શુક્રવારે 30 જૂન નોટિફીકેશન જારી કરીને કહ્યું કે કેબિનેટની નિમણૂક સમિતિએ સોલિસિટર જનરલ તરીકે તુષાર મહેતાની પુનઃનિયુક્તિને મંજૂરી આપી છે. તેઓ ત્રણ વર્ષના સમયગાળા માટે અથવા આગળના આદેશો સુધી હોદ્દો સંભાળશે.તેમજ બલબીર સિંહ, એસવી રાજુ, એન. એડિશનલ સોલિસિટર જનરલ (સુપ્રિમ કોર્ટ) તરીકે વેંકટરામન અને ઐશ્વર્યા ભાટીની નિમણૂકને પણ મંજૂરી આપવામાં આવી છે.

### ઈન્ડોનેશિયાના જાવા દ્વીપ પર 6.4ની તીવ્રતાનો ભૂકંપ: 1નું મોત, 10 ઘાયલ




ઈન્ડોનેશિયાના જાવા દ્વિપ પર 6.4 તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં 10 લોકો ઘાયલ થયા છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ભૂકંપ દરમિયાન એક વ્યકિતિને હાર્ટ એટેક આવવાથી મોત થઈ ગયુ હતું. BNPBના પ્રવક્તા અબ્દુલ મુહારીએ જણાવ્યું કે, ભૂકંપના કારણે મધ્ય જાવા પ્રાંતના ક્ષેત્રમાં ફેલાયેલા સેંકડો ઘરો, કેટલાક કાર્યાલયો, સ્વાસ્થ્ય અને શિક્ષા સુવિધાઓને સામાન્ય નુકશાન થયું છે. એજન્સીએ જણાવ્યું હતું કે 25 કિમીની ઊંડાઈએ આવેલો ભૂકંપ યોગ્યકાર્તા ક્ષેત્રના અનેક શહેરોમાં તેમજ ઈન્ડોનેશિયાના સૌથી વધુ વસ્તી ધરાવતા ટાપુ પૂર્વ અને મધ્ય જાવામાં અનુભવાયો હતો. સુનામીની કોઈ ચેતવણી જારી કરવામાં નથી આવી. ઈન્ડોનેશિયામાં ભૂકંપ સામાન્ય છે કારણ કે તે ભૂકંપની રીતે સક્રિય ક્ષેત્ર છે. ઈન્ડોનેશિયા દક્ષિણપૂર્વ એશિયામાં કહેવાતા 'પેસિફિક રિંગ ઓફ ફાયર' માં ફેલાયેલુ છે. જે એક અત્યંત સક્રિય સિસ્મિક ઝોન જ્યાં પૃથ્વીના પોપડા પરની વિવિધ પ્લેટો મળે છે અને મોટી સંખ્યામાં ધરતીકંપો અને જ્વાળામુખી ઉત્પન્ન કરે છે.

### અંજાર, ગાંધીધામ, રાપર-ભચાઉ તાલુકાના વાહનોને GJ-39ની મળશે નવી ઓળખ



અંજાર ગાંધીધામ, રાપર અને ભચાઉ તાલુકાના લોકોના વાહનોને હવેથી GJ-39 તરીકે નવી ઓળખ મળશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને આ મામલે જાણકારી આપી હતી. ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ ભારતમાં સૌથી મોટો છે. ઉપરાંત રાજ્યનો ટ્રાન્સપોર્ટ વાહન ધરાવતો પહેલા નંબરનો જિલ્લો છે. એવામાં પૂર્વ કચ્છના લોકોને વાહન વ્યવહાર કચેરીના કામ માટે જિલ્લામથક ભુજ સુધી ધક્કો ખાવો પડતો હતો.જે સમસ્યાની સુવિધાના ભાગરૂપે પૂર્વ કચ્છના અંજાર ખાતે નવી સહાયક વાહન વ્યવહાર કચેરી (RTO કચેરી) નિર્માણ પામી હતી. મહત્વનું છે કે, લોકો લાયસન્સ અને અન્ય સંબંધિત પ્રક્રિયાઓ માટે અંજાર આરટીઓ ખાતેથી લાભ લઈ રહ્યા છે, સાથે જ નવી કચેરી સાથે પૂર્વ કચ્છને નવા આરટીઓ કોડ GJ-39 પણ મળ્યો છે.

## ભાજપના સાથી પક્ષના મુખ્યમંત્રીએ જ કહ્યું: સમાન નાગરિક ધારો અયોગ્ય

■ મેઘાયલના સીએમ કોનરાડ સંગમાનો વિરોધ, એનડીએમાં મતભેદ બહાર આવ્યા

ગુજરાત | વંદન



યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)નો વિરોધ માત્ર વિપક્ષ જ નથી કરતો, હવે એનડીએમાં પણ મતભેદ જોવા મળી રહ્યો છે. મેઘાલયના સીએમ કોનરાડ સંગમાએ શુક્રવારે PM નરેન્દ્ર મોદીના UCC પર ભાર મૂકવાની ટીકા કરી હતી. તેમણે કહ્યું કે ભારત વૈવિધ્યપૂર્ણ દેશ છે અને વિવિધતા આપણી તાકાત છે. યુનિફોર્મ સિવિલ કોડના રૂપમાં પાર્ટીનો અત્યાર સુધીનો અભિગમ ભારતના વિચારની વિરુદ્ધ છે. NPPએ બીજેપીની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) અને નોર્થ ઈસ્ટ ડેમોક્રેટિક એલાયન્સ (NEDA)ની સાથી છે. તેનું નેતૃત્વ શાસક મેઘાલય ડેમોક્રેટિક એલાયન્સ (MDA) કરે છે. ભાજપ એમડીએ સરકારમાં બે ધારાસભ્યો સાથે ભાગીદાર છે, જ્યારે સંગમાની પાર્ટી પાસે 60 બેઠકોની વિધાનસભામાં 28 ધારાસભ્યો છે. NPP મેઘાલય સિવાય મણિપુર, નાગાલેન્ડ, અરુણાચલ પ્રદેશમાં મજબૂત રાજકીય આધાર ધરાવે છે.

નેશનલ પીપલ્સ પાર્ટી (NPP)ના પ્રમુખ સંગમાએ કહ્યું કે UCC દેશ માટે યોગ્ય નથી. આ ભારતના વાસ્તવિક વિચારની વિરુદ્ધ છે, જે વિવિધતામાં એકતા દ્વારા વર્ગીકૃત થયેલ વૈવિધ્યસભર રાષ્ટ્ર છે. તેમણે વધુમાં કહ્યું કે વિવિધ સંસ્કૃતિઓ, પરંપરાઓ, જીવનશૈલી અને ધર્મો દેશની તાકાત છે.

તેમણે કહ્યું કે મેઘાલય માતૃસત્તાક સમાજ છે અને આ અમારી તાકાત છે. સંસ્કૃતિ અને અન્ય પાસાઓ કે જેને આપણે લાંબા સમયથી અનુસરી રહ્યા છીએ તેને બદલી શકાતું નથી. એક રાજકીય પક્ષ તરીકે, અમે સમજીએ છીએ કે સમગ્ર પૂર્વોત્તર પ્રદેશને એક અનોખી સંસ્કૃતિ મળી છે. અમે ઈચ્છતા નથી કે અમારી પરંપરા અને સંસ્કૃતિને સ્પર્શ કરવામાં આવે.

### હવે ટીમ ઈન્ડિયાની જર્સી પર 'ડ્રીમ-11' જોવા મળશે

■ ફેન્ટેસી સ્પોર્ટ્સ ગેમિંગ કંપની રૂપિયા 358 કરોડની મુખ્ય સ્પોન્સર બની; 3 વર્ષની ડીલ

ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયાની જર્સી પર હવે BYJU'sની જગ્યાએ ફેન્ટેસી સ્પોર્ટ્સ ગેમિંગ કંપની 'DREAM-11' નો લોગો જોવા મળશે. ઈકોનોમિક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, DREAM-11 એ ટીમ ઈન્ડિયાની જર્સીના મુખ્ય સ્પોન્સરશિપ રાઈટ્સ 358 કરોડ રૂપિયામાં ખરીદ્યા છે. આ ડીલ 3 વર્ષ માટે છે. આ વર્ષે માર્ચમાં ઓસ્ટ્રેલિયા સામેની સિરિઝ બાદ BYJUનો કોન્ટ્રાક્ટ સમાપ્ત થઈ ગયો ...અનુસંધાન પેજ નં. 6 પર

## નીરજ ચોપરાએ ફરી બતાવ્યો 'ગોલ્ડન આર્મ'નો જાદુ, લોઝેન ડાયમંડ લીગમાં જીત્યો ગોલ્ડ

ગુજરાત | વંદન




ગોલ્ડન બોય નીરજ ચોપરાએ એક મહિનાની ઈજામાંથી સાજા થયા બાદ મેદાન પર જોરદાર વાપસી કરી છે. લોઝેન ડાયમંડ લીગમાં પોતાના 'ગોલ્ડન આર્મ'નો જાદુ બતાવતા તેણે ફરી એકવાર 87.66 મીટરના અંતરે જેવલીન ફેંકી ગોલ્ડ મેડલ કબજે કર્યો છે. તેનો આ વર્ષનો બીજો અને 8મો આંતરરાષ્ટ્રીય ગોલ્ડ મેડલ છે. અગાઉ તે દોહા ડાયમંડ લીગમાં પણ રમી ચુક્યા છે.

નીરજ ચોપરાએ પ્રથમ રાઉન્ડમાં ફાઉલથી શરૂઆત કરી હતી. તે જ સમયે, જર્મનીના જુલિયન વેબરે 86.20 મીટરના થ્રો સાથે લીડ મેળવી હતી. પ્રથમ રાઉન્ડના અંતે નીરજ ટોચના ત્રણ ખેલાડીઓમાં પણ નહોતો. ત્યારબાદ બીજા પ્રયાસમાં નીરજે 83.52 મીટરનો થ્રો કર્યો. જોકે, બીજા રાઉન્ડના અંતે પણ જુલિયન લીડમાં હતો.

## CJIની વ્યથા: અદાલતની સારી કામગીરી અખબારોની હેડલાઈન કેમ બનતી નથી?

ગુજરાત | વંદન



જમ્મુ અને કાશ્મીરના પ્રવાસે ગયેલા CJI DY ચંદ્રચુડ શ્રીનગરમાં 19મી લીગલ સર્વિસ ઓથોરિટીની બેઠકમાં ઉદ્ઘાટન ભાષણ આપી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કોર્ટ પ્રશાસનની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે અમારા નિર્ણયો પર વારંવાર ચર્ચા કરવામાં આવે છે, પરંતુ આ સિવાય કોર્ટ પણ ઘણું કામ કરે છે, જે હેડલાઈન્સ નથી બનતી. CJIએ કહ્યું કે, નિર્ણયો સિવાય કોર્ટ પણ એવી ઘણી વસ્તુઓ કરે છે જેના વિશે લોકોને જાણવાની જરૂર છે. શ્રીનગરના શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટરમાં આયોજિત મીટિંગને સંબોધિત કરતા, CJIએ કહ્યું, જ્યારે પણ કોર્ટ માટે પોતાને માર્કેટિંગ કરવાનો સમય આવ્યો, ત્યારે તેણે એવું નથી કર્યું કારણ કે તેને લાગ્યું કે ન્યાયતંત્રને માર્કેટિંગની જરૂર છે. આ કિસ્સામાં અમે નબળા કોમ્યુનિકેટર્સ રહ્યા છીએ.

સીજેઆઈએ કહ્યું, ન્યાયતંત્ર બે બાબતો માટે જાણીતું છે, પ્રથમ, તે કેસ જેમાં તેણે નિર્ણયો આપ્યા છે અને બીજું, તે કેસ જેમાં તેણે નિર્ણયો આપ્યા નથી. તેમણે કહ્યું, ન્યાયતંત્રમાં વિલંબથી તેમનું સરનામું પણ જાણી શકાય છે. તેમણે કહ્યું કે, લોકો અમારા નિર્ણયો વિશે જાણતા રહે છે જેમાં અમે નિર્ણયો આપતા રહીએ છીએ, પરંતુ લોકોને ન્યાયતંત્રની અગાઉની ઓફિસોમાં કરવામાં આવેલા કામ વિશે બહુ ઓછી જાણકારી છે. તેમણે કહ્યું, તે ખૂબ જ મહત્વપૂર્ણ છે કે આપણે ભારતીય ન્યાયતંત્રના અગાઉના કાર્યાલયોમાં થયેલા કામ પર પણ પ્રકાશ ફેંકીએ કારણ કે આ આપણી ન્યાયતંત્રની કરોડરજ્જુ છે.

કોર્ટના પાછળના ભાગ પર થઈ રહેલા મોટા પાયે કામ વિશે જણાવતા તેમણે કહ્યું કે, ઈ-કોર્ટ સેવાઓ માટે 2013માં બનાવવામાં આવેલી વેબસાઈટએ 2020માં 2.54 અબજ વ્યવહારો કર્યા છે. તો ત્યાં તે 2021માં વધીને 3.20 અબજ અને 2022માં 3.26 અબજ થઈ ગયું.

## હવે ભારતમાં વચેટિયા વગર કરોડો ખેડૂતોને મળી રહ્યો છે સરકારી લાભ

■ સમ્માન નિધિ જાહેર કરતાં વડાપ્રધાને કર્યું સંબોધન

ગુજરાત | વંદન



શનિવારે દિલ્હીમાં 17મી ભારતીય સહકારી જનરલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ભાગ લીધો છે. આ દરમિયાન વડાપ્રધાને કાર્યક્રમમાં સામેલ લોકોને સંબોધિત કરતા અભિનંદન પાઠવ્યા હતા.

તેમના સંબોધનમાં તેમણે કહ્યું કે શેરડીના ખેડૂતો માટે વાજબી અને લાભદાયી ભાવ હવે પ્રતિ ક્વિન્ટલ 315 રૂપિયા રેકોર્ડ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીએ કહ્યું- 17મી ભારતીય સહકારી જનરલ કોન્ફરન્સ માટે આપ સૌને ખૂબ ખૂબ અભિનંદન. હું તમને આ પરિષદમાં આવકારું છું અને અભિનંદન આપું છું. આજે આપણો દેશ વિકસિત અને આત્મનિર્ભર ભારતના ધ્યેય પર કામ કરી રહ્યો છે અને મેં લાલ કિલ્લા પરથી કહ્યું છે કે આપણા દરેક લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે દરેકના પ્રયાસો જરૂરી છે. PMએ વધુમાં કહ્યું- જ્યારે વિકસિત ભારત માટે મોટા લક્ષ્યોની વાત આવી ત્યારે અમે સહકારી સંસ્થાઓને મોટું બળ આપવાનું નક્કી કર્યું. પ્રથમ વખત, અમે સહકારી માટે અલગ મંત્રાલય બનાવ્યું, અલગ બજેટની જોગવાઈ કરી. સહકારી ક્ષેત્રને લગતા પ્રશ્નો જે વર્ષોથી પેન્ડીંગ હતા તેનો ઝડપથી ઉકેલ લાવવામાં આવી રહ્યો છે. અમારી સરકારે સહકારી બેંકોને પણ મજબૂત કરી છે, પરંતુ છેલ્લા 9 વર્ષમાં આ સ્થિતિ

...અનુસંધાન પેજ નં. 6 પર

## UCC બિલ રજૂ થઈ શકે છે સંસદનું ચોમાસુ સત્ર 20 જુલાઈથી 11 ઓગસ્ટ સુધી ચાલશે

ગુજરાત | વંદન



કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ સંસદના ચોમાસુ સત્રની જાહેરાત કરી. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સંસદનું ચોમાસુ સત્ર 20 જુલાઈથી 11 ઓગસ્ટ સુધી ચાલશે. ચોમાસુ સત્રમાં ઘણા મહત્વપૂર્ણ બિલો રજૂ કરવામાં આવી શકે છે. આમાં UCC પણ સામેલ હોઈ શકે છે. આખા દેશની નજર આના પર છે. થોડા દિવસો પહેલા પીએમ મોદીએ યુસીસીની વકીલાત કરી હતી. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સંસદનું ચોમાસુ સત્ર 20 જુલાઈથી 11 ઓગસ્ટ સુધી ચાલશે.

કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે 23 દિવસના આ સત્રમાં કુલ 17 બેઠકો થશે. તેમણે તમામ પક્ષોને સત્ર દરમિયાન વિધાયક અને સંસદના અન્ય કામકાજમાં રચનાત્મક યોગદાન આપવા અપીલ કરી હતી. તમને જણાવી દઈએ કે ચોમાસુ સત્રમાં ઘણા મહત્વપૂર્ણ બિલો રજૂ કરવામાં આવી શકે છે. આમાં UCC પણ સામેલ હોઈ શકે છે. આખા દેશની નજર આના પર છે. થોડા દિવસો પહેલા પીએમ મોદીએ યુસીસીની વકીલાત કરી હતી. યુસીસીને લઈને સમગ્ર દેશમાં રાજકારણ ગરમાયું છે.

### વાંકી નજરે...

સૌજન્યથી...



ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com




# ચોમાસાના પ્રારંભે પાંચ ડેમ ભરાયા, 200 કરતાં વધુ હજુ વરસાદની રાહમા

**ચોમાસાના આગમન સાથે જળાશયોમાં આવક**

- ગુજરાતના 207 પૈકી 5 ડેમ હાલ સંપૂર્ણ ભરેલા
- ગુજરાતના 207 ડેમમાં 39.97 ટકા પાણીનો જથ્થો
- સરદાર સરોવર ડેમમાં 51.61 પાણીનો જથ્થો
- કચ્છના 20 ડેમમાં 48.48 ટકા પાણીનો જથ્થો
- ઉત્તર ગુજરાતના 15 ડેમ 46.85 ટકા ભરેલા
- સૌરાષ્ટ્રના 141 ડેમમાં 20.76 ટકા પાણીનો જથ્થો
- મધ્ય ગુજરાતના 17 ડેમ 31.45 ટકા ભરેલા
- દક્ષિણ ગુજરાતના 13 ડેમ 33.41 ટકા ભરેલા
- કચ્છના 4, સૌરાષ્ટ્રનો 1 ડેમ સંપૂર્ણ ભરેલો

ગુજરાત | વંદન

રાજ્યમાં ચોમાસાના આગમન સાથે જળાશયોમાં નવા પાણીની આવક થઈ છે. ગુજરાતના ડેમોમાં હાલ પાણીની પરિસ્થિતિ વિશે વાત કરીએ તો, 207 પૈકી 5 ડેમ સંપૂર્ણ ભરેલા છે. મહત્વનું છે કે, ગુજરાતના 207 ડેમમાં 39.97 ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. સરદાર સરોવર ડેમમાં 51.61 ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. તો કચ્છના 20 ડેમમાં 48.48 ટકા પાણી છે. જ્યારે ઉત્તર ગુજરાતના 15 ડેમ 46.85 ટકા પાણીથી ભરેલા છે. સાથે જ સૌરાષ્ટ્રની વાત કરીએ તો, 141 ડેમમાં હાલ 20.76 ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

મધ્ય ગુજરાતના 17 ડેમ 31.45 ટકા પાણીથી ભરેલા છે. જ્યારે દક્ષિણ ગુજરાતના 13 ડેમમાં 33.41 ટકા પાણી ઉપબલ્ધ છે. 5 સંપૂર્ણ ભરેલા ડેમોની વાત કરીએ તો, એમા કચ્છના 4 અને સૌરાષ્ટ્રનો 1 ડેમ સંપૂર્ણ ભરેલો છે.

## રસપ્રદઃ એક નજર અહીં પણ...

### વહાલઃ



■ કેન્દ્રીય મંત્રી અને ઉત્તર પ્રદેશની અમેઠી લોકસભા બેઠકના સાંસદ સ્મૃતિ ઈરાનીએ હાલમાં જ પોતાના મત વિસ્તારની મુલાકાત લીધી હતી. આ મુલાકાતની તસ્વીરો તેમણે પોતા ટ્વીટર હેંડલ પર શેર કરી છે. જેમા એક તસ્વીરમાં એ પુરવાર થાય છે કે, અમીઠીની જનતા કેન્દ્રીય મંત્રીને કેટલો પ્રેમ અને વહાલ કરે છે. એક સ્થાનિક આધેડવયની મહિલા સ્મૃતિ ઈરાનીના ચેહરા પર હાથ ફેરવીને દિકરીને વહાલ કરતી હોય તેવું એક ભાવભીનું અને લાગણીસભર દ્રશ્ય ઉપસી આવ્યું હતું. અમેઠી જિલ્લા હેઠળ, પર્વતપુર, કમલાપુર, ભવાનશાહપુર, અજબગઢ, બહાદુરપુર, મછરિયા, મદુપુર ગ્રામ પંચાયતોમાં સ્થિત જગદીશપુર વિધાનસભા મતવિસ્તારમાં લોક દરબારનું આયોજન કરીને લોકોની સમસ્યાઓ સાંભળી હતી.

### સેલ્ફીઃ



■ કેન્દ્રીય વિદેશ મંત્રી એસ જયશંકર અને કોંગ્રેસના એમપી શશી થરૂર આમ તો અલગ-અલગ રાજકીય પક્ષના છે. પરંતુ એક કાર્યક્રમમાં તેઓ બન્ને ભેગા થયા ત્યારે એક બીજાના વખાણ કર્યા અને મિત્ર હોય તેમ સાથે મળીને સેલ્ફી તસ્વીર પણ લીધી હતી. શશી થરૂરે ખાલિસ્તાન મામલે કરેલી ટ્વીટના મામલે વિદેશ મંત્રીએ તેમને સલાહ આપી હતી કે, તેમના પ્રત્યે સહાનુંભુતિ દર્શાવવાની જરૂર નથી.

### મકાન ઉપર વિમાનઃ



■ ના કોઈ વિમાને કોઈના ઘર પર કે મકાન પર ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હોય તેવું નથી. આ તસ્વીર ઉત્તર પ્રદેશના લખનૌ શહેરની છે જ્યાં એક કોઠી એટલે કે ઈમારત એરપ્લેન કોઠી તરીકે ઓળખાય છે. આ કોઠીમાં રહેનાર મકાન માલિકનું વિમાન એટલું ગમે છે કે તેમણે મકાનના ધાબે વિમાનની પ્રતિકૃતિ બનાવીને મુકી છે. દૂરથી જોતા કોઈને એમ લાગે કે, આ મકાનની ઉપર કોઈ વિમાન ઉતર્યું છે. પરંતુ વાસ્તવમા તેવું નથી. પંજાબમાં પણ મકાનના છતની ઉપર અલગ-અલગ મોડેલ મુકવાની એક પ્રથા જોવા મળે છે.

# સ્થાનિક સંસ્થાઓમાં OBC અનામત માટે વિધેયક લવાશે

■ OBCમાટે અનામત બેઠકોના હોવાથી૧૪,૬૫૫ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ અટકી પડી છે

ગુજરાત | વંદન

રાજ્યમાં આગામી નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૨૩માં અર્થાત દિવાળીના તહેવારો બાદ રાજ્યની કુલ ૧૪,૬૫૫ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાય એવી શક્યતા છે. આ માટે રાજ્યની ૫૦ ટકાથી વધુ વસતિ ધરાવતા OBC માટેની અનામત બેઠકો નક્કી કરવાની દિશામાં આગળ વધી રહેલી રાજ્ય સરકાર સપ્ટેમ્બર-૨૦૨૩માં યોજાનારા રાજ્ય વિધાનસભાના પાંચ દિવસીય ચોમાસું સત્રમાં એક વિધેયક લાવીને તેને ઝડપભેર કાયદાનું સ્વરુપ મળે, તે રીતે કાર્યવાહી કરશે.

આ અગાઉ રાજ્ય સરકારે, OBCની અનામત બેઠકો નક્કી કરવા માટે ઝવેરી પંચને કામગીરી સોંપી હતી. જેનો આખરી રિપોર્ટ રાજ્ય સરકારને સુપરત કરી દેવાયો છે. તેમાં કઈ ભલામણો કરાઈ છે? તેની કોઈ જાહેરાત હજુ સુધી તો સરકારે કરી નથી, પરંતુ પંચાયત રાજ્યમંત્રીની ઉપસ્થિતિ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મંગળવારે મહત્ત્વની બેઠકમાં ઝવેરી પંચના અહેવાલ મુજબની ભલામણો તથા OBCની સંભવિત બેઠકો બાબતે વિગતે ચર્ચા કરાઈ હતી.

જોકે, આ બાબતે કોઈ નિર્ણય લેવાયો ન હતો. આ મુદ્દે ચર્ચા કરીને નિર્ણય લેવાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. રાજ્યમાં નવી આકાર પામેલી ગ્રામ પંચાયતો સહિતની કુલ ૧૪,૬૫૫ ગ્રામ પંચાયતો, ૧૫૮ નગરપાલિકા, ૩૩ જિલ્લા પંચાયતો, ૨૧૮ તાલુકા પંચાયતો અને ૮ મહાનગરપાલિકામાં OBCની અનામત બેઠકો કેટલી રહેશે ?

# અંબાજી અને સોમનાથ મંદિરે સરકારી બેન્કોમાં જમા કરાવ્યું 200 કિલો સોનું!

■ મંદિરો હાલના બજાર ભાવે તેમનું સોનું પાછું લઈ શકે છે

ગુજરાત | વંદન



ગોલ્ડના સુરક્ષિત રોકાણ સાથે લાભ માટે કેન્દ્ર સરકારે ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ (જીએમએસ) શરુ કરી રાખેલી છે. આ યોજના હેઠળ કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા, એજન્સી, પેઢી પોતાની પાસે રહેલું સોનું સરકારને થાપણ તરીકે સાચવવા આપે છે અને બદલામાં માલની સુરક્ષા સાથે વ્યાજ પણ મળે છે. તેમ છતાં લોકોએ આ યોજનામાં જેટલી જોઈએ તેટલી રુચિ દેખાડી નથી પરંતુ ગુજરાતના મંદિરો આગળ આવ્યાં છે અને તેઓ પોતાની સામે રહેલું જથ્થાબંધ સોનું સરકાર પાસે ફિક્સમાં મૂકી રહ્યાં છે.

એક અંદાજ અનુસાર, ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ હેઠળ ગુજરાતના મંદિરોએ 200 કિલો સોનું સરકારી બેન્કોમાં જમા કરાવ્યું છે, જેને મૌદ્રીકરણ કહેવાય છે. અમદાવાદ IIM દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસ અનુસાર, ભારતીય લોકોએ વધારાનું ફક્ત 0.22 ટકા વધારાનું સોનું સરકારી બેન્કોમાં જમા કરાવ્યું છે. બે મોટા મંદિરો અંબાજી મંદિર અને સોમનાથ મંદિરે દાન પેટે તેમને મળેલું લગભગ 200 કિલો સોનું સરકારી બેન્કોમાં જમા કરાવ્યું છે. આ બન્ને મંદિર માટે તો બન્ને હાથમાં લાડું છે કારણ કે તેમનું સોનું સહી-સલામત બની ગયું અને જ્યારે જોઈએ ત્યારે લઈ પણ શકે અને તે પણ વ્યાજ સાથે. મંદિરો હાલના બજાર ભાવે તેમનું સોનું પાછું લઈ શકે છે.

ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ હેઠળ ગુજરાતના મંદિરોએ 200 કિલો સોનું સરકારી બેન્કોમાં જમા કરાવ્યું છે, જેને મૌદ્રીકરણ કહેવાય છે. અમદાવાદ IIM દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસ અનુસાર, ભારતીય લોકોએ વધારાનું ફક્ત 0.22 ટકા વધારાનું સોનું સરકારી બેન્કોમાં જમા કરાવ્યું છે. બે મોટા મંદિરો અંબાજી મંદિર અને સોમનાથ મંદિરે દાન પેટે તેમને મળેલું લગભગ 200 કિલો સોનું સરકારી બેન્કોમાં જમા કરાવ્યું છે. આ બન્ને મંદિર માટે તો બન્ને હાથમાં લાડું છે કારણ કે તેમનું સોનું સહી-સલામત બની ગયું અને જ્યારે જોઈએ ત્યારે લઈ પણ શકે અને તે પણ વ્યાજ સાથે. મંદિરો હાલના બજાર ભાવે તેમનું સોનું પાછું લઈ શકે છે.

# સાહિત્ય એવી સંજીવની છે જે આપણા જીવનને ઊર્જા-ચેતનાથી ભરી દે છેઃ મુખ્યમંત્રી

■ સાહિત્ય ગૌરવ પુરસ્કારોથી ૯ સાહિત્ય સર્જકોનું સન્માન કરાયું



ગુજરાત | વંદન

સાહિત્ય એવી સંજીવની છે જે જીવનમાં ઊર્જા-ચેતના ભરી દે છે શ્રેષ્ઠ ગુજરાતી કૃતિઓનો હિન્દી-અંગ્રેજીમાં અને અન્ય ભાષામાંથી ગુજરાતીમાં અનુવાદ કરીને એક ભારત-શ્રેષ્ઠ ભારતની વડાપ્રધાનશ્રીની કલ્પના સાહિત્યના માધ્યમથી સાકાર કરીએ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ષ ૨૦૨૧-૨૨ના સાહિત્ય ગૌરવ પુરસ્કારોથી ૯ સાહિત્ય સર્જકોનું સન્માન કરતાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે સાહિત્ય, સંસ્કૃતિ, કલા-કારીગરીના આપણા ભવ્ય વારસા અને વિરાસતને વિશ્વખ્યાતિ અપાવવામાં સાહિત્યસર્જકોનું ઉલ્લેખનીય પ્રદાન છે.

મુખ્યમંત્રીએ ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૧-૨૨ ના પુરસ્કારો લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો અને યુવા સાહિત્યકારોને અર્પણ કર્યા હતા. આ પુરસ્કારો અંતર્ગત હિન્દી, કચ્છી અને ગુજરાતી ભાષામાં સાહિત્ય સર્જન માટેના પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દેશના અમૃતકાળમાં આપેલા પાંચ સંકલ્પમાંનો એક સંકલ્પ આપણી વિરાસત પર ગૌરવ કરવાનો છે. આ સંકલ્પ સાહિત્ય, સંસ્કૃતિ, કલાને રાજ્ય પુરસ્કૃત કરીને ગુજરાતમાં આપણે પાર પાડ્યો છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, સાહિત્ય એવી સંજીવની છે જે આપણા જીવનને ઊર્જા-ચેતનાથી ભરી દે છે. આજના બદલાતા સમયમાં યુવા પેઢીના નવતર-નૂતન વિચારોને ઝિલીને એને પ્રતિબિંબિત કરવાનું મહત્વનું કામ ગુજરાત સાહિત્ય અકાદમી કરે છે તે અભિનંદનીય છે એમ તેમણે ઉમેર્યુ હતું.

# રાજ્યની 8 મનપા, 12 નગરપાલિકા માટે કરોડોના વિકાસકાર્યોને મંજૂરી

■ નાગરિકોનું ઈઝ ઓફ લીવીંગ વધારવા પ્રાથમિક જરૂરિયાતના 674 કરોડના કુલ 594 કામોને મંજૂરી

ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મહાનગરો અને નગરોના આઉટગ્રોથ વિસ્તારમાં વસતા નાગરિકોનું ઈઝ ઓફ લીવીંગ વધારવાની નેમ સાથે અત્યાર સુધીમાં પ્રાથમિક જરૂરિયાતના 594 કામો માટે કુલ 674 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આ વિકાસ કામો અંતર્ગત આઉટગ્રોથ વિસ્તારોમાં રોડ-રસ્તા, પાણી, સ્ટ્રીટ લાઈટ અને ડ્રેનેજ સુવિધાના કામો સહિતના કામો હાથ ધરવામાં આવે છે.

મુખ્યમંત્રીએ અમદાવાદમાં-93, વડોદરામાં-80, સુરતમાં-134, રાજકોટમાં-14, ભાવનગરમાં-52, જામનગરમાં-2, જૂનાગઢમાં-9 અને ગાંધીનગરમાં-3 એમ 8 મહાનગરોના આઉટગ્રોથ વિસ્તારોમાં કુલ 387 કામો માટે 629 કરોડ રૂપિયા અત્યાર સુધીમાં મંજૂર કરેલા છે. આ કામો અન્વયે રાજકોટ મહાનગરપાલિકાને આઉટગ્રોથ વિસ્તાર વિકાસના 3 કામો માટે 24.32 કરોડ રૂપિયાના કામો માટે તાજેતરમાં જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ વિકાસ કામોમાં રાજકોટ મહાનગરના વોર્ડ નં. 1 માં તથા વોર્ડ નં. 11 માં નવા ભળેલા મોટા મૌવા વિસ્તારમાં ડી.આઇ. પાઈપલાઈનના નેટવર્કના કામોનો સમાવેશ થાય છે.

રાજકોટ મહાનગરપાલિકાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ મારફતે રજૂ કરેલી આ અંગેની દરખાસ્તને તેમણે સૈદ્ધાંતિક અનૂમતિ આપી છે. મુખ્યમંત્રીએ 8 મહાનગરો સાથે 12 જેટલી નગરપાલિકાઓમાં પણ આઉટગ્રોથ વિસ્તારના કુલ 207 વિકાસ કામો માટે અત્યાર સુધીમાં એટલે કે પાછલા બે વર્ષમાં કુલ 44.56 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

# શિક્ષક Retired થઇ શકે પરંતુ Tired નહીંઃ ઋષિકેશ પટેલ

■ રાષ્ટ્રીય કક્ષાએ શ્રેષ્ઠ ટીચર ટ્રેઈનીને 'ચાણક્ય' એવૉર્ડ, નિવૃત્ત પ્રાધ્યાપકોને "સર" એવોર્ડથી સમ્માનિત કરાયા

ગુજરાત | વંદન

રાજ્યના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણમંત્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને આજે ગાંધીનગર ખાતે ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન-IITEનો 13મો સ્થાપના દિવસ ઉજવાયો હતો. આ પ્રસંગે મંત્રી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વર્ષ 2049 સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્રની હરોળમાં સામેલ થવા સંકલ્પબદ્ધ છે. વિકાસશીલ દેશમાંથી વિકસિત રાષ્ટ્રના નિર્માણ માટે ચાણક્ય જેવા શિક્ષકોની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહેશે. IITE અને ચિલ્ડ્રન યુનિવર્સિટી જેવી સંસ્થાઓ તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીનું શ્રેષ્ઠ પરિણામ છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, શિક્ષક Retired થઈ શકે, પરંતુ Tired નહીં. આજના યુગમાં પરિસ્થિતિઓ બદલાઈ રહી છે. આવી સ્થિતિમાં ભાવિ શિક્ષકોએ ભારતના સમૃદ્ધ જ્ઞાન વારસાને આગળ ધપાવી વિશ્વગુરુ બનાવવાની વિશેષ જવાબદારી છે. નવી પેઢીને વિશ્વ સમક્ષ કદમ મિલાવી શકે તે માટે નવી શિક્ષણ નીતિ અગત્યનો ભાગ ભજવશે.

# ભરૂચ ખાતે જનસંપર્ક અભિયાનમાં પ્રદેશ મહામંત્રી અને રાજ્ય શિક્ષણ મંત્રીની રહી પ્રેરક ઉપસ્થિતિ

ગુજરાત | વંદન

રાજ્યભરમાં ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ભારત સરકારના શાસનમાં પ્રજા માટે કરેલ સેવાકીય કાર્યો ને જોતા "સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૯ વર્ષ" મુજબ દેશભરમાં તેમના કરેલ કાર્યોને લોકો સુધી પહોંચાડવાના ભગીરથ કાર્યનો આરંભ દેશભરમાં થઇ ચુક્યો છે ત્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેન્દ્રીય નેતૃત્વમાં ભાજપ સરકારના ૯ વર્ષ પૂર્ણ થવાના સંદર્ભે વિશેષ જનસંપર્ક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત ભરૂચ જીલ્લાના ઝાડેશ્વર ખાતે ગુજરાત બીજેપીના પ્રદેશ મહામંત્રી પ્રદીપસિંહ વાઘેલા અને રાજ્ય શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની ઉપસ્થિતિમાં ભરૂચ લોકસભાની વિશાળ " જનસભા " નું આયોજન કરવામાં આવ્યું હતું આ આયોજિત ભરૂચ લોકસભાની વિશાળ " જનસભા " માં મોદી સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને ઐતિહાસિક નિર્ણયોથી ઉપસ્થિત લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## ગુજરાતમાં ત્રણ બેઠકો માટે યોજાશે રાજ્યસભા ચૂંટણી

# વિદેશમંત્રી જયશંકરનું રિપિટ થવું નિશ્ચિત, બાકી બે બેઠક પર સસ્પેન્સ

ગુજરાત | વંદન



ભારતના ચૂંટણી પંચે મંગળવારે જાહેરાત કરી હતી કે, ગોવા, ગુજરાત અને પશ્ચિમ બંગાળમાં રાજ્યસભાની 10 બેઠકો માટે 24 જુલાઈએ ચૂંટણી યોજાશે. સાંસદોનો કાર્યકાળ પૂરો થવાને કારણે જે બેઠકો ખાલી પડી છે, તેમાં ગુજરાતના વિદેશ મંત્રી એસ જયશંકરની બેઠકનો પણ સમાવેશ થાય છે.

જયશંકર, દિનેશચંદ્ર જેમલભાઈ અનાવડિયા અને લોખંડવાલા જુગલસિંહ માથુરજી ગુજરાતના ભાજપના ત્રણ સાંસદો છે, જેમનો કાર્યકાળ 18 ઓગસ્ટે સમાપ્ત થાય છે. રાજ્યસભા માટે વિદેશ મંત્રી એસ જયશંકર ફરી રિપિટ થશે તે લગભગ ફાઈનલ છે. જોકે દિનેશચંદ્ર અનાવડિયા અને જુગલસિંહ ઠાકોરને લઈને સસ્પેન્સ છે. આગામી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ જાતિગત સમીકરણ પ્રમાણે ઉમેદવારોને ટિકિટ આપે તેવી શક્યતા છે.

**રાજ્યસભા ચૂંટણી શિડ્યુલ**

ચૂંટણી માટેનું જાહેરનામું 6 જુલાઈએ બહાર પાડવામાં આવશે, નામાંકન માટેની છેલ્લી તારીખ 13 જુલાઈ અને ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ 17 જુલાઈ રહેશે. 24 જુલાઈના રોજ મતદાન અને મતગણતરી થશે.

# નિર્માણ પામે તે પહેલા વિધ્વંસ...





સરકાર સામે એક તરફ હલ્કી ગુણવત્તાના પુલો બન્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે તો બીજી તરફ ગાંધીનગરમાં તદન નવી બની રહેલી એક સરકારી ઈમારતને અધવચ્ચેથી જ તોડી નાખવામાં આવતા રહસ્યના વમળો સર્જાયા છે. આ સરકારી કચેરી તોડી પાડવાના નિર્ણય બાદ તંત્ર સામે અનેક પ્રકારના સવાલો ઉભા થયા છે. જો કે એક વર્ષ પહેલાં આ મકાનના બાંધકામ માટે વર્ક ઓડર ઈશ્યુ કરવામાં આવ્યો હતો. પરંતુ જતા સમયે પ્રાંત કચેરીની નક્કી કરેલ ડિઝાઈનમાં ફેરફાર કરી દેવામાં આવતા, બાંધકામ કરેલી કચેરી તોડવાનો આદેશ કરવામાં આવ્યો હોવાની વાત સામે આવી હતી. તો બીજી બાજું એવું ચર્ચાઈ રહ્યું છે કે મકાનનું બાંધકામ નબળું હોવાના કારણે કચેરીનો ભાગ તોડવામાં આવી રહ્યો છે. પરંતુ આ બાંધકામ તોડવા પાછળનું મુખ્ય કારણ શું છે તે હજુ સુધી સામે નથી આવી.

આરોપિત લોકો અમેરિકાના નાગરિકોને ઠગવા માટે એક કોલ સેન્ટર ચલાવતા હતા

# અમેરિકામાં કેટલાંક ગુજરાતીઓએ ‘જામતારા’ જેવું કાંડ કર્યું, અંતે પકડાઈ ગયા

## હિંમત તો જુઓ, સીધા ટાર્ગેટના ઘરે જ માણસો મોકલીને ડોલર પડાવતા હતા



ગુજરાત | વંદન

ભારતમાં ઝારખંડમાં આવેલું જામતારા ટાઉન ઓનલાઈન ઠગાઈના ફોન કરવા માટે બદનામ થયું છે. સામાન્ય બોલચાલની ભાષામાં જામતારા જેવું થઈ ગયું એમ બોલાય છે. અમેરિકામાં પણ કેટલાંક ગુજરાતીઓએ જામતારા જેવું કર્યું અને ઓનલાઈન ફોન કરીને ડોલર પડાવવાનું કાળો ધંધો કરતા હતા.

જૂન મહિનાની શરૂઆતમાં અમેરિકાના ઓકાલા પોલીસ ડિપાર્ટમેન્ટ દ્વારા પાર્થ પટેલ નામના એક 33 વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી, તેની સાથે જયરામી કુરુગુંટલા નામનો 25 વર્ષનો બીજો એક શખસ પણ ઝડપાયો હતો. આ બંનેએ 69 વર્ષની એક અમેરિકન વૃદ્ધા પાસેથી 80 હજાર ડોલરની માતબર રકમ પડાવી હતી. પોલીસ સૂત્રોનું માનીએ તો પાર્થે સૌ પહેલા તો આ વૃદ્ધાને એક મેસેજ કરીને તેને એક ફોન નંબર પર કોલ કરવા જણાવ્યું હતું. વૃદ્ધાએ જ્યારે તે નંબર ફોન કર્યો ત્યારે પાર્થે જ તેના પર વાત કરી હતી, આ વૃદ્ધાને ડરાવવા માટે પાર્થે પોતાની ઓળખ પોલીસ અધિકારી તરીકે આપીને ટાર્ગેટને એવું કહ્યું હતું કે તેમના ફોન પર કેટલાક વાંધાજનક વિડીયો જોવામાં આવ્યા છે. પાર્થ પટેલે આ મહિલાને એવું કહીને ડરાવી હતી કે હવે આ કેસમાં તેની ધરપકડ કરવામાં આવશે, અને જો તેને પોતાનું નામ ક્લીયર કરાવવી હોય તો 80 હજાર ડોલર ચૂકવવા પડશે.

પહેલા ગુજરાત અને પછી દિલ્હીમાં બોગસ કોલ સેન્ટર્સ દ્વારા હજારો અમેરિકન્સના લાખો ડોલર ઠગ્યા બાદ હવે આવા ગઠિયાએ સ્થાનિક પોલીસથી બચવા પોતાનું બધું કામકાજ અમેરિકામાં શિફ્ટ કરી દીધું છે. હાલમાં જ અમેરિકાની સિક્યોરિટી એજન્સીઓ ઉપરાંત ભારતીય પોલીસે પણ આ કાંડમાં સંડોવાયેલા કેટલાક લોકોની ધરપકડ કરી છે, જેમની પૂછપરછ દરમિયાન કેટલાક ચોંકાવનારા ખુલાસા થયા છે. એક સમયે અમેરિકન્સને ફસાવીને તેમની પાસેથી પૈસા પડાવવા માટે આવી ગેંગ્સ કેશ વાઉચરનો ઉપયોગ કરતા હતા. જોકે, હવે તે એટલા બેફામ બની ગયા છે કે તેઓ કેશ વાઉચરની કોઈ મગજમારીમાં પડ્યા વિના ટાર્ગેટના ઘરે જ પોતાના માણસો મોકલીને તેમની પાસેથી ડોલર પડાવી લે છે.

આવા જ એક કૌભાંડમાં અમેરિકાની પોલીસના હાથે ઝડપાયેલા જિલ પટેલ નામના સાઉથ કેરોલિનામાં રહેતા એક ગુજરાતી યુવકને ફેબ્રુઆરી 2023માં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. જિલ ભાવિન પટેલ નામના એક શખસ વતી આ કામ કરતો હતો, તો બીજી તરફ 17 જૂને દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે ઘોડાસરમાંથી વસ્તલ મહેતા નામના એક યુવકની અન્ય ત્રણ લોકો સાથે ધરપકડ કરી હતી, આ તમામ લોકો અમેરિકાના નાગરિકોને ઠગવા માટે એક કોલ સેન્ટર ચલાવતા હતા, અને તેમણે લગભગ 2 કરોડ ડોલર જેટલી મસમોટી રકમ લોકોને ડરાવી-ધમકાવીને પડાવી હતી. સૂત્રોનું માનીએ તો વત્સલ મહેતા યુગાન્ડા ઉપરાંત આપણા દેશના કેટલાક ભાગોમાંથી ઓપરેટ કરે છે, આ સિવાય તેણે અમેરિકામાં પણ માણસો રોકેલા છે. અમેરિકાની ટોચની ઈન્વેસ્ટિગેટિવ એજન્સી FBIએ આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા ત્રણ વર્ષ સુધી ઈન્ડિયામાં ધામા નાખ્યા હતા, અને તેના પરિણામે જ દિલ્હી પોલીસ સાથેના જોઈન્ટ ઓપરેશનમાં તે વત્સલ મહેતા સુધી પહોંચી શકી હતી.

અમદાવાદ મહાનગરપાલિકાના અધિકારીઓની સરાહનીય કામગીરી

# PM સ્વનિધિ હેઠળ લોન મંજૂર અને વિતરણમાં AMC દેશમાં સૌથી મોખરે



ગુજરાત | વંદન

પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ એટલે કે પીએમ સ્વનિધિ યોજના હેઠળ લોન મંજૂર અને ડિસ્બર્સમેન્ટ કરાવવામાં અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન હાલ સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંકે છે, એટલે કે PM સ્વનિધિ હેઠળ લોન મંજૂર કરવામાં અને વિતરણ કરવામાં AMC દેશમાં પ્રથમ સ્થાને રહ્યું છે. જ્યારે લખનૌ મ્યુનિ. કોર્પોરેશન બીજા ક્રમાંકે અને કાનપુર મ્યુનિ. કોર્પોરેશન ત્રીજા ક્રમાંકે છે.કોવિડ-૧૯ સંદર્ભના તબક્કાવાર લોકડાઉન બાદ શેરી ફેરિયાઓને કાર્યકારી મૂડી માટે લોન મળી રહે તે આશયથી કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ યોજના અમલમાં મુકાઈ છે.

અમદાવાદ મ્યુનિ. તંત્રના યુસીડી વિભાગ દ્વારા શેરી ફેરિયાઓ જેવા કે શાકભાજી, ફળ, ખાણીપીણી, ચાની લારીવાળા, પાથરણાંવાળાં, જીવન-જરૂરી અન્ય વસ્તુઓની ફેરી કરીને અથવા ફૂટપાથ-ખુલ્લી જગ્યામાં વેચાણ કરનારા તમામના ધંધા-રોજગારને માઠી અસર થઈ હતી. આ લોકોના ધંધા-રોજગારને પુનઃ બેઠો કરવા માટે પીએમ સ્વનિધિ યોજના જૂન-૨૦૨૦થી અમલમાં મુકાઈ છે. આ યોજના હેઠળ મ્યુનિ. તંત્ર દ્વારા વર્ષ ૨૦૨૦-૨૧થી ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં ફેરિયાઓને કોઈ પણ જામીનગીરી વગર રૂ. ૧૦ હજારની લોનસહાય બેન્ક મારફતે આપવામાં આવે છે, જે કાર્યકારી મૂડી ભંડોળ તરીકે શેરી ફેરિયાઓને મળે છે. પ્રથમ વખત નિયમિત લોન ભરપાઈ કરનારને બીજી ટર્મ માટે રૂ. ૨૦ હજાર, ત્રીજી ટર્મ માટે રૂ. ૫૦ હજારની લોન અપાય છે.

અત્યાર સુધીમાં કુલ ૧,૩૮,૬૫૩ શેરી ફેરિયાઓની અરજીને મ્યુનિ. યુસીડી ખાતાની વોર્ડ ઓફિસ ખાતેથી ઓનલાઈન ફોર્મ ભરી વિવિધ સરકારી, ખાનગી અને સહકારી બેન્કમાં સ્પોન્સર કરાઈ છે.તંત્ર દ્વારા ૮૭,૩૩૭ શેરી ફેરિયાઓને રૂ. ૧૦ હજારની પ્રથમ લોન પેટે કુલ રૂ. ૮૭.૩૩ કરોડ, પ્રથમ લોન ભરપાઈ કરનાર ૧૯,૬૯૯ શેરી ફેરિયાઓને રૂ. ૨૦ હજારની લોન પેટે કુલ રૂ. ૩૯.૪૦ કરોડ અને ૧,૪૦૪ શેરી ફેરિયાઓને રૂ. ૫૦ હજારની ત્રીજી લોન પેટે રૂ. ૩.૦૨ કરોડ મળી કુલ ૧,૦૮,૪૪૦ શેરી ફેરિયાઓને રૂ. ૧૩૩.૭૫ કરોડની લોન બેન્ક મારફતે મંજૂર કરાઈ છે.

# 2002 કોમી તોફાન કેસઃ તીસ્તા સેતલવાડને મોટો ઝટકો

### » HCનું તાત્કાલિક સરેન્ડર થવાનો આદેશ

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટે શનિવારે સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડની નિયમિત જામીન અરજી ફગાવી દઈને તેમને તાત્કાલિક સરેન્ડર થવાનો આદેશ આપ્યો છે.

તીસ્તા પર 2002ના ગોધરાકાંડ બાદના રમખાણો સાથે જોડાયેલા કેસોમાં પુરાવા સાથે છેડછાડ અને સાક્ષીઓને ટ્રેનિંગ આપવાનો આરોપ છે. સેતલવાડની જામીન અરજી પર જસ્ટિસ નિર્જલ દેસાઈએ ચુકાદો સંભળાવ્યા બાદ વરિષ્ઠ વકીલ મિહિર ઠાકોરે કોર્ટને આ ચુકાદાના અમલ પર 30 દિવસ માટે રોક લગાવવાની વિનંતી કરી હતી, પરંતુ જસ્ટિસ દેસાઈએ આ વિનંતી ફગાવી દીધી હતી.

તીસ્તા પર 2002ના રમખાણોના કેસમાં નકલી દસ્તાવેજો અને એફિડેવિટના આધારે ગુજરાતને બદનામ કરવાનો પણ આરોપ છે. હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટમાં અપીલ ન થાય ત્યાં સુધી આ નિર્ણય પર રોક લગાવવાની તિસ્તાના વકીલની માંગને પણ ફગાવી દીધી છે. સેતલવાડને સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર 2022માં આપેલા વચગાળાના જામીન પર સુપ્રીમ કોર્ટે અત્યાર સુધી ધરપકડથી રક્ષણ આપ્યું હતું, ત્યારબાદ તેમને આ કેસમાં જ્યુડિશિયલ કસ્ટડીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

અંબાલાલ પટેલે કરી આગાહી 18થી 20 નવમ્બર વચ્ચે આવી શકે ચક્રવાત, 19મી છે ફાઇનલ

# હવામાન નિષ્ણાંતની આગાહી સાચી પડે તો વર્લ્ડકપના ફાઈનલ વખતે ચક્રવાતની શક્યતા



ગુજરાત | વંદન

ક્રિકેટ ક્ષેત્રે મહત્વની મનાતી વર્લ્ડ કપની ફાઈનલ મેચ અમદાવાદમાં 19 નવેમ્બરના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમવામાં આવશે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલની આગાહી જો સાચી પડે તો 18થી 20 નવેમ્બરની વચ્ચે ચક્રવાત આવી શકે અને પરિણામે તેની અસર સમગ્ર મેચ પર થઈ શકે.

ભારતમાં સત્તાવાર રીતે ચોમાસાની એન્ટ્રી થઈ ગઈ છે અને આ સાથે જ છેલ્લા થોડા દિવસથી ગુજરાત સહિત અનેક જિલ્લાઓમાં વરસાદની ધોધમાર બેટિંગ ચાલી રહી છે. એવામાં હાલ જ હવામાન વિભાગ બાદ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે વરસાદને લઈને આગાહી કરી છે.

દરમ્યાનમાં ગુજરાતમાં વરસાદને લઈ હવામાન વિભાગે આગાહી કરી છે કે રાજ્યમાં 8 જુલાઈ સુધી વરસાદનું જોર રહેશે અને આગામી 5 દિવસ દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. તો હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, આ વર્ષે સાર્વત્રિક વરસાદ થશે. ઓગસ્ટ મહિનાના પહેલા સપ્તાહમાં પણ સારો વરસાદ થશે. સાથે જ આ વર્ષે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ થશે. 1 જુલાઈ સુધી અમદાવાદ અને વડોદરામાં વરસાદ થવાની સંભાવના છે.

અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, ખેડૂતોએ વરાપ કરીને વાવેતર કરવું હિતાવહક છે. અંબાલાલ પટેલે કહ્યું કે, 5 ઓક્ટોબરે દરિયાકિનારે ભારે પવન ફૂંકાશે. 17 ઓક્ટોબરે પણ દરિયામાં ભારે પવન રહેશે. સાથે જ 18થી 20 નવેમ્બરના ચક્રવાતની શકયતા છે.

અંબાલાલ પટેલની આ આગાહી સાંભળીને ક્રિકેટ રસિકો ઉપરાંત આયોજકો પણ કદાચ વૈકલ્પિક વ્યવસ્થાનું વિચારી શકે. ભારત વન ડે વર્લ્ડકપની યજમાની કરવા જઈ રહ્યું છે. આ ટુર્નામેન્ટ 5 ઓક્ટોબર 2023થી પ્રારંભ થશે જેમાં 10 ટીમો ભાગ લેવાની છે. વર્લ્ડ કપની ફાઈનલ મેચ 19 નવેમ્બરના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમવામાં આવશે. અંબાલાલ પટેલની આગાહી મુજબ 18થી 20 નવેમ્બરના ચક્રવાતની શકયતા છે.

# ગુજરાત યુનિવર્સિટીના નવા કુલપતિ તરીકે નીરજા ગુપ્તાની કરાઈ પસંદગી

### » કુલપતિ તરીકે પ્રથમવાર મહિલા કુલપતિની નિમણૂંક



ગુજરાત | વંદન

પ્રથમવાર ગુજરાત યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે પ્રથમવાર મહિલા કુલપતિની નિમણૂંક કરવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીમાં હિમાંશુ પંડ્યાની કુલપતિ તરીકે ટર્મ પૂરી થતા નવા કુલપતિની નિમણૂંક કરાઈ છે. નીરજા ગુપ્તાને યુનિવર્સિટીના કુલપતિ બનવવામાં આવ્યા છે.

યુનિવર્સિટીના કુલપતિના પદ માટે સર્ચ કમિટીએ એક જાહેરાત બહાર પાડી હતી તેમજ અરજી મંગાવી હતી. જેમાં ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ બનવા માટે 100થી વધુ ઈચ્છુક ઉમેદવારોએ અરજી કરી હતી અને જેમાં 60 જેટલી યોગ્ય ઠેરી હતી. જે બાદ સ્ક્રુટી કરવામાં આવી હતી અને જે બાદ નીરજા ગુપ્તાના નામ પર અંતિમ મ્હોર લાગી છે. નોંધનીય છે કે, યુનિવર્સિટીની સ્થાપના થયાને 73 વર્ષ જેટલો સમય થયો છે જે બાદ પ્રથમવાર યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે પ્રથમવાર મહિલા કુલપતિ નીમાયા છે.

હાલમાં 8 મનપા છે વધુ 5નો ઉમેરો થયા કુલ 13 થશે

# રાજ્યમાં વધુ પાંચ મહાનગર પાલિકાઓ આકાર લેશે



ગુજરાત | વંદન

ગુજરાતના વધુ પાંચ શહેરને મળશે મ્યુનિસિપલ કોર્પોરેશન મળવા જઈ રહી છે. ગયા બુધવારે મળેલી કેબિનેટની બેઠકમાં રાજ્ય સરકારે લીલી ઝંડી આપી છે. નવસારી, ગાંધીધામ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબી નગરપાલિકા અપગ્રેડ થઈને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવાઈ જશે.

નવી પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશન કાર્યરત થતાની સાથે જ ગુજરાતમાં કુલ મ્યુનિસિપલ કોર્પોરેશનની સંખ્યા 13 થશે. છેલ્લે 2010માં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કાર્યરત થઈ હતી. હવે 13 વર્ષ બાદ નવી પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉમેરો થશે.

બુધવારે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી. જેમાં જુદા જુદા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે આ બેઠકમાં ગુજરાતમાં અન્ય મોટા શહેરોમાં મ્યુનિસિપલ કોર્પોરેશન આપવાને ગુજરાત સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી છે.

કેબિનેટની બેઠકમાં નવસારી, ગાંધીધામ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબી નગરપાલિકાને અપગ્રેડ કરીને તેને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પાંચ શહેરોને મ્યુનિસિપલ કોર્પોરેશન મળતા અનેક ફાયદા મળી શકે છે. ગુજરાતમાં હાલ ગાંધીનગર, અમદાવાદ, ભાવનગર, જામનગર,વડોદરા, સુરત, રાજકોટ અને જૂનાગઢ એમ કુલ 8 મ્યુનિસિપલ કોર્પોરેશન છે. ત્યારે હવે નવી પાંચ નવસારી, ગાંધીધામ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબી નગરપાલિકા ઉમેરાશે. એટલે ગુજરાતમાં કુલ મ્યુનિસિપલ કોર્પોરેશનની સંખ્યા 13 થશે.

# AMAનાં ઝેન-કાઈઝેનની બીજી વર્ષગાંઠની ઉજવણી

### » “ઇન્ડો-જાપાન ફોટો-ફેસ્ટ 2023નું આયોજન કરવામાં આવ્યું



ગુજરાત | વંદન

એએમએનાં ઝેન-કાઈઝેનનું ઉદ્ઘાટન ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૨૭મી જૂન, ૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું હતું જે ભારત અને જાપાન તથા હ્યોગો પ્રીફેક્ચર અને ગુજરાત વચ્ચેની મિત્રતાનું પ્રતીક છે. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) અને ઈન્ડો-જાપાન ફ્રેન્ડશિપ એસોસિએશન (IJFA), ગુજરાત દ્વારા એએમએ ઝેન-કાઈઝેનની બીજી વર્ષગાંઠ નિમિત્તે કેનન ઈન્ડિયા પ્રા.લિ.ના સહયોગથી “ઈન્ડો-જાપાન ફોટો-ફેસ્ટ ૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈન્ડો-જાપાન ફોટો-ફેસ્ટ એ ફોટોગ્રાફી આર્ટના પ્રસાર દ્વારા જાપાન-ભારત મિત્રતાના હેતુને સમર્થન આપવા માટેની એક અનન્ય અને કલ્પનાશીલ પહેલ છે.

આ પ્રસંગે નામાંકિત મુખ્ય મહેમાનો શ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી, ગુજરાત; મનાબુ યામાઝાકી, પ્રમુખ અને સીઈઓ, કેનન ઈન્ડિયા; અને અમદાવાદના ભૂતપૂર્વ મેયર બીજલ પટેલ એએમએ ખાતે ઝેન-કાઈઝેનની બીજી વર્ષગાંઠની ઉજવણીમાં જોડાયા હતા અને ઝેન ગાર્ડન અને કાઈઝેન એકેડેમીની મુલાકાત લીધી હતી.

ICC વર્લ્ડકપમાં ભારત-પાકિસ્તાન મેચના કારણે

# અમદાવાદમાં 15 ઓક્ટોબર માટે હોટલના ભાવ આસમાને પહોંચ્યા !

### » 14-15 ઓક્ટોબર માટે ભાડું વધારીને 40,000થી 2 લાખ રૂપિયા કરી દેવામાં આવ્યું



ગુજરાત | વંદન

ભારતમાં રમાનાર વન ડે વર્લ્ડ કપ શેડ્યૂલની જાહેરાત થઈ ગઈ છે. 5 ઓક્ટોબરથી વર્લ્ડ કપની શરૂઆત થશે અને ફાઈનલ મેચ અમદાવાદમાં રમવામાં આવશે. આ ટુર્નામેન્ટ 46 દિવસ સુધી ચાલશે અને 10 જગ્યાએ કુલ 48 મેચ રમાશે. ટુર્નામેન્ટની પહેલી મેચ ઈંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમવામાં આવશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ 15 ઓક્ટોબરના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં રમાશે. ત્યારે ભારત-પાકિસ્તાનની મેચને લઈને અમદાવાદ શહેરમાં હોટલના ભાડામાં 167 ટકાનો ઉછાળો નોંધાયો છે. ફક્ત એટલું જ નહીં કેટલીક હોટલો તો અત્યારથી જ હાઉસ ફુલ થઈ ગઈ છે. મેચનું શેડ્યૂલ જાહેર થતાની સાથે જ શહેરની કેટલીક ફાઈવસ્ટાર હોટલ દ્વારા ઓફિશિયલ સાઈટ પર બુકિંગ પણ બ્લેક કરી દેવાયા છે. શહેરની ખ્યાતનામ હોટલો જેમ કે હયાત, મેરિયોટ, તાજ સ્કાઈલાઈન, કામા હોટલ, લેમન ટ્રી, આઈટીસી નર્મદા, પ્રાઈડ પ્લાઝા, રેડીસન બ્લૂ જેવી હોટલના ભાડામાં ધરખમ થયો છે. સામાન્ય રીતે એક લક્ઝરી હોટલમાં એક દિવસનું ભાડું પાંચથી આઠ હજાર રૂપિયા હોતું હોય છે જે 14-15 ઓક્ટોબર માટે વધારીને 40,000થી 2 લાખ રૂપિયા કરી દેવામાં આવ્યું છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**મેરા બૂથ સબસે મજબૂતઃ** લોકસભાની ચૂંટણી નજીકમાં હોઈ રાજકીય પક્ષો દ્વારા બેઠકોનો દોર શરૂ થયો છે, ભાજપ દ્વારા આ વખતે મેરા બૂથ સબસે મજબૂત એવો વિજય મંત્રી અપાયો છે. આવી એક બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં...



**ગૌરમાનો વર કેસરિયોઃ** વર્ષાઋતુ એટલે અનેક ધાર્મિક ત્યોહારોનો મહિનો ગણાંય છે. અષાડ મહિનામાં જ નાની બાલિકાઓ માટેનો ત્યોહાર ગૌરીવ્રત આવી પહોંચ્યો છે, તસ્વીરમા એક માતા પોતાની દિકરીને તૈયાર ગૌરાઓ ખરીદી કરી તે પ્રસંગની તસવીર.



**ભયજનકઃ** રથયાત્રા વખતે દરિયાપુરમાં છત તૂટી પડતા અનેક ઘાયલ થયા હતા તેમાંથી ધડો લઈને કોર્પોરેશનવાળાઓ હવે જ્યાં-જ્યાં ભયજનક મકાન લાગે ત્યાં-ત્યાં કાર્યવાહી કરી રહ્યા છે. કાલુપુર સ્વામિનારાયણ મંદિર નજીક આવુજ એક મકાન ઉતારવામા આવ્યુ તે પ્રસંગની તસવીર.



**રોડ નહી વોટર-વેઃ** શહેરમાં ગુરુવારે અમુક વિસ્તારમાં ધોધમાર વરસાદ પડ્યો નરોડા રોડ અમદુપુરા નજીક વોરાના રોજા ખાતે જાહેર રોડ પર વરસાદી પાણીનો એટલો ભરાવો થયો કે રોડ પાણીની અંદર અને આખો રસ્તો જાણે કે જળ માર્ગ (વોટર-વે) બની ગયો હતો.

અમદાવાદ મેટ્રોમાં ગરબાની જામી રમઝટ...

**અન્ય મુસાફરો પણ જોડાઈ તાલીનો તાલ આપતા નજરે ચડ્યા**

# બે ચાર ગુજરાતી મહિલાઓ એવરેસ્ટ પહોંચે તો ત્યાં પણ કરે ગરબા...!





ગુજરાત | વંદન

કોઈ બેચાર ગુજરાતી મહિલાઓ એવરેસ્ટ પર્વત પર પહોંચે તો ત્યાં પણ એકાધ ગરબો તો રમી જ લે કેમકે, જ્યાં જયાં ગુજરાતી ત્યાં ત્યાં ગરબો ગરબી. આ નવી કહેવત અનુસાર અમદાવાદમાં મેટ્રો ટ્રેનમાં ગરબાનો એક વીડિયો વાયરલ થયો છે. તમે મેટ્રોમાં પોપ સોંગ, ડાન્સ વગેરે કરતાં લોકોનો વીડિયો તમે જોતાં હશો પરંતુ અહી અમદાવાદ મેટ્રોનો અલગ વીડિયો વાયરલ થયો છે. જેમાં કેટલીક મહિલાઓ ગુજરાતી ગરબા અને ભજન ગાઈ રહી છે.

અમદાવાદના લોકો કઈ પણ કરી શકે એ વાત ખોટી નથી. કારણ કે હાલમાં જે વીડિયો વાયરલ થયો છે. જેમાં મહિલાઓ મેટ્રો ટ્રેનમાં બેસી ભજન કીર્તન સાથે ગરબા કરી રહી છે. મહત્વની વાત છે કે મેટ્રોમાં આ મહિલા મંડળ ઢોલ અને ખંજરી સાથે ગરબા ગાઈ રહી છે. તેની સાથે અન્ય મુસાફરો પણ જોડાઈ તાલીનો તાલ આપતા નજરે ચડ્યા છે. મોહન મોરલી વગાડેના ગીત સાથે મહિલા ગરબા કરી રહી છે.

આ વીડિયો metro_city_ahemdabad નામના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ માથી પોસ્ટ કરવામાં આવી છે. જેમાં નીચે લખવામાં આવ્યું છે કે ‘અમદાવાદી ઓ કાઈ પણ કરી સકો હો જોવો આ ચાલુ મેટ્રો માં ગરબાની ધૂમ મચાઈ

મહત્વની વાત એ છે કે આ મહિલાઓનું ગાયેલું ગીત લોકોને એટલું બધુ પસંદ આવ્યું કે ટ્રેનમાં મુસાફરી કરનારા લોકોએ પણ સૂરમાં સૂર મિલાવ્યો. મુસાફરી કરતાં લોકોને પણ આ મંડળી મનોરંજન પૂરું પાડ્યું હતું.

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

# પીઓકેના નાગરિકો, ભારતમાં તમારૂ સુસ્વાગત છે, આવો સાથે મળીને નયા ભારત બનાવીએ...!

ભારતીય સેનાએ 2019માં પુલવામા બાદ સર્જીકલ સ્ટ્રાઈક કરીને આપણાં શહીદ સૈનિકોનો બદલો લીધો હતો. ત્યારબાદ બાલાકોટ એર સ્ટ્રાઈક અને હવે પાકિસ્તાન ઓક્યુપાઈ કાશ્મિર(પીઓકે)માં 15 આતંકીઓનો સફાયો કરીને દુશ્મનોના દાંત ખાટા કરી નાંખ્યા છે. ભારતીય સેનાએ એ સાહસ કરી બતાવ્યું છે કે જેની નોંધ દેશે લેવી પડે. કેમ કે પીઓકે પાકિસ્તાનના નિયંત્રણમાં છે.



1947માં જ્યારે દેશ આધાજ થયો તે પહેલાં ભારતના તમામ રાજાઓ ભારતની સાથે જોડાઇ ગયા હતા પણ કાશ્મિરના મહારાજાએ જલ્દી નિર્ણય ન કર્યો અને પાકિસ્તાને તેનો લાભ લઇને કાશ્મિર હુમલો કરી નાંખ્યો હતો. મહારાજા ભારતમાં જોડાવા તૈયાર થયા ત્યાં સુધીમાં પાકિસ્તાને અડધુ કાશ્મિર કબ્જે કરી લીધુ હતુ અને હાલનપં આપણુ અડધુ કાશ્મિર ભારતની સેનાએ બચાવ્યું હતું. ભારતે પાકિસ્તાન પાસેથી અડધુ કાશ્મિર પરકત માંગ્યું ત્યારથી સમગ્ર મામલો યુનાઈટેડ નેશન્સ(યુનો)માં પડતર છે. યુનોના વિદ્વાનો હજુ એ નક્કી કરી શક્યા નથી કે પાકિસ્તાને દગો કરીને ભારતનું અડધુ કાશ્મિર પચાવી પાડ્યું છે.

વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014થી પાકિસ્તાનને કહી દીધુ હતું કે પીઓકે કાશ્મિર અમારૂ છે અને અમને પરત આપવુ જ પડશે. યાદ રહે કે આ અગાઉના કોઈ વડાપ્રધાને પાકિસ્તાનને એમ કહ્યું નહોતુ કે પીઓકે અમારૂ છે. તેઓ યુનોમાં મામલો છે એમ કહીને બેસી રહ્યાં પણ મોદીએ યુનો કી ઐસી કી તૈસી કરીને બારોબાર મામલો હાથમાં લીધો છે. તાજેતરમાં જ સંરક્ષણમંત્રી રાજનાથસિંહે પણ કાશ્મિરની મુલાકાતમાં જાહેર કર્યું કે હવે એ દિવસ દૂર નથી કે જ્યારે પીઓકે કાશ્મિર ભારતની સાથે ભળી જશે. અમારે કંઇ જ કરવાનુ નથી કેમ કે પીઓકેમાં રહેતા લોકો પાકિસ્તાનના અત્યાચારોથી ત્રાસીને અમારે હિન્દુસ્તાન સાથે રહેવુ છે એવી માંગણી કરી રહ્યાં છે, આંદોલન કરી રહ્યાં છે.

રાજનાથસિંહના નિવેદન બાદ ભારતીય સેનાએ પીઓકેમાં ગુપચુપ ઓપરેશન પાર પાડીને પાકિસ્તાનને તો આંચકો આપ્યો જ છે સાથે સાથે પોતાની કાબેલિયત ફરી એકવાર પૂરવાર કરી છે. ભારતીય સેનાની નજર પીઓકેમાંથી આવતા આતંકીઓ પર છે. પીઓકે અને ભારતના કાશ્મિરની વચ્ચે પહાડી વિસ્તાર છે તેથી ત્યાંથી વધારે ઘૂસણખોરી થાય છે. પીઓકેના આતંકીઓને ભારતના કાશ્મિરમાં રહેતા કેટલાક દેશવિરોધી તત્વો મદદ કરે છે. તેમને આશરો આપે છે અને આ આતંકીઓ આપણા જવાનોને નિશાન બનાવીને સ્થાનિક લોકોમાં ભળી જતા હોય છે. આતંકીઓ અને તેમના મદદગારોની આ નવી મોડસ ઓપરેન્ડીને કારણે વળતી કાર્યવાહીમાં સહેજ વિલંબ થતો હોય છે. પણ આપણાં જવાનો એવા હાઈબ્રિડ આતંકીઓને શોધીને હણી રહ્યાં છે.



પીઓકે કોઇ નાનો વિસ્તાર નથી. સેંકડો કિલોમીટરના ઘેરાવાવાળો વિસ્તાર ભારતમાં ભલે તો ભારત તેમને આવકારવા તૈયાર છે. અને જેમ 1971માં તત્કાલિન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ પૂર્વ પાકિસ્તાનને પશ્ચિમ પાકિસ્તાનથી અલગ કરીને ટુકડા કર્યા અને બાંગ્લાદેશ નામનો નવો દેશ બન્યો તેમ વર્તમાન વડાપ્રધાન મોદી પણ પીઓકે પાકિસ્તાન પાસેથી લઈને પાકિસ્તાનના વધુ એક ટુકડા કરવા તૈયાર છે. કેમ કે આ એ જ પાકિસ્તાન છે કે જેના કારણે ભારતના ભાગલા થયા અને ભાગલા વખતે લાખો નિર્દોષ લોકો તેમાં માર્યા ગયા. ભારત વિભાજનની એ પીડાને ભૂલ્યું નથી. અને હવે પાકિસ્તાન પાસેથી પોતાનું કાશ્મિર પરત લઈને ભારત પીઓકેમાં રહેતાં લોકો કે જેઓ મૂળ ભારતીયો જ છે તેમને પાકિસ્તાનની ચુંગાલમાંથી મુક્તિ અપાવવા તૈયાર છે. પણ લોઢુ ગરમ થાય એટલે ભારતના જવાનો હથોડો મારવા તૈયાર છે. પીઓકેના નાગરિકો, ભારતમાં તમારૂ સુસ્વાગત છે. આવો સાથે મળીને નયા ભારત બનાવીએ...!



**ધર્મ**

# જીવનના માર્ગદર્શનક ગુરૂને અર્ઘ્ય આપવાનું પર્વ એટલે ગુરૂ પૂર્ણિમા

જીવનને યોગ્ય માર્ગદર્શન આપનારા સાચા ગુરૂને અષાઠ મહિનાની પૂનમના દિવસે એટલે કે ગુરૂપૂર્ણિમાના દિવસે વિશેષ રીતે સન્માન આપવામાં આવે છે. અષાઢ મહિનાની પૂર્ણિમાને ગુરૂ પૂર્ણિમા તરીકે ઉજવવામાં આવે છે. આ વખતે ત્રીજી જુલાઈના સોમવારના દિવસે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવશે. હિંદુઓની સાથે સાથે બૌદ્ધ અને જૈન ધર્મના લોકો દ્વારા પણ ગુરૂ



પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવે છે. ગુરુને ભગવાન કરતાં પણ ઊંચો દરજ્જો આપવામાં આવ્યો છે. ગુરુ વિનાનું જીવન અધૂરું છે. હિંદુ ધર્મ અનુસાર બૃહસ્પતિ દેવ તમામ દેવતાઓ અને ગ્રહોના ગુરુ ગણાય છે. જેવી રીતે માતા-પિતા આપણને સંસ્કાર આપે છે તો બીજી તરફ ગુરુ આપણને જ્ઞાન આપે છે. આપણા શાસ્ત્રમાં ગુરૂ માહાત્મયનો એક ઉત્તમ શ્લોક છે. ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરઃ ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરૂદેવ નમઃ

ભારતમાં ગુરૂ શિષ્ય પરંપરાને કારણે ગુરૂ પૂર્ણિમાનું માહાત્મય છે. આ દિવસે ગુરૂની પૂજાનું ખાસ મહત્વ છે. આપણા દેશમાં આ પર્વ ખૂબ જ શ્રધ્ધા અને ભાવથી ઉજવવામાં આવે છે. પ્રાચીન સમયમાં જ્યારે વિદ્યાર્થી ગુરૂના આશ્રમમાં નિઃશુલ્ક શિક્ષા મેળવતા હતાં, ત્યારે આ દિવસે શિષ્ય શ્રધ્ધાભાવથી પ્રેરિત થઈને પોતાના ગુરૂનુ પૂજન કરીને તેમને શક્તિ મુજબ દક્ષિણા આપીને ધન્ય-ધન્ય થઈ જતો હતો. આમ તો ભારતમાં ઘણા ગુરૂ થયા છે, પરંતુ વ્યાસ ઋષિ, જે ચારો વેદોના પ્રથમ વ્યાખ્યાતા હતા તેમની આજના દિવસે પૂજા થાય છે. વેદોનું જ્ઞાન આપનારા વ્યાસજી જ છે, તેથી તે આદિગુરૂ કહેવાય છે. અને માટે જ ગુરૂપૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા પણ કહેવામાં આવે છે. તેમની યાદને તાજી રાખવા માટે આપણે પોત-પોતાના ગુરૂઓને વ્યાસજીનાં અંશ માની તેમની ભક્તિથી પૂજા-અર્ચના કરવી જોઈએ. આથી ગુરૂ પૂર્ણિમાને વ્યાસ પૂર્ણિમા કહેવામાં આવે છે. એક દોહામાં સંત કબીરજી એ ગુરુનો મહિમા બતાવતાં કહ્યું છે કે , એક બાજુ ગુરુ અને બીજી બાજુ સાક્ષાત ભગવાન ઊભા હોય તો આપણને દુવિધા છે કે પહેલાં કોને પગે લાગું. ત્યારે પહેલાં ગુરુને જ વંદન કરવા જોઈએ જેમણે તમને જ્ઞાનરૂપી પ્રકાશથી સત્યનો સાક્ષાત્કાર કરાવ્યો. આપણે ગુરુના હંમેશા આભારી છીએ કે જેમણે આપણને જીવનનો સાચો માર્ગ બતાવ્યો છે.

પટના પ્રતિક્રિયાઃ "વિપક્ષો ફોટોશુટ માટે ભેગા થયા..વિપક્ષોની નજર દેશની તિજોરી પર...પરિવારની જાગીર બચાવવા એક માંડવે આવ્યાં" !

## કેજરીવાલની માંગણી મુદ્દે કોંગ્રેસ મહાગઠબંધનમાંથી નિકળી જાય તો..'વરરાજા" કોણ?

# પટનાથી દિલ્હી પહોંચતા પહોંચતા 17 વિપક્ષી દળોની સંખ્યા વધશે કે ઘટશે...?!

સાપ્તાહિક ગુજરાત વંદન

બિહારની રાજધાની પટનામાં મળેલી વિરોધપક્ષોના નેતાઓની બેઠકમાં હાજર લાલુપ્રસાદે આદત મુજબ રાહુલ ગાંધીની પણ હળવેકથી મસ્તી કરતાં કહ્યું- શાદી કર લો..દાઢી મત બઢાઓ...હમ સબ બારાતી બન કર આયેંગે...!

પટનામાં એકઠા થયેલા વિપક્ષી નેતાઓની બેઠકને લઈને તેના રાજકીય પ્રતિભાવો પણ મળ્યાં,. જેમ કે .કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને લાગે છે કે બિહારની રાજધાની પટનામાં યોજાયેલી વિપક્ષી પાર્ટીઓની બેઠક માત્ર 'ફોટોશૂટની તક' છે. બધા ફોટો પડાવવા માટે જ એકઠા થયાં...

ભાજપના નેતા સુશ્રી સ્મૃતિ ઈરાનીનું માનવું છે કે તેઓ (વિરોધપક્ષોના વિવિધ નેતાઓ) એકસાથે ચા પીવા-ચાય પે ચર્ચા માટે ભેગા થયા હોવાથી આ વિપક્ષી નેતાઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પડકારી શકે તેમ નથી. તેમની દોડ માત્ર ચર્ચા સુધી, મંત્રણા સુધી જ છે...મે તુલસી તેરે આંગન કી સિરિયલની ટીવી એક્ટ્રેસમાંથી કેન્દ્રીય મંત્રી બનેલી સ્મૃતિ ઈરાનીનો દાવો છે કે આ વિરોધીઓનું અસલી નિશાન મોદી નથી પરંતુ દેશની તિજોરી છે. તેઓનું અનુમાન છે કે આ તમામ દેશને લૂંટવા માંગે છે.

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી (વાસ્તવમાં બેકસીટ ડ્રાઈવર) દેવેન્દ્ર ફડણવીસે પણ વિપક્ષની સંયુક્ત બેઠકની ટીકા કરી હતી કે આ તમામ નેતાઓ તેમના પરિવારની જાગીર બચાવવા માટે એકસાથે આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ બેઠકમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ ભાગ લીધો હતો.તેથી કદાજ ગાંધી પરિવારનો વારસોને ધ્યાનમાં રાખીને તેમણે એવુ કહ્યું હશે.

ભાજપના બિહારી નેતાઓએ તેમને 'નવા દેવદાસ' ગણાવ્યા અને ભાજપના બિહારી નેતા રવિશંકર પ્રસાદ કે જેમને વડાપ્રધાન મોદીએ કેબિનેટમાંથી હટાવી દીધા હતા અને હાલમાં પાર્ટીમાંથી સુચના મળે તો જ પ્રતિભાવ માટે મિડિયાને મળનાર રવિશંકરપ્રસાદે વિપક્ષની આ 'બિહારી બારાતી'નો વર કોણ છે તે પૂછી લીધુ..

. વિપક્ષની આ બેઠકની ટીકા કરતાં ભાજપની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતા કેવી રીતે ખીલી તેના કેટલાક વધુ ઉદાહરણો આપી શકાય. પરંતુ તે બધાનો અર્થ સમાન છે. ભાજપનો એક સૂર એ છે કે આ વિરોધીઓની બેઠકનો કોઈ અર્થ નથી અને આ બધા મળીને આગામી ચૂંટણીમાં પીએમ મોદીને જરાય પડકાર આપી શકતા નથી. પરંતુ રાજકારણનો નવો નિશાળિયો પણ ઓછામાં ઓછું એટલુ તો અવલોકન કરશે કે જો આ વિરોધીઓની બેઠકનું કોઇ રાજકીય મહત્વ નથી તો એની નોંધ જ લેવાવી ન જોઈએ.. પણ ભાજપ દ્વારા નોંધ લેવાઈ અને હજુ લેવાશે એટલે સાર એ છે કે વિરોધીઓ પર ધ્યાન પણ આપો.. ધ્યાન પણ આપો અને અવગણના પણ કરતાં રહો...કેમ કે વિરોધીઓ પડકાર બની રહ્યાં છે.....?!

આ સવાલના જવાબમાં જ આ વિરોધીઓની બેઠક છુપાયેલી છે. આ બેઠકમાં દેશની 17 મોટી બિન-ભાજપ પાર્ટીઓના નેતાઓ એક સાથે આવ્યા અને એક થઈને ભાજપનો સામનો કરવાનો નિર્ણય કર્યો. વાસ્તવમાં



વિપક્ષની આ પ્રકારની પ્રથમ બેઠક છે. પરંતુ તેના પહેલા અને પછીની ઉડેલી ધૂળને ધ્યાનમાં લેતા, આ ધૂળ વધુ વધશે! યુદ્ધ શરૂ થાય તે પહેલાં પ્રતિસ્પર્ધી સામે બડાઈ મારવી એ કાં તો લડનારના મનમાં આત્મવિશ્વાસની ખોટ દર્શાવે છે અથવા પ્રતિસ્પર્ધીને બદનામ કરવાનો પ્રયાસ છે, એવુ એક તારણ જણાય છે.

ભાજપની નેતાગીરીએ વિપક્ષની આ બેઠકની ગંભીર નોંધ લીધી છે અને હવે આ સંભવિત અને કથિત એકતાને કોઈપણ રીતે અટકાવવાનો પક્ષનો લક્ષ્યાંક રહેશે અને રહેવો જોઈએ કે કેમ કે ચૂંટણીમાં કે યુધ્ધમાં હરિફને હરાવવો કે તેને આગળ વધતાં રોકવો એ યુધ્ધનો ધર્મ અને નિયમ છે.. તે ભાજપ પણ જાણે છે. એટલા માટે પાર્ટી વિપક્ષનું સંભવિત ગઠબંધન ન બને તે માટે પ્રયાસ કરી રહી હોય તેવું રાજકીય રીતે લાગી રહ્યું છે.

પટના બેઠકમાં વિપક્ષી સેનાપતિઓનું ભાજપનો સામનો કરવા ચૂંટણીરૂપી યુધ્ધનુંમાળખું ઊભું થાય તે પહેલાં જ તેમાં કેટલીક તિરાડો દેખાઈ છે. મુખ્ય અણબનાવ પૈકી એક આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચેનો તણાવ છે. AAP પાર્ટીએ અત્યાર સુધી તેની ભાજપ વિરોધી લડાઈમાં કોંગ્રેસને ક્યારેય સમર્થન આપ્યું નથી. જો કે, પાર્ટી ઈચ્છે છે કે દિલ્હીની સ્થિતિને લઈને AAP ભાજપ વિરુદ્ધ જે પણ લડાઈ લડવા માંગે છે તેમાં કોંગ્રેસ તેને સમર્થન આપે...કહેવાય છે કે ભાજપના ખીલે કૂદકા મારનાર કેજરીવાલને ભાજપે આસમાનમાંથી ધરતી પર લાવી દેતાં તેઓ કેન્દ્ર સરકારે તેમની સત્તારૂપી પાંખો કાપી લેતા કેજરીવાલે કોંગ્રેસ પાસેથી કેન્દ્ર સામે લડવા ટેકો માંગ્યો છે.

'આપ'ના વલણ એવુ છે કે, 'મારૂં એ મારૂં અને તમારૂં પણ મારૂં'. તેથી લાગે છે કે કોંગ્રેસ હજુ પણ 'આપ'ને સમર્થન આપવા તૈયાર નથી. જો તંગદિલી જલ્દી દૂર નહીં થાય તો પંજાબ અને દિલ્હી રાજ્યોમાં ભાજપ વિરુદ્ધ સંયુક્ત વિપક્ષના ઉમેદવારને મેદાનમાં ઉતારવા પર મતભેદ થઈ શકે છે. અને જો આમ થશે તો ભાજપ આ અણબનાવને બને તેટલો પહોળો કરવાનો પ્રયાસ કરશે અને તે સ્વાભાવિક હશે. ભાજપ સામે લડવા વિપક્ષોને એક કરવા નિકળેલા સુશાસનબાબુ નિતિશકુમારે 'આપ' અને કોંગ્રેસ વચ્ચેની આ તિરાડ વહેલી તકે પૂરવી પડશે. તે માટે મલ્લિકાર્જુને ખડગે, સોનિયા ગાંધી, શરદ પવાર વગેરે વચ્ચે પડવું પડે નવાઈ નહીં.

એ જ રીતે, પ્રશ્ન એ છે કે તેલંગાણાના મુખ્ય પ્રધાન કે ચંદ્રશેખર રાવનું શું કરવું...કેમ કે તેઓ તેમના ઘોડા પરથી ઉતરવા તૈયાર નથી. આ રાવનું હાલનું વર્તન એવું છે કે જાણે તેઓ વડાપ્રધાન બની ગયા છે... તેઓ મહારાષ્ટ્ર અને અન્ય જગ્યાએ પાર્ટીના હાથ-પગ ફેલાવવા માંગે છે. વાસ્તવમાં, તેલંગાણા સિવાય બીજે ક્યાંય તેમનો ગજ વાગવાનો નથી. આંધ્રના મુખ્યમંત્રી જગન રેડ્ડીનું શું થશે તે પણ એક મુદ્દો છે. તેઓ તો બંને ખંજર પર હાથ પકડી રાખીને બેઠા છે. પવન પ્રાણે વહાણ હાંકવાનું પસંદ કરી રહ્યાં છે. આ સિવાય પશ્ચિમ બંગાળમાં ડાબેરી પક્ષ-મમતાની તૃણમૂલ-કોંગ્રેસમાં ભડકો છે. જો તેમાંથી એક બીજા સાથે જાય છે, તો ત્રીજો પાછો ફરે છે. અન્યત્ર પણ વિપક્ષી પક્ષો પાસે નાના મુદ્દાઓ છે.

જોકે, આ વિપક્ષી નેતાઓ માને છે કે તેઓ આ બધાને મ્હાત આપીને ભાજપ સામે એક ઉમેદવાર આપી શકે છે. તે ખરેખર પ્રશંસનીય છે. પરંતુ જો તે વાસ્તવિકતા બની જશે તો કેટલાક રાજ્યોમાં ભાજપની સામે સમસ્યાઓ ઉભી થશે તેમાં કોઈ શંકા નથી. એક ઉત્તર પ્રદેશ અને ડઝનબંધ ગુજરાતને બાદ કરતાં બીજેપી એવું કોઈ રાજ્ય નથી જેની ખાતરી થઈ શકે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ જેવા રાજ્યોમાં ટૂંક સમયમાં ચૂંટણી યોજાવાની છે. વિપક્ષ અને શાસક પક્ષ બંનેનો વિશ્વાસ એ પરિણામ પર નિર્ભર રહેશે.

રાજકીય બાબતો પર બારીક નજર રાખનારા માને છે કે પટના બાદ હવે તેમની આગામી બેઠક શિમલામાં મળવાની છે. પટનામાં 17 પાર્ટીઓ ભેગી થઇ અને શિમલા પરિષદમાં ફરી ભેળા થાય પહેલાં 17નો આંકડો વધશે કે પછી વિપક્ષના કેટલાક ધારાસભ્યો કેસરી પાર્ટી તરફ દોટ મૂકે તેમ નાની નાની પાર્ટીઓ પણ કેસરી તરફ દોટ મૂકશે...!?



**પુસ્તક પરિચય**

▪ રિપલકુમાર પરીખ

# ગઝલનું 'નીલમત્વ' : ગઝલસુરમો

સાપ્તાહિક ગુજરાત વંદન

ગઝલસુરમો અસલ આંજે સખી,
મળે ઝળહળ સતત શાતા સખી.
કાળજીથી આંજતાં ગઝલસુરમો,
લયસભર જાણે સખી ગહન ભાવે.
ફોરમે સુરમો સખી વિહ્વળ,
યાદ શીતળ સ્પર્શતી પળ-પળ.
આંજો ગઝલસુરમો ગઝલદોસ્તો,
આંજી જુઓ ગમશે, થશો ખળખળ.
ગઝલસુરમો અસલ આંજતાં,
સખીને ઊંઘ આવી મધુર.

- ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'

ગઝલને સુરમાની ઉપમા આપી જ્યારે કવિ પોતાની પ્રિયતમાને ગઝલ સંભળાવતાં હોય ત્યારે, તે સખી પણ ગઝલ પ્રત્યે કેવી ભાવુક બની જાય છે, તેનું તાદ્રશ્ય વર્ણન કવિએ આ સુંદર ગઝલમાં કર્યું છે. ગુજરાતી ગઝલ ક્ષેત્રે જાણીતું નામ એટલે કવિ શ્રી ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'. તેમનો નવો ગઝલસંગ્રહ 'ગઝલસુરમો' નામથી પ્રસિદ્ધ થયો છે, તેમનાં ગઝલસંગ્રહની આ અને આવી ઉત્તમ, ગઝલચાહકોને વાહ, વાહ કરવાં મજબૂર કરતી ગઝલોનો સંગ્રહ આ 'ગઝલસુરમો' પુસ્તકમાં થયો છે. જામનગરમાં રહેતાં અને ગુજરાતી ઉપરાંત હિંદી અને ઉર્દૂમાં પણ પોતાનો ગઝલસંગ્રહ આપનાર કવિ શ્રી ભૂપેન્દ્ર શેઠ, 'નીલમ' ઉપનામથી પોતાની ગઝલો લખે છે. 'ગઝલસુરમો' તેમનું અઢારમું પુસ્તક છે. અગાઉનાં તેમનાં સત્તર પુસ્તકોનું વૈવિધ્ય પણ માણવા જેવું છે. વિવિધ ભાષાઓમાં ગઝલ ઉપરાંત તેમણે બાળકાવ્યો, મોનોઈમેજ કાવ્યસંગ્રહ અને બે પુસ્તકોનું સંપાદન કાર્ય પણ કરેલ છે. જ્યારે આપણને કોઈ પૂછે કે,"તમે આ જગત પર શું કરવા આવ્યાં છો?" ત્યારે દરેકનો જવાબ અલગ અલગ હોય છે, કવિ શ્રી ભૂપેન્દ્ર શેઠ'નીલમ' લખે છે,"હું ગઝલનું લેખન-વાચન કરવાં માત્ર આવ્યો છું." આવાં એક ઉત્તમ ગઝલપ્રેમી કવિનાં એક-બે શેર માણીએ.

જિંદગી ચાલતી અભાવમાં,
ક્યાં કશું આવતું લગાવમાં.
જીવવું માન્યતા મુજબ સહજ,
ક્યાં કદી સ્પર્શતું સ્વભાવમાં

અખંડ આનંદ ઉપરાંત કવિતા, હિન્દુ મિલન મંદિર, સર્જકસેતુ, ધબક, તમન્ના, મંગલ મંદિર ઉપરાંત ગુલમહોર જેવાં પ્રખ્યાત સામયિકોમાં પ્રકાશિત થયેલી તેમની રચનાઓને અનેક સાહિત્યકારોએ ખૂબ વખાણી છે તથા તેમની ગઝલનું વિવેચન પણ કર્યું છે.

પ્રા. એસ.એસ. રખિયાણિયા તમન્ના વિશેષાંકમાં લખે છે, 'કવિ ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' જામનગરમાં રહે છે. તેઓ ખૂબ જ સરળ બાનીમાં ગઝલોનું સર્જન કરે છે તથા તેનાં ઊંડાણને તેઓ તાગે છે. રાધેશ્યામ શર્મા, સંધ્યા ભટ્ટ, શકીલ કાદરી જેવાં વિવેચકોએ તેમની ગઝલોનું મૂલ્યાંકન કર્યું છે. શકીલ કાદરી તેમનાં વિશે સાચું જ કહે છે,'ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' માટે ગઝલ-કવિતા અને અન્ય સાહિત્યસ્વરૂપ માત્ર આનંદલીલા છે. પ્રસિદ્ધી કે નામનાનો તેમને મોહ નથી જ.''

મોનોઈમેજનાં જનક કવિ શ્રી મધુ કોઠારી લખે છે,'શ્રી ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' નખશીખ ગઝલનાં માણસ છે. તેઓ માત્ર ગુજરાતીમાં જ ગઝલો નથી લખતાં, પણ હિન્દી અને ઉર્દૂમાં પણ ગઝલોનું સર્જન કરે છે. તેનો ખ્યાલ આપણને તેમણે અત્યાર સુધીમાં પ્રસિદ્ધ કરેલાં સંગ્રહો ઉપરથી આવે છે. તેમની ગઝલોમાં પ્રેમ, પ્રકૃતિ અને ચિંતનનો ત્રિવેણીસંગમ છે. તેમની ગઝલોમાંથી પસાર થતાં એક બાબત સ્પષ્ટ થાય છે કે આ શાયરને જિંદગીનું તત્વાન્વેષણ કરવાનું અતિ પ્રિય છે.'

પુસ્તકો માટે એક અલગ ફ્લેટ ખરીદનાર પુસ્તકપ્રેમી તથા કવિ શ્રી ભૂપેન્દ્ર શેઠ 'નીલમ'નું આ 'ગઝલસુરમો' પુસ્તક




ગઝલપ્રેમીઓ માટે હવાની ઠંડી લહેર સમાન છે, જે વાંચ્યાં બાદ વાચકને શાતા મળે છે.

ફૂલ ઝાકળથી તરત ધોવાય છે,
શુદ્ધતા સૌરભતણી મ્હેકાય છે.
ગીત ગાતા પણ રહીએ સાથમાં,
ભીતરી ભાવે ખુશી વહેંચાય છે.
એક હદમાં જિંદગી જીવી જતાં,
આમ નિર્મલ નીર-શું જીવાય છે.
યાદ સ્પર્શી હવાની જેમ તો,
ચંદ પળ મધુરી સહજ પરખાય છે.
સત્યની માયા અસલ સમજે પછી,
ક્યાં કદી નુકશાન-શું સર્જાય છે.

**રસદર્શન**

# પ્રકૃતિનો એક ભાગ છે અંધકાર અને પ્રકાશ

સાપ્તાહિક ગુજરાત વંદન

'બહુ ખુશ થાશે દુનિયાભરનું અંધારું
ખંખેરો અજવાળા પરનું અંધારું'.
-સ્નેહી પરમાર

આ શેર સમજતા પહેલા એ સમજવું પડશે કે અજવાળું અને અંધારું આ બંનેમાં શું સામ્ય છે આ બંને કઈ રીતે સામ્યતા ધરાવે છે સામાન્ય રીતે મોટાભાગના લોકો એમ માને છે કે અંધકાર એટલે કંઈક અશુભ પણ વધુ પડતો પ્રકાશ પણ આંખોને આંજી દેશે...

દુનિયામાં અંધકાર એટલે કે અંધારું - અજવાળું એટલે કે સુખ અને દુઃખ આ બધી માત્ર ઘટનાઓ છે જે પરિપેક્ષ્યને મન સ્વીકારતું નથી તેને સામાન્ય રીતે આપણે અંધારું કહીએ છીએ દુનિયાભરનું અંધારું ખુશ થાય એટલે કે સૂર્યના હોવા છતાં સમગ્ર સૃષ્ટિમાં અજવાળું નથી હોતું તેનો અર્થ જ એમ થાય છે કે અંધારાનું અસ્તિત્વ પ્રાકૃતિક છે , સમસ્ત સૃષ્ટિ અંધારા અને અજવાળા વચ્ચે વહેંચાયેલી છે જ્યારે એક તરફ અંધારું હોય છે ત્યારે બીજી તરફ અજવાળું હોય છે.

રાત દિવસની ઘટનાનું ચક્ર એક તરફ અંધારું અને બીજી તરફ અજવાળ ઉપર પ્રગટાવતુ હોય છે. આ બંને વચ્ચે એક જ સામ્ય છે અને તે છે સમગ્ર સૃષ્ટિના માનવીઓ અંધારા અને અજવાળાને સ્વાભાવિક રીતે સ્વીકારી નથી શકતા બીજું એ છે કે અંધારા અને અજવાળાના ઉપયોગ સૌથી વધારે સાહિત્યના રૂપકોમાં થયા છે.

દુનિયાભરનું અંધારું જો ખુશ થાય તો અજવાળાને ઓછું આવે? ઘડીક વાર એમ માની લઈએ કે અંધારાની સ્વીકૃતિ જો ઘટના તરીકે થાય તો આ સ્વીકૃતિ ઉપર દુનિયાભરનું અંધારું જરૂરથી ખુશ થઈ શકે કારણ કે , મોટા ભાગના લોકો માને છે કે અંધકાર કંઈક ખરાબ છે અથવા ખરાબ દર્શાવે છે અને અંધકારથી ડરે છે. પરંતુ હકીકત તો એ જ છે કે અંધકાર એ માત્ર પ્રકાશની ગેરહાજરી છે. અંધકાર પણ એક સુંદરતા છે તેમાં નહીં દેખાતી લાગણીઓનો ભંડાર છુપાયેલો છે, છતાં તે ખૂબ જ નમ્ર છે. અંધકાર અથવા અંધારું અને અજવાળું બંને કંઈપણ રજૂ કરતા નથી એતો વ્યક્તિ ધારે છે કે તે બંને કંઈક રજૂ કરે છે.

અંધકાર અને પ્રકાશ એ પ્રકૃતિનો એક ભાગ છે જે માનવીય સમજ અને અર્થઘટનની બહાર છે. સૌ ધારે છે કે તેઓ સુખ અથવા ઉદાસીનું પ્રતિનિધિત્વ કરે છે તે ફક્ત એક અર્થઘટન છે.

જો આપણું મન અને હૃદય દરેક ક્ષણમાં એકબીજા સાથે સંકળાયેલા હોય,



તો આપણે દરેક ક્ષણને અનુભવીએ છીએ , અજવાળા પર ચડી ગયેલું અંધારું જેને ખંખેરવાની જરૂર છે અને તો જ સાચો પ્રકાશ તમે જોઈ શકશો કારણ કે આપણી માન્યતા અનુસાર એ ન પણ હોઈ શકે અને જો આપણે સુખ જગાડવું હોય, તો આપણે સુખ જગાડીએ છીએ. જો આપણે ઉદાસી ઉત્તેજીત કરવા માંગીએ છીએ, તો આપણે ઉદાસી , જો કોઈ વ્યક્તિ ખરેખર તેમના હૃદયથી સુખની અનુભૂતિ કરવા માંગે છે, તો પ્રકૃતિ (અંધકાર, પ્રકાશ,) ખુશીઓ જગાડે છે. તેથી, દરેક અંધારું અને અજવાળું આપણા મન અને હૃદયમાં છે, જો કોઈ તેના મનની અંદર જોઈને જે જોઈએ છે તે શોધી કાઢે છે, તો પ્રકૃતિ તેને ઉત્તેજિત કરે છે .. અને પ્રકૃતિના બંને વિભાગને સ્વીકૃતિ જો આપીશું તો જ દુનિયાભરનું અંધારું ખુશ થશે અને અને મગજ પર છવાઈ ગયેલા અંધારાને ખંખેરી શું તો જ અજવાળું પાથરી શકીશું.

- હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# SVPI એરપોર્ટને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન બદલ QCFI નેશનલ કોન્ક્લેવમાં એવોર્ડ એનાયત કરાયો

## નવમી નેશનલ કોન્ક્લેવમાં ત્રણ-ત્રણ એવોર્ડ જીતી મેદાન માર્યું




ગુજરાત | વંદન

અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે ફરી એકવાર ઉત્કૃષ્ટ કાર્યક્ષમતા પુરવાર કરવામાં મેદાન માર્યું છે. SVPIAને ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા (QCFI) ની નવમી નેશનલ કોન્ક્લેવમાં ત્રણ એવોર્ડ જીતીને શ્રેષ્ઠ કાર્યક્ષમ એરપોર્ટનો ખિતાબ હાંસલ કર્યો છે. SVPI એરપોર્ટને '5S' અંતર્ગત પાર એક્સેલન્સ કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો છે. આ સાથે જ એરપોર્ટે શ્રેષ્ઠતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સાબિત કરી છે.

QCFI ની નેશનલ કોન્ક્લેવમાં દેશભરની વિવિધ સંસ્થાઓ તરફથી 5S પ્રેક્ટિસ માટે કુલ 145 કેસ સ્ટડીઝ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ એરપોર્ટે અમલમાં મૂકેલી વર્કપ્લેસ મેનેજમેન્ટ સિસ્ટમને ત્રણ કેટેગરીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યું છે.

વર્કપ્લેસ મેનેજમેન્ટ માટે 5Sને ઉત્તમ, સફળ અને શ્રેષ્ઠ જાપાની મેનેજમેન્ટ તકનીક માનવામાં આવે છે. SVPI એરપોર્ટ દ્વારા 5S અમલી કરાતા કર્મચારીઓ કાર્યસ્થળે કાર્યક્ષમ, અસરકારક અને સુરક્ષિતપણે ફરજ નિભાવે છે. જેનાથી સમય અને સંસાધનોનો સુનિયોજીત અને મહત્તમ ઉપયોગ થાય છે. વળી તેનાથી કાર્યસ્થળ પર થતો બિનજરૂરી વેડફાટ અટકે છે. 5S ટર્મ પાંચ જાપાનીઝ શબ્દો પરથી ફતરી આવી છે. જેમાં Seiri (પુનઃસંગઠન), Seiton (સુઘડતા), Seiso (સ્વચ્છતા), Seiketsu (સ્ટાન્ડર્ડાઈઝેશન) અને Shitsuke (શિસ્ત)નો સમાવેશ થાય છે.

SVPIA દ્વારા રજૂ કરાયેલા ત્રણ કેસ સ્ટડીઝ એન્જિનિયરિંગ અને મેન્ટેનન્સ વિભાગના હતા. એરપોર્ટ પર જ્યાં 5s વર્કપ્લેસ મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે તેમાં STP (સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ), ટર્મિનલ 2 - પંપ હાઉસ, અને T1 - સ્વિચ રૂમ જેવા સ્થળોનો સમાવેશ થાય છે. 5s ના અમલીકરણથી અસુરક્ષિત ઘટનાઓમાં ઘટાડો, મેઈન્ટેઈન્ડ સાધનોની ઉપલબ્ધતા, વિશ્વસનીયતામાં વધારો, ગ્રાહકોને ઉત્કૃષ્ટ અનુભવ, તેમજ પુનઃપ્રાપ્તિ માટે લાગતા સમય અને જગ્યામાં ઘટાડો થયો છે.

# કેનેડાની ટિકિટ આપવાનું કહી નારણપુરાના બેંક મેનેજર સાથે 10 લાખની છેતરપિંડી

ગુજરાત | વંદન

ગુજરાતીઓમાં વિદેશ જવાની ઘેલછા હોય છે. વિદેશ જવા માટે કેટલાક લોકો લાખો રૂપિયા પણ ખર્ચી નાખતા હોય છે. તો કેટલાક કિસ્સામાં તેમની સાથે છેતરપિંડી પણ થતી હોય છે. આવો જ એક કિસ્સો સામે આવ્યો છે કે જ્યાં એજન્ટે છેતરપિંડી આચરી છે. કેનેડાની ટિકિટ બુક કરાવી આપવાનું કહીને બેન્કના મેનેજર પાસેથી રૂ.10 લાખ ઊઘરાવી એજન્ટે ઠગાઈ કરી છે. આ મામલે નારણપુરાના ગ્રિસિયલ હોલિડેના માલિક નીરલ ઉર્ફે જિમી તરુણભાઈ પારેખ વિરુદ્ધ ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. આરોપીઓએ અગાઉ પણ અનેક લોકો સાથે રૂપિયા લઈ લીધા બાદ છેતરપિંડી કરી છે.

અમદાવાદના નારણપુરામાં રહેતા અને એચડીએફસી બેન્કમાં ઓપરેશન મેનેજર તરીકે ફરજ બજાવતા અશોક પટેલે ગ્રેસિયસ હોલિડે નામની ટ્રાવેલ કંપનીના માલિક નીરલ પરીખ સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. અશોકને પત્ની સાથે ફેબ્રુઆરી-2023માં કેનેડા જવાનું હતું. અશોકે આંબાવાડી સહજાનંદ કોલેજ પાછળ આવેલા શિવાની એપાર્ટમેન્ટમાં રહેતા અને ગ્રિસિયલ હોલિડે ટૂરના માલિક નીરલ પાસે ટિકિટ બુક કરાવી હતી. તે વખતે નીરલે વાજબી ભાવે એર ટિકિટ બુક કરાવી આપી હતી, ત્યાર બાદ મૂકેશકુમારના પરિવારના સભ્યોને કેનેડા જવાનું હોવાથી તેમણે 1 વ્યકિતના રૂ.1.25 લાખમાં નક્કી કરીને કેનેડાની ટિકિટ કરવા માટે કહ્યું હતું.

અશોકે નીરલ પાસે બે ટિકિટ નક્કી કરી હતી. જેના પૈસા અશોકે નીરલને ચૂકવી દીધા હતા. અશોકે 2 ટિકિટ બુક કરાવવા માટે નીરલને એડ્વાન્સ પૈસા ચૂકવી આપ્યા હતા. નીરલ અશોકને કન્ફર્મ ટિકિટ આપવાનું કહીને તેમની પાસેથી પૈસા મેળવી લીધા બાદ પોતાના ઘરને તાળું મારીને ફરાર થઈ ગયો હતો. આ મામલે તપાસ કરતાં જાણવા મળ્યું કે અન્ય લોકો સાથે પણ તેણે છેતરપિંડી કરી છે. અશોકે ઘાટલોડિયા પોલીસે સ્ટેશનમાં નીરલ સામે રૂ.10 લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં પણ સસ્તામાં કેનેડાની રિટર્ન ટિકિટ બુક કરાવી આપવાનું કહ્યું હતું.

# સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
ભાગ્ય તમારો સાથ આપી રહ્યું છે. મીટિંગથી થોડી રાહત મળશે. નજીકના લોકો સાથે મેલ મીટિંગ અને મનોરંજન સંબંધિત કાર્યોમાં આનંદમય સમય પસાર થશે. આ સમયે કોઈપણ પ્રકારની યાત્રા કરવી નુકસાનકારક રહેશે. તમારી મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવામાં ઉતાવળ ન કરો.

**વૃષભ** (બ.વ.ઉ)
પરિવારના સ્તરને સુધારવા માટે પરિવારના સભ્યો સાથે સકારાત્મક ચર્ચાઓ થશે, રોજગાર મેળવવા પ્રયાસ કરી રહેલા યુવાનો માટે કોઈ આશા મળશે. કોઈ સંબંધી તરફથી કોઈ અશુભ સમાચાર મળવાથી મન પરેશાન રહેશે, તમારા અંગત કાર્યો પણ પ્રભાવિત થશે.

**મિથુન** (ક.છ.ઘ)
મહત્વપૂર્ણ કામ કરતા પહેલા તમારા પરિવારના સભ્યોની સલાહ લેવી ફાયદાકારક રહેશે. તમારી સફળતાનું પ્રદર્શન ન કરો અને તમારી વિશેષ યોજનાઓને ગુપ્ત રાખો. બેદરકારીને કારણે પૈસાનો વ્યય પણ થઈ શકે છે. ધંધાકીય બાબતોમાં, આ સમય ઝડપી નિર્ણય લેવાનો છે.

**કર્ક** (ડ.હ)
નજીકના સંબંધીની સમસ્યાના ઉકેલમાં તમારું વિશેષ યોગદાન રહી શકે છે. અને તમે તણાવ મુક્ત અનુભવશો. મિલકતમાંથી કેટલાક મહત્વપૂર્ણ સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા થશે. તમારી અંગત પ્રવૃત્તિઓને અવગણશો નહીં. ખર્ચ સાથે તમારા બજેટનું ધ્યાન રાખવું પણ જરૂરી છે.

**સિંહ** (મ.ટ)
આ સપ્તાહે ભાગદોડની સ્થિતિ રહેશે પરંતુ તેના પરિણામો પણ મળશે. જો ક્યાંક રોકાણ કરવાનું વિચારી રહ્યા છો. જો એમ હોય, તો હવે તેને અમલમાં મૂકવાનો શ્રેષ્ઠ સમય છે. સંયમ રાખવો જરૂરી છે. અશાંત મનને કારણે, તમે તમારા કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો નહીં.

**કન્યા** (પ.ઠ.ણ)
ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. દિવસનો મહત્તમ સમય સામાજિક અને વ્યવસાયિક કાર્યોમાં જ ખર્ચ થશે. તમારા નજીકના મિત્રો નેગેટિવ વસ્તુઓને તમારા પર હાવી ન થવા દો અને સંપર્ક સ્ત્રોતો સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કરો. વ્યાપાર વ્યવસ્થા વ્યવસ્થિત રીતે અને લગભગ ચાલતી રહેશે.

**તુલા** (ર.ત)
આ અઠવાડિયે સમય ખૂબ જ અનુકૂળ છે, કોઈપણ મહત્વપૂર્ણ નિર્ણય નજીક હોવાથી કામ પર વધુ ધ્યાન આપો, તે ભવિષ્યમાં તમારા માટે ફાયદાકારક સાબિત થશે. મનમાં કોઈપણ પ્રકારના નિરાશાજનક વિચારો આવવા ન દો. વ્યવસાયિક બાબતોમાં કેટલાક ઉતાર-ચઢાવ આવશે.

**વૃશ્ચિક** (ન.ય)
જો તમારું પેમેન્ટ ક્યાંક અટવાયેલું છે તો તમને મળી શકે છે, સાથે જ કોઈ નવો સંપર્ક લાભદાયી રહેશે. જો મિલકત ખરીદવા સંબંધિત યોજના બનાવવામાં આવી રહી છે. ભૂતકાળની કોઈપણ નકારાત્મક બાબત આજે તમારા પર હાવી થઈ શકે છે. જેની અસર તમારા સંબંધો પર પણ પડશે.

**ધન** (ભ.ધ.ફ)
આ સપ્તાહનો મહત્તમ સમય સામાજિક ધાર્મિક કાર્યોમાં જ પસાર કરવો જોઈએ. અને તમારા કામની પણ પ્રશંસા થશે. સંબંધીઓ અને પડોશીઓ સાથે સંબંધોમાં વધુ સુધારો થશે. બિનજરૂરી પરેશાનીઓથી પોતાને દૂર રાખો. કોઈપણ પરિસ્થિતિમાં શાંત રહેવું જરૂરી છે.

**મકર** (ખ.જ)
સમયનો યોગ્ય ઉપયોગ કરવાથી તમારું ભાગ્ય વધવાનું નિશ્ચિત છે. કોઈ જૂના મિત્ર સાથે મુલાકાત તમારા માટે કોઈ સારા સમાચાર લઈને આવશે. ઘરની ખુશી સુવિધાઓ સંબંધિત જરૂરિયાતોને પૂર્ણ કરવામાં તમારો વિશેષ પ્રયાસ રહેશે. વધારાના ખર્ચનો બોજ રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
થોડા સમયથી ચાલી રહેલી વાદ-વિવાદનો ઉકેલ મળવાથી રાહત અનુભવાશે. અને તમે તમારા અંગત કામમાં પણ સારો સમય પસાર કરી શકો છો. ઈર્ષાળુ લોકો સાથે વધારે ન ભળવું. આજે કોઈને ઉધાર આપવાનું ટાળો, કારણ કે વળતરની શક્યતા ઓછી છે.

**મીન** (દ.ચ.ઝ)
તમારા આ સપ્તાહના કાર્યો સરળતાથી અને નજીકથી પૂર્ણ થશે, લોકોનો સહકાર પણ રહેશે. આ સમયે ગ્રહોની સ્થિતિ અનુકૂળ છે. અહંકાર અને જુસ્સા પર નિયંત્રણ રાખો. કેટલાક પડકારો હશે, પરંતુ તમે તમારી યુક્તિ દ્વારા ઉકેલો પણ શોધી શકો છો. કોઈપણ નવા વ્યવસાય સંબંધિત કાર્યમાં તમારી મર્યાદામાં રોકાણ કરો. નાણાકીય બાબતોમાં થોડો સુધારો થશે.

### ઘરમાં રોકડા રૂપિયા રાખતાં ચેતજો ...

# બેડરૂમના કબાટમાંથી 9 લાખ રોકડા અને 2600 ડોલરની ચોરી

ગુજરાત | વંદન

શહેરમાં ઘરફોડ ચોરીના કેસમાં વધારો થતાં પોલીસ પેટ્રોલિંગ સામે સવાલો ઉભા થયાં છે. ચોરી કરનારા લોકો સવારે મકાનોની રેકી કરીને રાત્રે ચોરીને અંજામ આપતાં હોવાનું અનેક વખત સામે આવી ચૂક્યું છે. ત્યારે શહેરમાં એલિસબ્રિજ વિસ્તારમાં એક મકાનના બેડરૂમમાંથી 9 લાખ રોકડા અને 2600 અમેરિકન ડોલરની ચોરી થતાં હાહાકાર મચી ગયો છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના નહેરૂનગર વિસ્તારમાં માણેકબાગ બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે રહેતા મહેન્દ્રભાઈ ઠક્કર તેમના પરિવાર સાથે રહે છે. ગઈકાલે રાત્રે તેઓ તેમના બેડરૂમમાં સુઈ ગયેલ હતાં. રાત્રે બારેક વાગતાં તેમની ઊંઘ ઉડી હતી અને આસપાસ જોતાં કોઈ દેખાયું નહોતું ત્યાર બાદ તેઓ ફરીવાર સુઈ ગયા હતાં. પરંતુ સવારે સાતેક વાગ્યે ઉઠીને જોયું તો તેમના બેડરૂમના વોર્ડડ્રોપના કબાટના બંને દરવાજા ખુલ્લા હતાં અને કબાટમાં સામાન વેરવિખેર પડ્યો હતો. તેમણે ઘરમાં તપાસ કરતાં બીજા બેડરૂમમાં આવેલ ટફન ગ્લાસ વાળી બારીમાંથી ચોરોએ ઘરમાં પ્રવેશ કરીને તેમના બેડરૂમમાં પ્રવેશ કર્યો હતો અને કબાટમાંથી 9.50 લાખ રૂપિયાની 500ની નોટોના 19 બંડલ તથા 2600 પાઉન્ડની ચોરી કરીને ફરાર થઈ ગયા હતાં. તેમણે તેમના નાના ભાઈને પુછતાં આ ડોલરના બંડલ તેમણે રાખ્યા હતાં. જેથી ઘરમાં 11.63 લાખની ચોરી થતાં મહેન્દ્રભાઈએ એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### 2023-25માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓને મળશે ફાયદો

# IIM-અમદાવાદે 30 નવી સ્કોલરશિપની જાહેરાત કરી




**» IIM અમદાવાદની દેશની ટોચની મેનેજમેન્ટ કોલેજોમાં થાય છે ગણના**

ગુજરાત | વંદન

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદે 30 નવી સ્કોલરશિપની જાહેરાત કરી છે. આ સ્કોલરશિપ IIMના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા IIMA એન્ડોમેન્ટ ફંડ દ્વારા આપવામાં આવશે. શૈક્ષણિક સત્ર 2023-25માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓ માટે આ ફાયદાકારક રહેશે. પીજીપી બેચને સ્કોલરશીપ આપવામાં આવશે.

સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવેલી નોટીસ મુજબ પ્રથમ વર્ષ અને બીજા વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓને 10 લાખ રૂપિયાની કુલ 10 સ્કોલરશિપ અને 5 લાખ રૂપિયાની વીસ સ્કોલરશિપ આપવામાં આવશે. આ સ્કોલરશિપ ઉપરાંત સંસ્થા પાસે શૈક્ષણિક અને સર્વાંગી શ્રેષ્ઠતા અને વિશિષ્ટ વિદ્યાશાખાઓના પ્રદર્શન માટે અન્ય પુરસ્કાર છે, જે સંસ્થા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વ્યક્તિઓ અથવા સંસ્થાઓ વતી પુરસ્કારો આપવામાં આવે છે.

સંસ્થાએ તાજેતરમાં બે વર્ષના ફુલ ટાઈમ પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટ (PGP)ના 60મા વર્ગ અને ફૂડ એન્ડ એગ્રીબિઝનેસ મેનેજમેન્ટ (PGP FABM)માં બે વર્ષના પૂર્ણ સમયના પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામની 24મી બેચનું કેમ્પસમાં સ્વાગત કર્યું હતું. કુલ મળીને, 2023-2025માં કુલ 455 શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલાડીઓનો સમાવેશ થાય છે, જેઓ સમગ્ર દેશમાં વિવિધ પૃષ્ઠભૂમિમાંથી આવે છે.

નોંધનીય છે કે, IIM અમદાવાદ દેશની ટોચની મેનેજમેન્ટ કોલેજોમાં સામેલ છે. અહીં દેશ-વિદેશની મોટી કંપનીઓ પ્લેસમેન્ટ માટે આવે છે અને વિદ્યાર્થીઓને કરોડોના પેકેજ પર હાયર કરે છે.

### અનેક લોકો ફસાયાની આશંકા, રેસ્ક્યુ ઓપરેશન

# શહેરના ગોમતીપુરમાં એક બિલ્ડીંગ ધરાશાયી

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં હાલમાં વરસાદી વાતાવરણ વચ્ચે ગોમતીપુરમાં એક બિલ્ડીંગ ધરાશાયી થઈ હોવાના સમાચાર મળી રહ્યાં છે. પ્રાથમિક વિગતો મુજબ બિલ્ડીંગ ધરાશાયી થતા અનેક લોકો ફસાયા હોવાની આશંકા છે. જેને લઈ હવે ફાયર વિભાગની ટીમ દ્વારા તમામને બચાવી લેવા રેસ્કયુ હાથ ધરાયું છે.



અમદાવાદના ગોમતીપુરમાં બિલ્ડીંગ ધરાશાયી થયાના સામે આવ્યા છે. હજી હમણાં જ મણિનગરમાં પણ આવી જ ઘટના સામે આવી હતી.જે બાદમાં હવે ગોમતીપુરમાં બિલ્ડિંગ ધરાશાયી થયાનું ખૂલ્યું છે. સ્થાનિકો મુજબ આ બિલ્ડિંગ ધરાશાયી થઈ તેમાં 30થી વધુ લોકો ફસાયાની આશંકા છે. ઘટનાને લઈ ફાયર વિભાગે રેસ્કયું ઓપરેશન હાથ ધર્યું છે.

અમદાવાદ શહેરના મણિનગર સ્થિત ઉત્તમનગર સ્લમ કવાટર્સની બાલ્કનીનો ભાગ ધરાશાયી થયો હતો. ગુરૂવાર વહેલી સવારે ઉત્તમનગરના સ્લમ ક્વાટર્સની બાલ્કનીનો ભાગ ધરાશાયી થતાં જ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્લમ કવાટર્સના બે મકાનની બાલ્કનીનો ભાગ ધરાશાયી થતાં જ સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો.

# 4 જોડી ટ્રેનોમાં વધારાના કોચ જોડાશે

ગુજરાત | વંદન

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ ડિવિઝનમાંથી ઉપડતી 4 જોડી ટ્રેનોમાં વિવિધ ક્લાસના વધારાના કોચ જોડવામાં આવશે. સાબરમતી-દોલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ, ઈન્દોર-ગાંધીનગર-ઈન્દોર એક્સપ્રેસ, વેરાવળ-અમદાવાદ-વેરાવળ એક્સપ્રેસ અને અમદાવાદ-જમ્મુ તાવી-અમદાવાદ એક્સપ્રેસમાં વધારાના કોચ જોડવામાં આવ્યા છે. આ ઉપરાંત ઉત્તર પશ્ચિમ રેલવેના જોધપુર ડિવિઝનના સમદડી-ભીલડી સેક્શનના જેનલ-ભીલડી સ્ટેશનો વચ્ચે ન્યુ સ્ટેશન બ્લોક કમિશનિંગના સંબંધમાં નોન ઈન્ટરલોકિંગના કારણે ગાંધીધામ-જોધપુર-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ રહેશે.



# AMC અધિકારીઓને કારણે થઈ રહી છે સાબરમતી પ્રદૂષિત

## ગેરકાયદે ફેક્ટરી માલિકો પાસેથી મહિને 1 કરોડનો હપ્તો લેતા હોવાનો આરોપ

ગુજરાત | વંદન

AMCના વિપક્ષી નેતાએ આરોપ લગાવ્યા હતા કે એક તરફ મ્યુનિસિપલ કોર્પોરેશન સ્વચ્છતા સર્વેક્ષણના નામે કરોડો રૂપિયાનો વ્યય કરે છે તો બીજી તરફ સાબરમતી નદીમાં ગંદકીનું સામ્રાજય જોવા મળી રહ્યું છે. આવી વિસંગતતા કેમ ઉભી થઈ છે. તેમાંથી બોધપાઠ લેવાને બદલે સત્તાધારી પક્ષ પોતાના મળતીયા અધિકારી તથા ફેકટરી માલિકો દ્વારા સ્પષ્ટ ભ્રષ્ટ્રાચાર કરવામાં આવી રહયો છે જેને કારણે નદી પ્રદુષિત થઈ રહી છે.

સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચ કર્યા બાદ પણ સાબરમતી નદી પ્રદૂષિત હોવાનું સામે આવ્યું છે. AMCના અધિકારીઓ હાઈકોર્ટની આંખમાં ધૂળ નાખી રહ્યા છે તેમજ AMC દ્વારા સીલ કરાયેલું આઉટલેટ AMCના અધિકારીઓએ જ ખોલી નાખ્યું હોવાના વિપક્ષી નેતા શહેઝાદખાન પઠાણે આરોપ લગાવ્યું હતો. આ ઉપરાંત શહેઝાદખાન પઠાણે ડ્રેનેજ વિભાગના અધિકારીઓ ગેરકાયદે ફેક્ટરી માલિકો પાસેથી મહિને 1 કરોડનો હપ્તો લેતા હોવાના આરોપ લગાવ્યા હતા.

નદીના પ્રદૂષણ બાબતે આરોપ લગાવતા વિપક્ષી નેતાએ કહ્યું હતું કે તંત્ર તથા સત્તાધારી પક્ષ આંખ આડા કાન કરીને ભષ્ટ્રાચારને પ્રાધાન્ય આપે છે જેથી પુરવાર થાય છે કે નદી પ્રદુષિત થવા બાબતે મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશો તેમજ તંત્ર જ જવાબદાર છે. સાબરમતી નદી સ્વચ્છ કરવા બાબતે નિષ્ફળ ગયેલ તંત્રના ભ્રષ્ટ અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેમજ સીલ મારેલ ફેકટરીઓને સીલ ખોલી આપવા બાબતે જે કોઈપણ જવાબદાર હોય તેમની સામે તાકીદે કાર્યવાહી કરવા કોંગ્રેસ પક્ષની માંગણી છે.

નોંધનીય છે કે, અમદાવાદ શહેરની સાબરમતી નદીમાંઅગાઉ ગંદુ પાણી છોડવામાં આવી રહ્યું હતું તેના ઉકેલ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ પરંતુ સાબરમતી નદી હજુ પણ ગંદા પાણીથી ખદબદે છે. આ બાબતે હાઈકોર્ટ દ્વારા લાલ આંખ કરતાં મ્યુનિ. તંત્ર દ્વારા બહેરામપુરા તથા દાણીલીમડા આવેલી ફેકટરીઓ દ્વારા નદીમાં કેમીકલયુક્ત પાણી છોડવાના મામલે ઠપકો સાંભળવો પડ્યો હતો.

## શબ્દોની સંતાકૂકડી 68 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | 3 | ■ | 4 | 5 |
| | ■ | 6 | | 7 | ■ | |
| 8 | 9 | ■ | 10 | | 11 | ■ |
| ■ | 12 | 13 | | ■ | 14 | 15 |
| 16 | | | ■ | 17 | | |
| 18 | | ■ | 19 | ■ | | ■ |
| | ■ | 20 | | | ■ | 21 |

**ઊભી ચાવી**

(1) પગેરું, ખબર [3]
(2) આવાસ, ગૃહ [2]
(3) કુંટુંબ સાથેનું [4]
(5) શ્વાસ ચડી આવવાનો રોગ [2]
(7) એક કઠોળ [2]
(9) વાદળનો અવાજ [4]
(11) રખોપું કરનાર [4]
(13) અવાજ, ધ્વનિ, નાદ [2]
(15) નદીનું પાણી વહી જતું અટકાવવા બાંધવામાં આવે [2]
(16) અવનતિ, અધોગતિ, હાર, પરાજય [3]
(19) અપરાધ, ગુનો, ભૂલ [2]

**આડી ચાવી**

(1) શોભાયાત્રા, વરઘોડો [4]
(4) ઋગવેદ, અર્થવેદ, સામવેદ અને યજુર્વેદ આ ચાર શું છે [2]
(6) સંખ્યા, ગણતરીવાળો ચોક્કસ આંક [3]
(8) કદમ, પગલું [2]
(10) અહીં ગટર શબ્દ આડોઅવળો થયો છે [3]
(12) ઊનું, ધગધગતું [3]
(14) એક લોકોક્તિ - .... તેની જમીન [2]
(16) મુકામ, છાવણી [3]
(17) અહીં વાલમ શબ્દ આડોઅવળો થયો છે [3]
(18) નદીનો કિનારો [2]
(20) ચોંટે તેવું [3]
(21) અડધાનું અડધું [1]

**શબ્દોની સંતાકૂકડી-67નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 સં | 2 જા | ણ | ■ | 3 ન | ■ | 4 ર |
| 5 તા | ગ | ■ | 6 આ | વ | 7 ર | ણ |
| 8 ન | ર | મા | શ | ■ | ક્ત | ■ |
| ■ | ણ | ■ | 9 રો | 10 લ | ■ | 11 ફો |
| 12 રિ | ■ | 13 વા | ■ | 14 સ | મ | જ |
| 15 વા | 16 તા | વ | 17 ર | ણ | ■ | દા |
| 18 જ | જ | ■ | મી | ■ | 19 ચો | ર |

**શબ્દોની સંતાકૂકડી-68 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 70 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 9 | | 4 | | | | |
| | | | | | 5 | 3 | 1 | |
| | 6 | 1 | | | 8 | | 5 | |
| | | 5 | 4 | | | 2 | | 3 |
| | 1 | | | | 7 | | | 8 |
| | 8 | | | | | 7 | | 1 |
| 3 | | 6 | | 1 | 9 | 4 | | 5 |
| 7 | | | | | | | | |
| | | 4 | | 5 | | 6 | 2 | 7 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-70નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 9 | 1 | 4 | 6 | 8 | 7 | 2 |
| 8 | 4 | 7 | 9 | 2 | 5 | 3 | 1 | 6 |
| 2 | 6 | 1 | 3 | 7 | 8 | 9 | 5 | 4 |
| 6 | 7 | 5 | 4 | 8 | 1 | 2 | 9 | 3 |
| 9 | 1 | 2 | 6 | 3 | 7 | 5 | 4 | 8 |
| 4 | 8 | 3 | 5 | 9 | 2 | 7 | 6 | 1 |
| 3 | 2 | 6 | 7 | 1 | 9 | 4 | 8 | 5 |
| 7 | 5 | 8 | 2 | 6 | 4 | 1 | 3 | 9 |
| 1 | 9 | 4 | 8 | 5 | 3 | 6 | 2 | 7 |

# ગુજરાતના અંતરિયાળ ગામોમાં પ્રાથમિક શિક્ષણની શરમજનક સ્થિતિ

## બાળકોને સરખી રીતે વાંચતા, લખતા, ગણતરી કરતા આવડતું નથી

### IAS ધવલ પટેલના પત્ર પછી સરકાર સફાળી જાગી

ગુજરાત | વંદન

ગુજરાતના અંતરિયાળ ગામોમાં પ્રાથમિક શિક્ષણની સ્થિતિ કેટલી હદે ખરાબ છે તે અંગે IAS અધિકારી ધવલ પટેલના પત્ર બાદ શિક્ષણ વિભાગની ભારે ફજેતી થઈ છે. ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં બાળકોને બહુ નબળું શિક્ષણ આપવામાં આવે છે તે બહાર આવ્યા પછી શિક્ષણ વિભાગ ઓચિંતું જાગ્યું છે અને આ અંગે રિપોર્ટ મગાવ્યો છે. વિરોધ પક્ષોએ પણ રાજ્યમાં શિક્ષણના નબળા સ્તર અંગે સરકારની ટીકા કરી છે.

ભૂસ્તર વિજ્ઞાન વિભાગના કમિશનર ધવલ પટેલે પત્રમાં લખ્યુ છે કે, શાળામાં ભૌતિક સગવડો અને શિક્ષકોની સંખ્યા સંતોષકારક હતી. આ સિવાયની તમામ બાબતો ચિંતાજનક હતી. ધવલ પટેલે છોટા ઉદેપુરની ટીમલી પ્રાથમિક શાળાની મુલાકાતના અનુભવ રજૂ કરતાં પત્રમાં લખ્યુ છે કે, શિક્ષણનું સ્તર અત્યંત નિમ્ન કોટિનું હતુ. ધોરણ 8ના વિદ્યાર્થી છૂટક છૂટક અક્ષર અક્ષર વાંચે છે. શબ્દો પણ વાંચી શકતાં નથી. એક આંકડાના સરવાળા પણ ધોરણ 8ના વિદ્યાર્થી વેઢાથી કરે છે અને તે પણ જરૂરી નહિ કે સાચા સરવાળા હોય.



વાષિક કસોટીમાં સમૂહમાં ચોરી કરવામાં આવતી હતી. જ્યારે ગણિત ભણાવતા શિક્ષકને પુછ્યુ ત્યારે તેમણે પણ વિદ્વતાપૂર્ણ જવાબ આપ્યો કે છોકરાઓની ગણતરીમાં ભુલ છે.

રંગપુર (ઝોઝ) પ્રાથમિક શાળાની મુલાકાત સમગ્ર શૈક્ષણિક રણમાં આ શાળા અને મીઠી વીરડી સમાન લાગી. શાળાનું ભૌતિક વાતાવણ બાગ વર્ગખંડોની પરિસ્થિતિ અને બાળકોની શૈક્ષણિક સિદ્ધિઓ સારી લાગી. શિક્ષકો પણ ઉત્સાહી જણાયા હતા. બાળકો પણ પ્રશ્નોત્તરીમાં ઉત્તરો આવડ્યા. શિક્ષકો અને આચાર્યને અભિનંદન આપવા ઘટે. બોડગામ પ્રાથમિક શાળાની મુલાકાત શિક્ષણનું સ્તર અત્યંત દયનીય અવસ્થામાં હતુ. અજવાળુ અને દિવસ જેવા સાદા શબ્દોના પણ વિરોધી શબ્દો આપી શકતા નથી. પરંતુ ઉત્તરવહીમાં જવાબો સાચા લખેલા છે. ધોરણ 8માં ભણતી વિદ્યાર્થીની ભારતના નકશામાં હિમાલય કે ગુજરાત કઇ બાજુ આવેલ છે એ પણ જાણતી નથી. ગણિતમાં ઉપરના વર્ગના વિદ્યાર્થીને આગળના વર્ષના પ્રશ્નપત્ર પરથી આધારિત દાખલો (30+2)કરવા જણાવતાં તેણે (30+2)=28 ગણિને આપ્યુ. અહિ મને અનેરો જાદુ જોવા મળ્યો વિદ્યાર્થીઓએ વાર્ષિક પ્રશ્નપત્રની જવાબવાહીમાં લીબું શરબત બનાવાની આખી રીત અગ્રેજીમાં લખી હતી. પરંતુ વિદ્યાર્થી અગ્રેજીમાં શુ સુચના આપી છે એ પણ વાંચવા માટે અસમર્થ હતા. તેઓ અગ્રેજી શબ્દો પણ ઉકેલવા માટે અસમર્થ હતા. પ્રશ્ન ન સમજ્યા છતાંય જવાબ કેવી રીતે લખી શકે એ બાબતે આપણે તો અનુમાન જ કરી શકીએ કે શાળામાં શિક્ષકોએ પ્રત્યુતર



લખાવ્યા હશે. આના કરતાં અન્ય કોઇ રીતે આ જાદુ સંભવી જ શકે તેમ નથી.

જામલી (ડો) પ્રાથમિક શાળાનું મુલાકાત ધોરણ 4ની એક બાળકીને 15+14 કરવા જણાવ્યુ તો ગણવાના બદલે રડવા માંડી, અન્ય એક વિદ્યાર્થીને 80-36 કરવા જણાવતાં જવાબ 56 લાવેલા. દિવસનો વિરુદ્ધાર્થી શબ્દ બોલવા દણાવ્યુ તો જવાબ આપી શકેલ નહિ. 8 ઘોડાના પગ કેટલા એવો પ્રશ્ન પૂછતાં વિદ્યાર્થી વેઢા પર 8+4 કરવા લાગેલા તે જોઇને શિક્ષકે કીધુ 4નો ઘડિયો બોલ આમ સાદા રકમવાળા દાખલામાં સરવાળો કરવાનો કે ગુણાકાર કરવાનો એની વિભાવના પણ સ્પષ્ટ નથી 6 રાણીખેડા પ્રાથમિક શાળા મુલાકાત ધોરણ 8થી 9 માં ગયેલા વિદ્યાર્થીને પ્રશ્ન પુછ્યો કે એક ઘનની લંબાઇ 10 સેમી હોય કો પૃષ્ઠફળ શોધો. તેણે ઘણુ વિચારીને જબાલ લખ્યો કે 20 પૃષ્ઠફળ હોય છે. ધોરણ 4થી 5માં ગયેલા વિદ્યાર્થીને 3 સેમી ત્રિજયાવાળા વતૃળનો વ્યાસ શોધવા જણાવતાં તેણે કહેલું કે 5 સેમી થાય. ધોરણ 3થી 4માં ગયેલા વિદ્યાર્થીને પુછેલું કે, 16+4 કેટલા તો જવાબ હતો 19. ધોરણ 5થી 6માં ગયેલા વિદ્યાર્થીને 34+12 કરવા જણાવતાં તેણે 38 જવાબ આપ્યો. સાબરમતી પર ક્યાં બંધ આવેલો છે તેનો જવાબ વિદ્યાર્થીઓએ સરદાર સરોવર આપ્યો હતો. કમિશનર ધવલ પટેલે 6 શાળાની મુલાકાત બાદ શિક્ષણ વિભાગને લખ્યુ હતુ કે, આદિવાસી વિસ્તારમાં વિદ્યાર્થીઓ પાસે શિક્ષણ મેળવવાનો બીજો કોઈ વિકલ્પ નથી. આપણે બાળકોને નિમ્નસ્તરનું શિક્ષણ આપી રહ્યા છીએ. બાળકો સાથે અન્યાય કરી રહયા છીએ. આદિવાસી બાળકો પેઢી દર પેઢી મજૂરી કરીને આગળ ન વધે એ આપણે સુનિશ્ચિત કરીએ છીએ. બાળકોને વાલીઓ આપણા પર આંધળો વિશ્વાસ કરી રહયા છીએ તેમની સાથે છળ કરવુંએ નૈતિક અધપતનની પરાકાષ્ઠા છે. ભૌતિક સગવડો અને શિક્ષકોની સંખ્યા પુરતી હોવા છતાં આવું શિક્ષણનું સ્તર કેવી રીતે પ્રાપ્ત કરી શકાય.

ધવલ પટેલ પત્ર બાબતે રાજ્ય સરકરાના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુ હતુ કે, રાજ્યની શાળામાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે મારે સારી નથી પણ જે સ્થિતિ છે એ જાણવી છે. ધવલ પટેલે એમણી વાત કહી છે. તમામ રજૂઓતોને વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં એકત્રિત કરીને તેનું સમીક્ષા કરાશે.

---

### 500 વિદ્યાર્થીઓ પાસ થઇ પહોંચી ગયા વિદેશ

# વિદેશ જવા માટેની GRE ની પરીક્ષા પાસ કરાવવાનું પરીક્ષાનું કૌભાંડ બહાર આવ્યું



**સુરતની એક હોટલમાં ગોઠવ્યું હતું પરીક્ષાનું સંપૂર્ણ સેટઅપ**

પોલીસે આરોપીની પૂછપરછ કરતાં સામે આવ્યું કે જે તે વિદ્યાર્થી માટે એક હોટેલમાં સેટઅપ ગોઠવી આપવામાં આવ્યું હતું. ઓનલાઇન પરીક્ષામાં જે પ્રશ્નો પુછાઇ રહ્યા હોય તે પ્રશ્નોના ફોટા પાડી લઈ વ્હોટ્સએપથી અન્ય એક વ્યક્તિને મોકલવામાં આવતા હતા. જે વ્યક્તિ પ્રશ્નોના જવાબો તાત્કાલિક લખીને મોકલતો જતો. બીજો વ્યક્તિ કે સેટઅપ પર હોય છે તે વ્હોટ્સએપથી મળેલા જવાબ ઓનલાઇન પરીક્ષામાં નિરીક્ષક જોઈ ન શકે તે રીતે લેપટોપની પાછળના ભાગે બેસી બ્લુટુથની કનેક્ટ કરેલા કીબોર્ડ વડે ટાઇપ કરતો હતો. જોકે લેપટોપની સામે બેઠેલા પરીક્ષાર્થીને ફક્ત ટાઈપિંગ કરવાની એક્ટિંગ જ કરવાની હતી જેથી સામેના નિરીક્ષકને શંકા જાય નહિ.

ગુજરાત | વંદન

અમેરિકામાં અભ્યાસ કરવા માટે જરૂરી GRE ની પરીક્ષા પાસ કરાવી આપવાના બહાને વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી કરતા હોવાનું કૌભાંડ સામે આવ્યું છે. અમદાવાદ સાયબર ક્રાઇમ દ્વારા કૌભાંડ આચરનાર ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. અમદાવાદ સાયબર ક્રાઇમને મળેલી એક રજૂઆતને આધારે સાયબર ક્રાઇમે તપાસ કરતા એક મોટું કૌભાંડ સામે આવ્યું છે.

સાયબર ક્રાઇમને માહિતી હતી કે એક કંપની દ્વારા વિદેશ જવા માટેની ઓનલાઇન પરીક્ષા પાસ કરાવી આપે છે અને તે કૌભાંડ સુરત થી ઓપરેટ થઈ રહ્યું છે.જેથી સાઇબર ક્રાઇમ ની ટીમ દ્વારા સુરતની એક હોટલમાં કે જ્યાં પરીક્ષાનું સંપૂર્ણ સેટઅપ ગોઠવાયેલું હતું ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. આરોપીની પૂછપરછ કરતાં સામે આવ્યું કે જે તે વિદ્યાર્થી માટે એક હોટેલમાં સેટઅપ ગોઠવી આપવામાં આવ્યું હતું. ઓનલાઈન પરીક્ષામાં જે પ્રશ્નો પુછાઇ રહ્યા હોય તે પ્રશ્નોના ફોટા પાડી લઈ વ્હોટ્સએપથી અન્ય એક વ્યક્તિને મોકલવામાં આવતા હતા. પોલીસે સમગ્ર કૌભાંડ આચરનાર આંધ્રપ્રદેશના ચેરલાના મહેશ્વરા ચેરલા તેમજ ઓનલાઈન પરીક્ષામાં પુછાયેલા સવાલોના જવાબો મોકલી આપનાર ચંદ્રશેખર ઉર્ફે રાહુલ કરલપૂડીને વડોદરા ખાતેથી

**વિદ્યાર્થી દીઠ 15 હજાર રૂપિયા લેતા હતા કમિશન**

પકડી પાડવામાં આવ્યા છે.

વર્ષ 2020 થી મોટા વરાછા ખાતે વોઈસ ઈમીગ્રેશન નામથી ઓફિસ ધરાવી સ્ટુડન્ટ વિઝા, વિઝિટર વિઝા, ડિપેન્ડન્ટ વિઝાનું કન્સલ્ટીંગનું કામ કરતો હતો. તે છેલ્લાં એક વર્ષથી TOEFL,GREની પરીક્ષાનું રજીસ્ટ્રેશન કરાવી પરીક્ષા પાસ કરાવવા માટે એક વિદ્યાર્થી દીઠ 15 હજાર રૂપિયા કમિશન મેળવતો હતો.

આ સમગ્ર ઓપરેશન પાર પાડવા માટે સાયબર ક્રાઈમે અલગ અલગ 20 થી વધુ પોલીસ કર્મીઓની ટીમ બનાવી આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. હાલતો સાઈબર ક્રાઇમ દ્વારા તમામ આરોપીની પુછપરછ શરૂ કરી છે અને આ કૌભાંડ માં અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ તેમજ કેટલા વધુ વિદ્યાર્થીઓને પરીક્ષા પાસ કરાવી વિદેશ મોકલી આપ્યા છે તે અંગે પણ તપાસ શરૂ કરી છે.

---

ગુજરાત DRIની દમણમાં કાર્યવાહી

# નેધરલેન્ડથી પોસ્ટમાં મોકલવામાં આવ્યું હતું ડ્રગ્સ, 2 પાર્સલ ઝબ્બે

ગુજરાત | વંદન

ગુજરાત DRIએને મોટી સફળતા મળી છે.DRIની ટીમે સંઘ પ્રદેશ દમણમા બાતમીને આધારે રેડ પાડી હતી. જ્યા તપાસ દરમિયાન ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો. સુરક્ષા એજન્સીના અધિકારીની પ્રાથમિક તપાસમાં આ પ્રકરણમાં નેધરલેન્ડની સંડોવણી ખુલવા પામી છે.

ગુજરાત DRIની દમણમાં મોટી કાર્યવાહી, નેધરલેન્ડથી પોસ્ટમાં મોકલવામાં આવેલું ડ્રગ્સ



પકડ્યું, બે અલગ અલગ પાર્સલમાં આઈસ ડ્રગ્સ મોકલવામાં આવ્યા હતા. ગુજરાત DRIને દમણમાં ડ્રગ્સનો જથ્થો ઠલવાઇ તે મામલે બાતમી મળી હતી.જેને લઈને સબંધિત સ્ટાફ દોડી ગયો હતો. જતા તપાસ આદરી નેધરલેન્ડથી પોસ્ટમાં મોકલવામાં આવેલ ડ્રગ્સનો જથ્થો ઝડપી લીધો હતો. નેધરલેન્ડથી દમણમાં પોસ્ટ મારફતે યુવાધને બરબાદીના ખપ્પરમાં હોમવા ડ્રગ્સનો જથ્થો મોકલાયો હતો. જેમાંથી બે અલગ-અલગ પાર્સલમાં આઈસ ડ્રગ્સ પકડી પાડ્યું છે. જેને કબ્જે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. હાલ આ મામલે કોણ સંડોવાયેલ છે? આ કૃત્ય કેટલા સમયથી ચાલતું હતું. તે સહિતની દિશામાં તપાસ લંબાવી છે.

---

### કવિતાના ઉંબરેથી....

## વરસાદમાં યાદ આવે છે.....

તું અને મારા ચિત ચોરી લેનારાએ નખરાઓ
વરસાદમાં બહું યાદ આવે છે
વરસાદનું આગમન થતા તારા ચહેરાનીએ મુસ્કુરાહટ
વરસાદમાં બહુ યાદ આવે છે
ઝરમર વરસાદમાં ભીંજાતા તારા દેહનું એ સૌંદર્ય
વરસાદમાં બહું યાદ આવે છે
વરસાદની વિદાય થતા તારા હૈયાનીએ પ્રસન્નતા
વરસાદમાં બહું યાદ આવે છે.

---

# હાઈકોર્ટ પહોંચ્યો સોખડા હરિધામ મંદિરનો વિવાદ

**» 33 કરોડના ઉચાપત કેસમાં ત્યાગવલ્લભ સ્વામીએ હાઇકોર્ટમાં FIR રદ કરવા અરજી કરી**

ગુજરાત | વંદન

ગુજરાતના રાજકોટમાં સોખડા હરિધામ મંદિરમાં સત્તાનો વિવાદ ઘેરો બની રહ્યો છે. જેમાં 33 કરોડના ઉચાપત કેસમાં ત્યાગ વલ્લભ સ્વામી વિરુદ્ધ નોંધાયેલી એફઆઈઆરને રદ કરવાની હાઈકોર્ટના અરજી કરવામાં આવી છે. આ કેસમાં હાલમાં જ ત્યાગ વલ્લભ સ્વામી વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

નોંધનીય છે કે, રાજકોટમાં 33 કરોડના ઉચાપત કેસમાં સેશન્સ કોર્ટે ત્યાગ વલ્લભ સ્વામી અને સમીર વૈદ્યના આગોતરા જામીન ફગાવ્યા હતા . સોખડા સ્વામિનારાયણ સંપ્રદાય સંચાલિત આત્મીય સંકુલમાં 33 કરોડની



છેતરપિંડી કેસમાં પોલીસે સાધુ ત્યાગવલ્લભ સ્વામી અને ડો.સમીર વૈદ્યને પોલીસે નોટિસ આપતા કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી.

આ કેસમાં 20 પાનાનો ચુકાદો આપતા કોર્ટે ટાંક્યું હતું કે આ કેસમાં બચાવ પક્ષના વકીલ દ્વારા જે પુરાવા રજૂ કરવામાં આવ્યા છે તે અપુરતા છે પ્રથમ દ્રષ્ટિએ આ કેસમાં ઉચાપાત મામલે તપાસ થવી ખૂબ જ જરૂરી છે ત્યારે હાલના તબક્કે આગોતરા જામીન આપી શકાશે નહિ.તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ કેસમાં સરકારી વકીલ તરીકે એસ.કે,વોરાએ દલીલ કરી હતી કે પોલીસ દ્વારા આ કેસમાં તપાસ ચાલી રહી છે.

---

### વડોદરાની ચોંકાવનારી ઘટના

# મફતમાં ક્રેડિટ કાર્ડ એક્ટિવેટ કરવા જતા ગુમાવ્યાં 6.20 લાખ રૂપિયા

ગુજરાત | વંદન

વડોદરાના ભાયાળીમાં રહેતો ફાર્માસિસ્ટ યુવાનને 500 રુપિયા બચાવવા જતાં 6 લાખ ગુમાવવાનો વારો આવ્યો છે. યુવાન સાયબર ફ્રોડ ગેંગનો ભોગ બન્યો હતો અને આ ગેંગે તેની પાસેથી લાખો રુપિયા ખંખેરી લીધા હતા.

મળતી માહિતી અનુસાર ભાયાળીમાં રહેતા રાઠવાએ અજાણ્યા શખ્સો સામે પોલીસ નોરિયાદ નોંધાવી હતી. પોતાની સાથે બનેલી ફ્રોડની આખી ઘટના તેણે પોલીસને કહી સંભળાવી છે. તેણે કહ્યું કે થોડા સમય પહેલા એક્સિસ બેન્કમાંથી ક્રેડિટ કાર્ડ માટે મારા પર ફોન આવ્યો હતો. તેણે આ ઓફર સ્વીકારી અને કુરિયર દ્વારા કાર્ડ તેના ઘરે મોકલવામાં આવ્યું. પરંતુ રાઠવાએ આ કાર્ડ એક્ટિવેટ કર્યું ન હતું કારણ કે તેની વાર્ષિક ફી 500 રૂપિયા હતી.આ વાતના થોડા દિવસ બાદ તેને એક વ્યક્તિનો ફોન આવ્યો હતો જેણે પોતાની ઓળખાણ સૌરભ શર્મા તરીકે આપી હતી અને પોતે એક્સિસ બેન્કનો કર્મચારી હોવાનો દાવો કર્યો હતો. ફોન કરનારે રાઠવાને પૂછ્યું કે તેણે તેનું ક્રેડિટ કાર્ડ કેમ સક્રિય કર્યું નથી. રાઠવાએ તેને કહ્યું કે તેને વાર્ષિક ફી 500 રુપિયા વધારે લાગે છે. ત્યાર બાદ ઠગબાજે જાળ પાથરતાં કહ્યું કે તે આ કાર્ડને ફ્રીમાં એક્ટિવેટ કરી શકે છે, મફતમાં ક્રેડિટ કાર્ડ એક્ટિવેટ થતું હોવાનું જાણીને રાજેશ લલચાયો હતો અને તેણે ઠગબાજે ક્રેડિટ કાર્ડ અને બેન્કની જે પણ વિગતો માગી તે સામે ચાલીને આપી દીધી.

રાઠવાએ ફોન કરનારને કહ્યું હતું કે જો તે મફતમાં સક્રિય થાય તો તે કાર્ડનો ઉપયોગ કરશે.



કાર્ડ અને બેંકની ડિટેલ શેર કરતા જ તેના ખાતામાં ત્રણ હપ્તામાં લગભગ 6.20 લાખ રૂપિયા જમા થઇ ગયા હતા. તે આશ્ચર્યચકિત થઈ ગયો અને ફ્રોડ કોલર સાથે તેના વિશે પૂછપરછ કરી, જેણે કહ્યું કે પૈસા કોઈ બેંકિંગ ભૂલને કારણે જમા થયા હોઈ શકે છે. છેતરપિંડી કરનારે રાઠવાને જણાવ્યું હતું કે તે લોન રદ કરાવી દેશે, અને થોડા કલાકોમાં જ તેના ખાતામાંથી 4.89 લાખ રૂપિયા ડેબિટ થઈ ગયા હતા અને બીજા દિવસે વધુ 1.32 લાખ રૂપિયા ડેબિટ થઈ ગયા હતા.

---

અનુસંધાન પેજ 01 પરથી...

## AC બસમાં..

અનુસાર, નાગપુરથી ઔરંગાબાદ રૂટ પર, બસ પહેલા જમણી બાજુના લોખંડના થાંભલા સાથે અથડાઈ અને પછી બે લેન વચ્ચેના કોંક્રિટ ડિવાઈડર સાથે અથડાઈને બેકાબૂ થઈ ગઈ અને પલટી ગઈ. બસ પલટી જતા જ તે ડાબી બાજુએ પલટી ગઈ, જેના કારણે બસનો દરવાજો નીચે દબાઈ ગયો. જેના કારણે લોકો માટે બહાર નીકળવાનો કોઈ રસ્તો બચ્યો નથી. અકસ્માત બાદ બસનું ઘણું ડીઝલ રોડ પર ફેલાઈ ગયું હતું, જેથી ડીઝલની ટાંકી ફાટી કે પછી ડીઝલની ટાંકીમાંથી એન્જીન સુધીની સપ્લાય પાઈપ ફાટી અને બસમાં આગ લાગી હોવાની આશંકા છે.

જે લોકો બચી ગયા તેમના જણાવ્યા મુજબ, ફક્ત તે જ લોકો બચ્યા જેઓ હાથ વડે બારીના કાચ તોડીને બહાર નીકળવામાં સફળ રહ્યા. બસમાં 33 મુસાફરો હતા, પોલીસે 27 મૃતદેહ બહાર કાઢ્યા છે. 6 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે મૃતદેહોને બસમાંથી બહાર કાઢવામાં આવ્યા છે તે બળી ગયા છે. જેના કારણે મૃતકોની ઓળખ કરવી મુશ્કેલ છે.

પોલીસના જણાવ્યા અનુસાર, અકસ્માતનો ભોગ બનેલી લક્ઝરી બસ નાગપુરથી મુંબઈ જઈ રહી હતી, ત્યારે રાત્રિના લગભગ 1.30 વાગે પિંપલખુટા ગામ પાસે બસ ડિવાઈડર અને પોલ સાથે અથડાઈ હતી. જેના કારણે આગ લાગી હતી. પોલીસે જણાવ્યું કે આઠ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે મુસાફરો નાગપુર, વર્ધા અને યવતમાલના રહેવાસી હતા. પોલીસ તંત્રનું કહેવું છે કે બસ અકસ્માતમાં મૃતકોની ઓળખ માટે ડીએનએ ટેસ્ટ સિવાય કોઈ વિકલ્પ નથી. આ બસ નાગપુરથી નીકળી હોવાથી પોલીસ તંત્ર અને વહીવટીતંત્ર ખાનગી સિટીલિંક ટ્રાવેલ્સના બસ બુકિંગ પોઈન્ટ ઓફિસમાંથી મૃતકનું નામ જાણવાનો પ્રયાસ કરી રહ્યું છે. દુર્ઘટનાગ્રસ્ત બસમાં સવાર મુસાફરોના મોબાઈલ ફોન પણ બળી ગયો હોવાથી તેમનો સંપર્ક કરવો મુશ્કેલ બની રહ્યું છે.

## હવે ટીમ ..

હતો. આ પ્રકારે 3 મહિના સુધી ભારતનું કોઈ જર્સી સ્પોન્સર રહ્યું નહીં, હવે શુક્રવારે મોડી રાતે BCCIએ ડ્રીમ-11 સાથે પાર્ટનરશિપ અંગે એલાન કર્યું.

વેસ્ટઈન્ડિઝ પ્રવાસથી ભારતીય ટીમની જર્સી પર ડ્રીમ-11નો લોગો જોવા મળશે. ભારતની પુરૂષ અને મહિલા ટીમ આ પહેલા અન્ય કોઈ સિરિઝ રમશે નહીં. વેસ્ટઈન્ડિઝનો પ્રવાસ 12 જુલાઈથી શરૂ થશે. અહીં ટીમ ઈન્ડિયા 2 ટેસ્ટ, 3 ODI અને 5 T20 રમશે. ડ્રીમ-11નો કરાર જૂન 2025માં યોજાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ સુધી ચાલશે. BCCI પ્રમુખ રોજર બિન્નીએ કહ્યું, 'ડ્રીમ-11 BCCI સાથે ડીલ કરી ચૂક્યું છે. તેમને ફરી BCCI સાથે આવવા માટે અભિનંદન.

## હવે ભારતમાં..

સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. આજે કરોડો નાના ખેડૂતોને પીએમ કિસાન સન્માન નિધિ મળી રહી છે. કોઈ વચેટિયા નથી, કોઈ બોગસ લાભાર્થીઓ નથી.

અનુસંધાન પેજ 10 પરથી...

## જમીનમાં તિરાડ...

આવે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સોમાલિયન અને ન્યુબિયન પ્લેટો અરેબિયન પ્લેટથી અલગ થઈ રહી છે. લંડનની જિયોલોજિકલ સોસાયટીએ અભ્યાસમાં શોધી કાઢ્યું છે કે આ તમામ પ્લેટો ઈથોપિયામાં અંગ્રેજી અક્ષર વાય આકારની તિરાડ બનાવે છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં પૃથ્વી વિજ્ઞાનના પ્રોફેસર કેન મેકડોનાલ્ડના જણાવ્યાં અનુસાર, ફાટજમીન પરની તિરાડની રચનાની ગતિ ધીમી છે, પરંતુ તેમાં મોટો ભય રહેલો છે.

મેકડોનાલ્ડના કહેવા પ્રમાણે, આવનારા સમયમાં તેની અસર ક્યાં સુધી જશે તે સ્પષ્ટપણે કહી શકાય નહીં. લંડનની જિયોલોજિકલ સોસાયટીના જણાવ્યા અનુસાર કેન્યા અને ઈથોપિયા વચ્ચે પૃથ્વીના ગરમ થવા અને નબળા પડવાના કારણે પૂર્વ આફ્રિકન વિસ્તારમાં તિરાડ પડવાની ઉચ્ચ સંભાવના છે.

આ ગરમીના કારણે પૃથ્વીની અંદરના ખડકોમાં ખેંચાણ સર્જાયું છે. નાસાની અર્થ ઓબ્ઝર્વેટરીના જણાવ્યા અનુસાર, જ્યારે આફ્રિકા બે ભાગોમાં વિભાજિત થશે ત્યારે તિરાડમાં એક નવો સમુદ્ર બની શકે છે. આ નવા પ્રદેશમાં સોમાલિયા, એરિટ્રિયા, જીબુટી, ઈથોપિયા, કેન્યા, તાન્ઝાનિયા અને મોઝામ્બિકનો પૂર્વ ભાગ હશે.

અનુસંધાન પેજ 12 પરથી...

## હાટકેશ્વર બ્રિજની...

પહેલા જ વરસાદમાં બ્રિજ તૂટી જતાં પાલિકામાં વિપક્ષ નેતા ધર્મેશ ભંડેરીએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપ શાસકો લોકો પાસેથી વેરા ઉઘરાવીને ભરાયેલી તિજોરીમાંથી વિકાસકામોના નામે ગુણવત્તા વગરના કામો કરાવીને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. તેનો આ એક નમૂનો છે. પહેલા જ વરસાદમાં બ્રિજનો રોડ બેસી ગયો એ ગંભીર બેદરકારી છે.

ગત 19 મે, 2023ના રોજ આ વેડ-વરિયાવ બ્રિજનું ઉદ્ઘાટન કરાયું હતું. રેલ અને કાપડ રાજ્યમંત્રી દર્શના જરદોશના હસ્તે બ્રિજ ખુલ્લો મૂકીને બ્રિજને તાપી નદી ઉપરના 15મા પુલ તરીકે નોંધપાત્ર ગણાવ્યો હતો. પાલિકાના સિટી ઈજનેર અક્ષય પંડ્યાનું કહેવું હતું કે, આ એપ્રોચને ગ્રાવલ અને ફિલિંગ મિટિરિયલથી રિ-ક્લેઈમ કરીને તૈયાર કરાયો હતો. વરસાદમાં જમીનમાં સેટલમેન્ટ થવાને કારણે આવું થયું હોવાનું અમારું પ્રાથમિક અનુમાન છે.

બ્રિજમાં જેવી તિરાડ પડી અને એપ્રોચ બેસી ગયો કે તરત જ બ્રિજ ઉપરથી પસાર થતાં કેટલાંક લોકોને ખબર પડી હતી એટલે, તાબડતોબ બ્રિજને વાહનોની અવરજવર માટે બંધ કરી દેવાયો હતો અને પાલિકાએ સમારકામની કામગીરી પણ શરૂ કરી દીધી હતી.

## ગુજરાતમાં...

ત્રણ પુત્રી અને એક પુત્ર છે. જેમાંથી બીજા નંબરની 13 વર્ષની નિર્ભયા ( નામ બદલેલ છે) દરરોજ ઘર માટે લાકડા લેવા માટે આજીડેમ ચોકડી નજીક જતી હતી. દરરોજની માફક તેની પુત્રી ગઈ તા.27 ના સાંજના પાંચ વાગ્યાની આસપાસ લાકડા લેવા માટે ગઈ હતી. પરંતુ ત્યાર બાદ તે પરતની આવતા માતા પિતા ચિંતા થઈ હતી અને શોધખોળ કરી હતી. તેનો કોઈ અતો-પતો નહી મળતા છેવટે પોલીસને જાણ કરી હતી. નોધનીય છે કે 2012માં દિલ્હીમાં બનેલી એક ઘટનામાં મેડિકલની એક છાત્રા પર ચાલૂ બસે ગેંગરેપ આચરીને તેના ગુપ્તાંગમાં સળિયા ઘુસાડીને દુષ્કર્મ બાદ કરપીણ હત્યા કરવામાં આવી હતી, ગુજરાતમાં પણ રાજકોટમાં બનેલી આ દુષ્કર્મની ચોંકાવનારી ઘટનામા સગીરા ના હાથ બંધીને દુષ્કર્મ ગુજારી સળિયો નાખી હત્યાં કરવામાં આવી હોવાનું જણાય છે. દુષ્કર્મ કોઈ એક વ્યક્તિ દ્વારા આચરવામાં આવ્યું છે કે બદમાશોની કોઈ ગેંગ છે તે હજુ સ્પષ્ઠ થયુ નથીં.

## રાજ્યમાં ભારે...

મુશળધાર વરસાદ પડતા ચીખલ કુબા નેસમાં આવેલ રાવલ ડેમના બે દરવાજા ખોલવામાં આવ્યા છે જેના પગલે ઉનાના 19 ગામોને ચેતવણી આપવામાં આવી છે.

## ગુજરાતમાં છેલ્લા 24...

3 ડેમ પ્રથમ વરસાદમાં જ ઓવરફ્લો થયા છે. સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને કારણે ઓજત નદીમાં ઉછાળો આવ્યો છે. નદી કિનારે આવેલા ગામોના ખેતરો તળાવ બની ગયા છે. હજારો એકર ખેતીની જમીન ધોવાઈ ગઈ છે, જ્યારે પાકને ભારે નુકસાન થયું છે. ગુજરાતના તમામ 33 જિલ્લામાં વરસાદ પડી રહ્યો છે. કેટલીક જગ્યાએ હળવો વરસાદ પડી રહ્યો છે તો કેટલીક જગ્યાએ વરસાદે જૂના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

## તેજસ્વી યાદવને...

બદનક્ષીનો કેસ ચલાવી સખત સજા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

ગત સુનાવણીમાં ફરિયાદીએ અમદાવાદની મેટ્રો કોર્ટમાં વીડિયોની સીડી, પેન ડ્રાઇવના પુરાવા જરૂરી સર્ટિફિકેટ સાથે આપ્યા હતા. આ દરમિયાન કોર્ટમાં ફરિયાદીનું નિવેદન પણ લેવામાં આવ્યું હતું.

PNB કૌભાંડના આરોપી મેહુલ ચોક્સીની રેડ કોર્નર નોટિસ રદ્દ થવા મામલે નિવેદન આપતા સમયે બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે બફાટ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પર નિશાન સાધતા તેજસ્વી યાદવે તમામ ગુજરાતીઓ પર આપત્તિજનક શબ્દનો ઉપયોગ કર્યો હતો. તેજસ્વી યાદવે કહ્યું હતું કે, બે ઠગ છે. આજે દેશની દશા જોઈએ તો, માત્ર ગુજરાતી જ ઠગ હોઈ શકે છે.

## આજથી શહેરીજનો...

સિસ્ટમ, લાઈફ સેવિંગ સિસ્ટમ સહિત વગેરે સુવિધાઓ હશે. રેસ્ટોરાં ક્રૂઝમાં બેસી બંને તરફ સાબરમતી નદીનો નજારો જોતા ફૂડની મજા માણી શકાય તે રીતે ટેબલ ગોઠવવામાં આવશે. ઉપરના ભાગે પણ લોકો ફૂડની મજા માણી શકે તેવું બનાવવામાં કરવામાં આવ્યું છે.

## ગુજરાતના નિવૃત...

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના રાષ્ટ્રીય પ્રાણી વાઘના સંરક્ષણ માટેના "પ્રોજેક્ટ ટાઈગર" ને 50 વર્ષ પૂરાં થતાં વિશ્વમાં બિલાડીકૂળ ના સાત પ્રાણીઓની સુરક્ષા અને સંવર્ધન માટે "ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ" ની જાહેરાત કરી છે. જેમાં વિશ્વ ના 97 જેટલાં દેશો મેમ્બર બનશે. ભારતમાં એકતરફ બિલાડીકૂળ ના પ્રાણીઓના રક્ષણ માટે જાહેરાત થઈ છે. તો બીજીબાજુ ફાર ઈસ્ટના દેશોમાં વાઘ અને તેના હાકડાં સહીતનાં અવશેષોનો દવા અને શારીરિક-યૌવન શક્તિ વધારવા માટે જબરદસ્ત ડિમાન્ડ છે. જેના કારણે હજુપણ વાઘના શિકારના કિસ્સા બહાર આવી રહ્યાં છે.

આવા જ એક કિસ્સામાં આસામ પોલીસે બુધવારે આસામના ગુવાહાટી નજીક આવેલ ધારાપુરમાં ભાડાના મકાનમાં રહેતાં બે પુરુષ અને બે મહિલાઓની ઝડપી લઈ તેમની પાસેથી તાજેતરમાં જ શિકાર થહેલાં નવ ફૂટ લાંબા વાઘ નું ચામડું, 20 કિલો હાડકાં અને દાંત કબ્જે કર્યા છે.

## ટામેટા અને ડુંગળીની...

1300 રૂપિયા થઈ ગયા હતા. ટામેટા બાદ ડુંગળી મોંઘી થવા પર સામાન્ય જનતા પરેશાન થઈ ગઈ છે. લોકોનું કહેવું છે કે, આવી જ રીતે ડુંગળી, ટામેટા અને લીલા શાકભાજીના ભાવ વધતા રહ્યા તો, આવનારા દિવસોમાં ખાવાના ફાંફા પડી જશે.ટામેટા બાદ ડુંગળી મોંઘી થવા પર સામાન્ય જનતા પરેશાન થઈ ગઈ છે.

# ટાટાએ કરી મોટી ડીલ, 100 મિલિયન ડોલર્સમાં ખરીદી યુએસની કંપની

■ 6થી 9 મહિનામાં ટ્રાન્ઝેક્શન પૂર્ણ થયા પછી કાલેરા ટાટા કોમ્યુનિકેશન્સ લિમિટેડની પેટા કંપની બની જશે

ગુજરાત | વંદન

ટાટા કોમ્યુનિકેશન્સ દ્વારા યુએસ સ્થિત એન્ટરપ્રાઈઝ મેસેજિંગ ફર્મ Kaleyraને ખરીદવાની જાહેરાત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે તે 100 મિલિયનની કેશ-ડીલ છે. ટાટા કંપનીના જણાવ્યા અનુસાર Kaleyraને અમેરિકન ડોલર પ્રમાણે પ્રતિ શેર 7.25ના ભાવે હસ્તગત કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ કંપની NYSE-લિસ્ટેડ કંપની kaleyra પાસેથી $224.9 મિલિયનનું ગ્રોસ ડેબ્ટ અને $149.9 મિલિયનનું નેટ ડેબ્ટ પણ હસ્તગત કરશે.

આ ટ્રાન્ઝેક્શન ટાટા કોમ્યુનિકેશન્સને મજબૂત ક્ષમતાઓ અને સ્કેલ સાથે એક નવું પ્લેટફોર્મ આપશે. છથી નવ મહિનામાં ટ્રાન્ઝેક્શન પૂર્ણ થયા પછી કાલેરા ટાટા કોમ્યુનિકેશન્સ લિમિટેડની પેટા કંપની બની જશે. 31 ડિસેમ્બર 2022ના રોજ સંપૂર્ણ વર્ષ માટે કાલેરાએ US$339.2 મિલિયનની આવક નોંધાવી હતી. માર્ચ ક્વાર્ટરમાં ટાટા કોમ્યુનિકેશન્સના નેટ પ્રોફિટમાં 11%નો ઘટાડો થયો છે. જે હવે 326 કરોડ રૂપિયા છે. તે જ સમયે કંપનીની આવક વધીને 4,586.66 કરોડ રૂપિયા થઈ ગઈ છે. ટાટા કોમ્યુનિકેશન્સને અપેક્ષા છે કે કંપનીની ડેટા આવક FY2027 સુધીમાં બમણી થઈને રૂ. 28,000 કરોડ થઈ જશે. જે વાર્ષિક ધોરણે 18 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

Kaleyra કંપની વિશે વાત કરીએ તો તે બહુવિધ પ્લેટફોર્મ સાથે એકીકૃત સંચાર સેવાઓ પ્રદાન કરે છે. આ કંપની મેસેજિંગ, વિડિયો, પુશ નોટિફિકેશન્સ, ઈ-મેલ અને વૉઈસ-આધારિત સેવાઓ અને ચેટબોટ્સ દ્વારા ટાર્ગેટેડ પર્સનલાઈઝેશન ઑફર કરે છે. ઉલ્લેખનીય છે કે આ ડીલ ટાટા કોમ્યુનિકેશન્સને મજબૂત ક્ષમતાઓ સાથે ઉદ્યોગ-સિદ્ધ પ્લેટફોર્મ મળશે. ટાટા તરફથી કહેવામાં આવ્યું છે કે, "ડીલ 6થી 9 મહિનામાં પૂરી રીતે ફાઈનલ થઈ જશે. આ પછી કૈલેરા ઈન્ક એ ટાટા કમ્યુનિકેશન્સની સબસિડિયરી બની જશે.

Kaleyra સમગ્ર બેંકિંગ, ફાયનાન્શિયલ સર્વિસીઝ, રીટેલ અને ડિજિટલ વાણિજ્ય ઉદ્યોગોમાં બિઝનેસ કોમ્યુનિકેશન માર્કેટમાં મજબૂત હાજરી ધરાવે છે. કંપની પાસે ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને સંશોધન અને વિકાસમાં નિષ્ણાત વ્યાવસાયિકોની ટીમ પણ ઉપલબ્ધ છે.

અમેરિકન કંપનીની નાણાકીય સ્થિતિ જોઈએ તો, Kaleyraએ 31 ડિસેમ્બર 2022ના રોજ પૂરા થયેલા સંપૂર્ણ વર્ષ માટે $339.2 મિલિયનની આવક નોંધાવી હતી. આ કંપનીની સ્થાપના લગભગ 24 વર્ષ પહેલાં Simone Fubini અને Dario Calogero દ્વારા સ્ટાર્ટઅપ તરીકે કરવામાં આવી હતી. ધીમે-ધીમે આ કંપનીએ પોતાને મજબૂત કરી અને NYSEમાં લિસ્ટેડ કંપની તરીકે સ્થાન મેળવ્યું.

ખરેખર હવે એ જોવું રહ્યું કે શેરબજાર આ ડીલ પર કેવી પ્રતિક્રિયા આપે છે. કંપનીના શેરમાં મજબૂતી જોવા મળે તેવી શક્યતા વધુ જણાઈ રહી છે. ટાટા કોમ્યુનિકેશનની આ ડીલની અસર તેના શેર પર પણ જોવા મળી શકે છે. હાલમાં કંપનીનો શેર રૂ. 1,580.05 પર ઉપલબ્ધ છે. બુધવારે તેમાં ભારે ઉછાળો જોવા મળ્યો હતો. પરંતુ છેલ્લા 5 ટ્રેડિંગ સેશનમાં તેમાં ઘટાડો નોંધાયો હતો.

## મોદી સરકારનાં નવ વર્ષ






# રોકાણકારોની સંપત્તિમાં અધધ.. ₹20 લાખ કરોડનો વધારો થયો

### નવ વર્ષ દરમિયાન શૅરબજારનું માર્કેટ કેપ 20 લાખ કરોડ વધીને 28 લાખ કરોડ થયું

ગુજરાત | વંદન

નરેન્દ્ર મોદીના શાસનકાળના નવ વર્ષમાં શૅરબજારના રોકાણકારોને સારો ફાયદો થયો છે. છેલ્લાં નવ વર્ષમાં નિફ્ટીમાં અઢીગણાં કરતાં વધુ વૃદ્ધિ થઈ છે. માર્કેટ કેપમાં ત્રણ ગણા કરતાં વધુ વધારો થયો છે. મોદી સરકારનાં નવ વર્ષના શાસન કાળ દરમિયાન રોકાણકારોની સંપત્તિમાં રૂા. 20 લાખ કરોડનો નોંધપાત્ર વધારો થયો છે. નવ વર્ષ દરમિયાન શૅરબજારનું માર્કેટ કેપ રૂા. 20 લાખ કરોડ વધીને રૂા. 28 લાખ કરોડ જેટલું થયું છે.

વર્ષ 2014થી વર્ષ 2023 દરમિયાન નવ વર્ષમાં વિદેશી રોકાણકારોએ ઈક્વિટી માર્કેટમાં 49.21 અબજ ડૉલરની ખરીદી કરે છે. નવ વર્ષમાં માત્ર બે જ વર્ષ દરમિયાન વિદેશી રોકાણકારોની વેચવાલી જોવા મળી હતી.આ સમયગાળામાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ઈક્વિટી માર્કેટમાં રૂા. 7 લાખ કરોડની ખરીદી કરી છે. નવ વર્ષના સમયગાળામાં માત્ર એક જ વર્ષ 2020માં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી જોવા મળી હતી.

લૉકડાઉનની સ્થિતિની વાત કરીએ તો માર્ચ 2020 બાદ નિફ્ટી-50ની વેલ્યુ વધીને બમણી થઈ છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં ઈન્ડેક્સ નવા ઊંચા રેકૉર્ડ લેવલે પહોંચ્યો હતો. વર્ષ 2022માં જ્યારે વૈશ્વિક અર્થતંત્રમાં સ્લૉડાઉનની સ્થિતિ હતી ત્યારે પણ ભારતીય અર્થતંત્રમાં વૃદ્ધિ જળવાઈ રહી હતી.સેક્ટરલ ઈન્ડાઈસીસમાં 219 ટકા જેટલી વૃદ્ધિ નવ વર્ષના સમયગાળામાં સેક્ટરલ ઈન્ડાઈસીસમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. આ ઈન્ડાઈસીસમાં 219 ટકા જેટલો વધારો જોવા મળ્યો છે.

નવ વર્ષના સમયગાળામાં આઈટી ઈન્ડેક્સ સૌથી વધુ અને ઓટોઈન્ડેક્સ સૌથી ઓછો વધ્યો હતો.મોદી સરકારના નવ વર્ષના શાસનકાળ દરમિયાન નિફ્ટી આઈટી ઈન્ડેક્સ સૌથી વધુ 219 ટકા વધ્યો છે. જ્યારે નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 115 ટકા વધ્યો છે.નિફ્ટી ફાઈનેન્શિયલ સર્વિસીસ ઈન્ડેક્સ 216 ટકા, નિફ્ટી બૅન્ક 190 ટકા, નિફ્ટી એમએનસી 186 ટકા, નિફ્ટી એફએમસીજી 177 ટકા, નિફ્ટી ઈન્ડિયા કન્ઝમ્પશન 117 ટકા, નિફ્ટી સર્વિસીસ સેક્ટર 170 ટકા, નિફ્ટી-50 149 ટકા અને નિફ્ટી એનર્જી ઈન્ડેક્સમાં 115 ટકાની વૃદ્ધિ થઈ હતી.

### સાણંદમાં ટેસ્ટિંગ સવલત ઊભી કરવા 2.75 અબજ ડૉલરનું રોકાણ

# માઈક્રોનની ગુજરાતમાં બનેલી પ્રથમ ચિપ 18 મહિનામાં બજારમાં આવશે

■ ફોકસકોન-વેદાંતાને સેમિકન્ડકટર મેન્યુફેકચરિંગ દરખાસ્ત સુપરત કરવા કહેવાયું છે

ગુજરાત | વંદન




ભારતમાં બનેલી સૌપ્રથમ સેમિકન્ડકટર ચિપ્સ ડિસેમ્બર, 2024માં બહાર આવશે. દેશમાં એક વર્ષમાં જ 4-5 સેમિકન્ડકટર સવલતોનું નિર્માણ થશે, એમ કેન્દ્રીય સંદેશાવ્યવહાર અને આઈટી ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું. માઈક્રોન કંપની નવી ગુજરાત ચિપ ફેકટરી ઊભી કરવા 82.5 કરોડ ડૉલરનું રોકાણ કરશે. માઈક્રોન ગુજરાતના સાણંદમાં સેમિકન્ડકટર ટેસ્ટિંગ સવલત ઊભી કરવા 2.75 અબજ ડૉલરનું રોકાણ કરશે. ફોકસકોન-વેદાંતાને સેમિકન્ડકટર મેન્યુફેકચરિંગ દરખાસ્ત સુપરત કરવા કહેવાયું છે.ગુજરાતમાં માઈક્રોન સેમિકન્ડકટર પ્લાન્ટ માટે જમીનની ફાળવણી થઈ ગઈ છે, ફેકટરી ડિઝાઈન વર્ક અને ટેક્સકોમ્પ્લાયન્સ સંબંધી કરાર થઈ ગયા છે.

અમેરિકન ચિપમેકર માઈક્રોન ટેક્નોલૉજીએ તા. 22 જૂને જાહેર કર્યું હતું કે તે ગુજરાતમાં નવી ચિપ એસેમ્બ્લી અને ટેસ્ટ ફેસિલિટી ઊભી કરવા 82.5 કરોડ ડૉલરનું રોકાણ કરશે. ભારતમાં માઈક્રોનની આ પ્રથમ ફેકટરી હશે. કેન્દ્ર અને ગુજરાત સરકારના સહયોગથી નિર્માણ થનારા આ પ્લાન્ટમાં કુલ રોકાણ 2.75 અબજ ડૉલરનું થશે.

### આ વખતે ગુજરાતમાં ટામેટાનુ ઉત્પાદન ઘટ્યુ

# ટામેટાં મોંઘા! પહેલા સાવ સસ્તામાં મળતા શાકભાજીઓએ સદી ફટકારી

■ દિવાળી સુધી ટામેટાના વધુ ભાવ ચૂકવવા તૈયાર રહેવું પડશે

ગુજરાત | વંદન



ગૃહિણીઓ અને મોંઘવારીના માર્ગ વચ્ચે વધુ એક માર સહન કરવાનો વારો આવ્યો છે. ટમેટા ખિસ્સા માટે પણ લાલચોળ સાબિત થયા છે તો અન્ય શાકભાજીના ભાવ પણ લોકોના મોઢા બગાડી રહ્યા છે. આજથી આશરે 15 દિવસ પહેલા જે ભાવ શાકભાજીનો હતો એમના કરતાં અત્યારે કિલોએ પંદરથી વીસ રૂપિયા વધી ગયા છે. જે ટમેટાના ભાવ આજથી 15 દિવસ પહેલા 50 થી 60 રૂપિયા કિલો હતા તે જ ટમેટાના ભાવ હાલ 100 થી 120 રૂપિયા કિલો પહોંચ્યા હાલમાં જે ટમેટાના ભાવ વધ્યા છે તેનું મુખ્ય કારણ મહારાષ્ટ્ર અને બેંગલોરથી ટામેટાની આવક ઓછી થતાં ટામેટાના ભાવ વધ્યા છે.

આ સીઝનમાં ગુજરાતમાં ટામેટાનું ઉત્પાદન ન થતું હોવાથી રાજ્યનાં ઘણા વિસ્તારોમાં તો મોટાપાયે ભાવ વધ્યા છે ટમેટાના ભાવ આગામી દિવસોમાં પણ ઘટે તેવી સંભાવના ખુબ ઓછી છે. લોકોને દિવાળી સુધી ટમેટા ના ભાવ ચૂકવવા પડે તેવી શક્યતા છે. હવે નવા ટમેટાની આવક દિવાળી બાદ થશે જે બાદ ટમેટા ના ભાવ ઘટે તેવી શક્યતા છે. તો કોથમીર આદુ ઘીસોડા ચોળી ગુવાર ભીંડો સહિત શાકભાજીના ભાવ પણ આસમાને પહોંચે છે. હાલ ટમેટા બાદ સૌથી વધુ ભાવ આદુના થયા છે અત્યારે આદુ રૂા.200 કિલો વેચાય છે તો કોથમરીના ભાવ પણ 150 થી લઈને 200 રૂપિયા કિલો રૂપિયા સુધી વેચાય છે તો ઘીસોડા ના ભાવ પણ 120 રૂપિયા કિલો પહોંચ્યા છે. તો સાથે જ ચોળીના ભાવે પણ સદી મારી છે હાલ ચોળીના ભાવ સો રૂપિયા પ્રતિ કિલો છે તો અન્ય શાકભાજીની હરીફાઈમાં જાણે ગુવાર અને ભીંડો પણ હોય તેમ તેમના ભાવમાં પણ વધારો થયો છે. હાલ ગુવારના એક કિલોના ભાવ 80 રૂપિયા છે તો ભીંડાના એક કિલોના ભાવ પણ 80 રૂપિયા છે. ટમેટા સિવાયના અન્ય શાકભાજીના ભાવ જે વધ્યા છે તે ભાવ વધવા પાછળનું કારણ તાજેતરમાં જ આવેલુ બીપોરજોય નામનું વાવાઝોડું કારણ ભૂત છે.ખાસ કરીને જે શાકભાજી વેલામાં ઉગે છે તેમને બીપોર જોય વાવાઝોડા ના કારણે ખાસ નુકસાન થયું છે. ખાસ કરીને જે શાકભાજી વેલામાં ઉગે છે તેમને બીપોર જોય વાવાઝોડા ના કારણે ખાસ નુકસાન થયું છે. વાવાઝોડા સમયે ફૂકાયેલા પવનના કારણે વેલામાંથી ફૂલ ખરી ગયા હતા તેમજ કેટલાક વેલાઓ તૂટી ગયા છે જેના કારણે હવે તે શાકભાજીની ઘટ વરતાઈ રહી છે આજ કારણથી અત્યારે શાકભાજીના ભાવ ગયા ચોમાસા કરતા પણ વધારે છે.

### માત્ર કૃષિ ક્ષેત્ર તરફથી જ 2024માં રૂા. 8800 કરોડના ઓર્ડર મળવાનો અંદાજ

# કિસાન ડ્રોન યોજનાના પગલે કંપનીઓને ઓર્ડર બુકમાં મોટી વૃદ્ધિની આશા જોવા મળી

■ ડ્રોન કંપનીઓ અને તેમના રોકાણકારો હવે આ તક ઝડપવા માગે છે

ગુજરાત | વંદન



'સરકારે કિસાન ડ્રોન યાત્રા'ની જાહેરાત કરીને ડ્રોન ઉત્પાદન માટે અલગ પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના સાથે તેનું અનુસરણ કર્યું છે. આ પગલાંને કારણે નાની અને મોટી ડ્રોન કંપનીઓને કરોડો રૂપિયાના કુલ ઓર્ડર મળી રહ્યાં છે. તેને કારણે તેઓ અનેકગણી આવક વૃદ્ધિનો અંદાજ મૂકી રહી છે.

ચેન્નઈની ગરુડા એરોસ્પેસે નાણાવર્ષ 2023માં ડ્રોનના વેચાણ અને સર્વિસીસમાંથી રૂા. 50 કરોડની આવક મેળવી હતી. હવે કંપની રૂા. 323 કરોડના મૂલ્યના 8000 ડ્રોન સાથે ઓર્ડર બુક પૂરી કરવાની તૈયારી કરી રહી છે. યોગાનુયોગ આ ઓર્ડર કિસાન ડ્રોન યાત્રાના જ છે.

ફેબ્રુઆરીમાં ગરુડાએ સિરિઝ-એ રાઉન્ડ હેઠળ કુલ 2.2 કરોડ ડૉલરનું ભંડોળ મેળવ્યું હતું, જે ડ્રોન સ્ટાર્ટ-અપ માટે અત્યાર સુધીનું સૌથી મોટું ભંડોળ છે. કંપનીએ જણાવ્યાં પ્રમાણે, આ શિપમેન્ટ્સ તેની આવકને નોંધપાત્ર વધારશે.

ગરુડા એરોસ્પેસના સ્થાપક અને સીઈઓ અગ્નિશ્વર જયપ્રકાશે કહ્યું કે, આવતા વર્ષે કંપની રૂા. 450-રૂા. 500 કરોડની આવકનું લક્ષ્ય રાખે છે. કંપની રૂા. 320 કરોડના ડ્રોનના વેચાણની નજીક પહોંચી છે. નિષ્ણાતોનો અંદાજ છે કે માત્ર કૃષિ ક્ષેત્ર તરફથી નાણાવર્ષ 2024માં રૂા. 8800 કરોડના ડ્રોનનો ઓર્ડર મળવાનો અંદાજ છે. સંરક્ષણ, બિગ એનર્જી, શાપિંગ અને સ્ટીલ કંપનીઓના રૂા. 16,000 કરોડના ઓર્ડર મળવાની સંભાવના છે.

ડ્રોન કંપનીઓ અને તેમના રોકાણકારો હવે આ તક ઝડપવા માગે છે. અગ્નિશ્વરે ઉમેર્યું કે, જો અમારી પાસે પૂરતી સંખ્યામાં સર્વિસ પ્રોવાઈડર હશે તો નવી બજારમાં પ્રવેશીને 20 મહિનામાં લગભગ રૂા. 2000થી રૂા. 2500 કરોડ મેળવવાની ધારણા છે.

ભારતીય ડ્રોન માર્કેટે વર્ષ 2023માં લગભગ પાંચ કરોડ ડૉલરનું રોકાણ આકર્ષ્યું હતું, જે પાછલા વર્ષની સરખામણીમાં ત્રણગણું રોકાણ છે. આ ક્ષેત્રે ટોચનું સ્થાન મેળવવા માટે માત્ર સ્ટાર્ટ-અપ્સ જ નહીં, પણ સ્થાપિત કંપનીઓ પણ પ્રયાસ કરી રહી છે. આ કંપનીઓ કહે છે કે, તમામ સ્તરે વિકાસની તક છે - કૃષિ માટે ડ્રોન ચલાવવાથી લઈને પ્રોડક્ટ એપ્લિકેશન્સ સુધી, તેને સશસ્ત્ર દળો માટે બનાવવા સુધી - કંપનીઓ અપેક્ષા રાખે છે કે ડ્રોન ખરીદી અને સર્વિસ તરીકે ડ્રોનનું બજાર અનેકગણું વધી જશે.

## 50 લાખના 28 ફ્લેટ ખરીદી શકાય એટલી કિંમત છે આ કારની..




દુનિયાના મોંઘી કારના અનેક મોડલ ભારતમાં ઉપલબ્ધ છે. ઓડી, મર્સિડીઝ, રોલ્સ રોયસ સહિતની લકઝરીયર્સ કાર તો તમે ભારતના રોડ પર દોડતી જોવા મળશે પરંતુ બ્રિટિશ બાયોલોજિકલ્સ કંપનીના માલિક વી.એસ.રેડ્ડીએ અંબાણી, અદાણી અને બાકીના અરબોપતિઓને મોંઘી કારના મામલામાં પાછળ છોડી દીધા છે. ભારતની સૌથી મોટી મેડિકલ ન્યૂટ્રિશન મેન્યુફેક્ચરિંગ કંપનીના માલિક વીએસ રેડ્ડી પાસે સૌથી મોંઘી કાર Bentley Mulsanne EWB ewb સેંટેનરી એડિશન ewb છે, જેની કિંમત માત્રને માત્ર 14 કરોડ રૂપિયાથી પણ વધુ છે. આ કારની કિંમતમાં અમદાવાદમાં 50 લાખની કિંમતના 28 ફ્લેટ ખરીદી શકાય.

# સેબીની મંજૂરી: ટાટા ગ્રુપની કંપનીનો 20 વર્ષ પછી આવશે IPO

ગુજરાત | વંદન




ટાટા ગ્રુપની કોઈ કંપનીનો 20 વર્ષ પછી આઈપીઓ આવી રહ્યો છે. ટાટા મોટર્સની સબસિડરી ટાટા ટેક્નોલોજીઝના આઈપીઓને સેબીએ મંજૂરી આપી દીધી છે. આ ઉપરાંત સેબીએ ગાંધાર ઓઈલ રિફાઈનરી (ઈન્ડિયા) લિમિટેડ અને એનબીએફસી કંપની એસબીએફસી ફાઈનાન્સના આઈપીઓને પણ મંજૂરી આપી દીધી છે. ટાટા ટેકનોલોજીઝ સહિતની આ ત્રણ કંપનીઓએ આઈપીઓ માટે ડિસેમ્બર 2022થી માર્ચ,2023 વચ્ચે તેમના ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ રજૂ કર્યા હતા. તેમને 21થી 23 જૂન વચ્ચે મંજૂરી મળી હતી.

ડ્રાફ્ટ પેપર્સ અનુસાર ટાટા ટેક્નોલોજીઝનો આઈપીઓ સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) સ્વરૂપનો છે જેમાં કંપની 9.57 કરોડ ઈક્વિટી શેર વેચશે જે કંપનીની કુલ પેઈડ-અપ શેર કેપિટલના 23.60 ટકા છે.ટાટા ટેક્નોલોજીઝની પેરેન્ટ કંપની ટાટા મોટર્સ 8.11 કરોડ શેર (20 ટકા હિસ્સો) આ આઈપીઓ દ્વારા વેચી દેશે. અન્ય શેરધારકોમાં આલ્ફા ટીસી હોલ્ડિંગ્સ 97.16 લાખ શેર (2.40 ટકા) શેર વેચશે અને ટાટા કેપિટલ ગ્રોથ ફંડ-1 48.58 લાખ ઈક્વિટી શેર (1.20 ટકા) વેચશે.

ગાંધાર ઓઈલ રિફાઈનરી રૂા.357 કરોડની ફ્રેશ ઈક્વિટી ઓફર કરશે અને પ્રોટો 1.2 કરોડ શેર OFSથી વેચશે જેના દ્વારા રૂા.500 કરોડ આસપાસની રકમ મેળવશે. કંપની આ ઈશ્યૂથી મળનારા ફંડમાંથી તેનું દેવું ચૂકતે કરશે અને ઈક્વિપમેન્ટ ખરીદશે. સિલ્વાસા પ્લાન્ટ ખાતે ઓટોમોટિવ ઓઈલની ઉત્પાદન ક્ષમતા વધારવા માટે તેનો ઉપયોગ કરશે. એસબીએફસી ફાઈનાન્સ રૂા.1200 કરોડનો ઈશ્યૂ લાવી રહી છે જેમાં રૂા.750 કરોડની

## અદાણીના 61મા જન્મદિવસે અદાણી ફાઉન્ડેશન દ્વારા રક્તદાન અભિયાન

ગુજરાત | વંદન

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ આદાણીના 61મા જન્મદિવસે અદાણી ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીય સ્તરે રક્તદાન અભિયાન યોજવામાં આવ્યું હતું. આ ઉમદાકાર્યમાં 20,621 યુનીટ એટલે કે અંદાજે 8,200 લીટર રક્તદાન કરવામાં આવ્યું. અદાણી જૂથના કર્મચારીઓએ આ રક્તદાન અભિયાનમાં અભૂતપૂર્વ સહયોગ આપ્યો હતો. એકત્રિત રક્તદાનથી લગભગ 61,000 જીવન બચાવવામાં મદદ મળશે.

અદાણી દિવસ (24 જૂન) ના રોજ 22 થી વધુ રાજ્યોમાં 250 થી વધુ સ્થળોએ આયોજીત રક્તદાન અભિયાનમાં 3000 થી વધુ કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક યોગદાન આપ્યું હતું. દેશમાં રક્તની પૂર્તિ માટે આ અભિયાનથી મોટો ફાયદો થશે. વળી તેનાથી અદાણી ફાઉન્ડેશનના સ્વાસ્થ્ય સેવાઓનો સંકલ્પ વધુ મજબૂત બન્યો છે. ગતવર્ષના 14,657 યુનિટ રેકોર્ડને બ્રેક કરતાં આ વર્ષે વધુ રક્તદાન કરવામાં આવ્યું છે.

અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ. પ્રીતિ અદાણીએ રક્તદાતાઓ પ્રત્યે આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "હું કર્મચારીઓના અદભૂત સમર્થન માટે આભારી છું. આપનું રક્તદાન આપણી સંવેદનશીલતાને પ્રદર્શિત કરે છે. એટલું જ નહીં, તે લોકોમાં સકારાત્મકતા મજબૂત કરવામાં મદદરૂપ થશે. અદાણીના પ્રત્યેક કર્મચારીના સામાજીક સમર્પણની ભાવનાની હું સરાહના કરું છું".

અદાણી ફાઉન્ડેશન સમાજીક પડકારોના સમાધાન માટે અને સતત વિકાસમાં યોગદાન માટે હંમેશા સમર્પિત રહે છે.

# સપ્તાહનો છેલ્લો ટ્રેડિંગ દિવસ શેરબજાર માટે સુપર ફ્રાઈડે રહ્યો

■ સેન્સેક્સ પહેલીવાર 64000ને પાર બંધ, નિફ્ટી ઓલ ટાઈમ હાઈ

ગુજરાત | વંદન




શેરબજારમાં શુક્રવારે બમ્પર ખરીદી જોવા મળી હતી અને સેન્સેક્સ અને નિફ્ટી બંને સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા. સેન્સેક્સ 803.14 પોઈન્ટ વધીને 64,718.56 પર બંધ રહ્યો હતો. આવું પહેલીવાર બન્યું છે. જ્યારે સેન્સેક્સ 64 હજારનો આંકડો પાર કરીને બંધ થયો હતો. તે જ સમયે, નિફ્ટી પણ પ્રથમ વખત 19 હજારના આંકડાને પાર કરીને બંધ થયો હતો. નિફ્ટી 216.95 પોઈન્ટના ઉછાળા સાથે 19,189.05 પર બંધ રહ્યો હતો.

સપ્તાહનો છેલ્લો ટ્રેડિંગ દિવસ સ્થાનિક શેરબજાર માટે સુપર ફ્રાઈડે સાબિત થયો. સેન્સેક્સ BSE અને NSE નિફ્ટી મજબૂત ખરીદારી બાદ ઓલ ટાઈમ હાઈ પર બંધ થયા છે. આ દરમિયાન સેન્સેક્સમાં 800 પોઈન્ટનો વધારો થયો હતો. પ્રથમ વખત નિફ્ટી પણ 216 પોઈન્ટ વધીને 19,189 પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. શુક્રવારના ટ્રેડિંગ સેશન દરમિયાન, જ્યાં સેન્સેક્સ 64,768 ના ઈન્ટ્રા-ડે સ્તરને સ્પર્શ્યો હતો, ત્યાં નિફ્ટી પણ ઓલરાઉન્ડ ખરીદી પછી પ્રથમ વખત 19,201ના સ્તરે પહોંચ્યો હતો. જુલાઈ સિરીઝના પહેલા દિવસે બજારમાં બમ્પર રેલી જોવા મળી હતી. આ સમયગાળા દરમિયાન ઓટો, પીએસયુ બેન્કિંગ અને આઈટી સેક્ટરના શેર્સમાં જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી હતી. શુક્રવારના ટ્રેડિંગ સેશન દરમિયાન, BSE સેન્સેક્સ 1.26% વધ્યો હતો.

# જીડીપીનો ગ્રોથ 2027 સુધી સરેરાશ 6.7 ટકા રહેશે : S&Pની આગાહી

ગુજરાત | વંદન

એસઍન્ડપી ગ્લોબલ રેટિંગ્સના વરિષ્ઠ અર્થશાસ્ત્રી (એશિયા પેસિફિક) વિશ્રુત રાણાએ જણાવ્યું હતું કે ભારતીય અર્થતંત્ર ૨૦૨૬-'૨૭ના નાણાકીય વર્ષ સુધી સ્થાનિક વપરાશના આધારે ૬.૭ ટકાના સરેરાશ વૃદ્ધિદરની અપેક્ષા રાખે છે.તેમણે જણાવ્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષમાં આર્થિક વૃદ્ધિદર છ ટકાની આસપાસ આવવાની ધારણા છે, જે ૨૦૨૨-'૨૩માં જોવા મળેલા ૭.૨ ટકાથી ઓછો છે. રાણાએ એક વેબિનારમાં જણાવ્યું હતું કે અમે વેપારની બાજુથી કેટલીક મુશ્કેલીઓ જોઈ રહ્યા છીએ જે પ્રવૃત્તિને અસર કરી રહી છે અને એ એક પરિબળ છે જે આ વર્ષે વૃદ્ધિને અસર કરી રહ્યું છે. ગત નાણાકીય વર્ષમાં ૭.૨ ટકાની વૃદ્ધિથી મંદીનું કારણ બનેલાં પરિબળો નબળા બાહ્ય વાતાવરણ, માગમાં ઘટાડો અને ખાનગી વપરાશની પ્રવૃત્તિમાં નરમાઈ છે. રાણાએ ઉમેર્યું હતું કે કડક નાણાકીય નીતિ સાથે ગ્રાહક માગ પર થોડી અસર થવાની અપેક્ષા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

# વેકેશનમાં ફરવાની 10 જોરદાર જગ્યાઓ: ફેમિલી-ફ્રેન્ડ્સ સાથે જવા માટે બેસ્ટ છે આ હિલ સ્ટેશન

ભારતમાં મનાલીમાં યાક રાઈડનો આનંદ મહિનાઓ મે અને જૂન છે. તેમાં પણ મે મહિનામાં સૌથી ગરમી હોય છે. આ સાથે બાળકોને પણ આ મહિનામાં રજાઓ હોય છે. જેના કારણે દરેક વ્યક્તિ મે મહિનાની લાંબી રજાઓ હિલ સ્ટેશન અથવા સારી જગ્યાએ વિતાવવાનું પસંદ કરે છે. આવો તો એવી કેટલીક જગ્યાઓ વિશે જણાવીએ જ્યાં તમે મે મહિનામાં મુલાકાત લઈ શકો છો.



**1** પંચમઢી હિલ સ્ટેશન મધ્ય પ્રદેશ રાજ્યમાં આવેલું છે. ઉનાળામાં લોકો ગુફાઓ અને તળાવોની મુલાકાત લેવા પંચમઢી આવે છે. અહીં બોટિંગ અને ટ્રેકિંગ પણ કરી શકાય છે. અહીંની પાંડવ ગુફા ઘણી લોકપ્રિય છે. તમે વોટર ફોલની મજા પણ માણી શકો છો. અહીં ઉનાળાના દિવસોમાં તાપમાન 5 થી 30 ડિગ્રીની વચ્ચે રહે છે.

**2** આંધ્ર પ્રદેશની હર્ષિલ હિલ્સ પણ ઉનાળામાં રાહત માટે બેસ્ટ લોકેશન છે. અહીં તમને વાદળી ગુલમહોર કોરલ અને નીલગિરીના વૃક્ષો જોવા મળશે. અહીંનું વાતાવરણ પણ ઠંડુ રહે છે. વેક્તેશ સ્વામી મંદિર, રામકૃષ્ણ બીચ, ઉંડાવલી ગુફા અહીંની ફેમસ જગ્યામાંથી એક છે.

**3** ગુલમર્ગ જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં આવેલું છે, જેને ભારતનું સ્વર્ગ કહેવામાં આવે છે. અહીં વર્ષના દરેક મહિનામાં બરફ જોવા મળે છે. ગુલમર્ગમાં વિશ્વનો સૌથી પ્રખ્યાત ગોલ્ફ કોર્સ પણ છે. બોલિવૂડની ઘણી ફિલ્મોનું શૂટિંગ પણ અહીં થયું છે.

**4** કૌસાની ઉત્તરાખંડ રાજ્યમાં આવેલુ છે. અહીં ઘણા ગામો છે, જે પોતાની સુંદરતા માટે જાણીતા છે. ઉત્તરાખંડમાં ઘણા હિલ સ્ટેશન છે, જેમાંથી આ એક પહાળોની ટોચ પર આવેલું છે. તેની આસપાસ મોટા પાઈન વૃક્ષો છે.

**5** મુન્નાર કેરળમાં આવેલું છે. અહીંની સુંદરતા અદ્ભુત છે. અહીંના કાર્મિક ગીરી અને હાથી પાર્ક ખૂબ ફેમસ છે. તમે અહીં ટ્રેકિંગ પણ કરી શકો છો. સીતા દેવી તળાવની મુલાકાત લઈ શકો છો, ચાના બગીચાઓ પણ છે જે આંખોને શાંતિ આપે છે. તમે મે મહિનામાં અહીં મુલાકાત લેવા આવી શકો છો.

**6** આવેલું શિલોંગ ઉનાળામાં ફરવા માટેનું શ્રેષ્ઠ સ્થાન છે. તે ભારતના મુખ્ય હિલ સ્ટેશનોમાંથી એક છે. શિલોંગ સુંદર પર્વતો અને વનસ્પતિઓથી ઘેરાયેલું છે. અહીં ઘણા ધોધ પણ છે.

**7** હિમાચલ પ્રદેશમાં આવેલું શિમલા હિલ સ્ટેશનએ ભારતના મુખ્ય હિલ સ્ટેશન પૈકીનું એક છે. ઉનાળામાં લોકો દૂર-દૂરથી અહીં ફરવા આવે છે. શિમલામાં, તમે કુફરી, ચેડવિક ધોધ જેવા સારા સ્થળોની મુલાકાત લઈ શકો છો. અહીં તાપમાન 15 થી 30 ડિગ્રી વચ્ચે રહે છે.

**8** નૈનીતાલનું પ્રખ્યાત નૈની તળાવ બોટિંગ માટે ફેમસ છે. અહીંનું નૈના દેવી મંદિર પણ ખૂબ જ આકર્ષક છે. ઉનાળાના મહિનાઓમાં ફરવા માટે આ બેસ્ટ પ્લેસ છે. ઠંડીનો અનુભવ કરવા માટે તમે મે મહિનામાં અહીં જઈ શકો છો. નૈનીતાલનું સૌથી ઊંચું શિખર નૈના પીક છે જે 2615 મીટર ઊંચું છે.

**9** મનાલીમાં જોવા માટેના શ્રેષ્ઠ સ્થળો સોલાંગ વેલી, ગોમ્પા મઠ અને જોગિની ફોલ્સ છે. મનની શાંતિ માટે હરિ આશ્રમ જઈ શકાય છે. તમે યાક રાઈડનો આનંદ પણ લઈ શકો છો. મે મહિનામાં મનાલીનું તાપમાન 15 ડિગ્રીથી 25 ડિગ્રીની વચ્ચે રહે છે.

**10** ગંગટોક સિક્કિમમાં આવેલ છે, આ જગ્યા પણ બરફથી ઢંકાયેલી છે. ઉનાળાની ઋતુમાં પણ ગંગટોક એકદમ ઠંડુ રહે છે. અહીં તમને પ્રાચીન બૌદ્ધ મઠો અને ચાના બગીચા જોવા મળશે. શિવાલિક ટેકરીઓ ગંગટોકથી 1437 મીટરની ઉંચાઈ પર આવેલી છે. તમે બાબા હરભજન સિંહ મેમોરિયલ ટેમ્પલ, નાથુલા પાસ, ઝાકરી ફોલ્સ, ઝૂઓલોજિકલ પાર્કની મુલાકાત લઈ શકો છો.

# કૂપોષણથી છૂટકારો, શરીરને બનાવશે મજબૂત, અનેક સમસ્યાઓથી ફૂડ અપાવશે રાહત

બાળકોને જન્મથી જ પોષક તત્વોની જરૂર હોય છે. નવજાત શિશુ માટે માતાનું દૂધ સર્વોત્તમ માનવામાં આવે છે. તેનાથી જ તેને પોષણ મળે છે. એવા સમયમાં માતાએ હેલ્ધી ફૂડ્સનું સેવન કરવું જોઈએ. માતાના સ્વાસ્થ્ય પર જ બાળકનું સ્વાસ્થ્ય આધાર રાખે છે. વધતી ઉંમરની સાથે બાળકના ઉછેર માટે પોષણયુક્ત આહારનું સેવન કરવામાં આવે છે. બાળકોમાં પોષણની કમી થવા પર તે કુપોષણના શિકાર થઈ જાય છે.

એક રિપોર્ટ અનુસાર કુપોષણ ડાયેટમાં થતું અસંતુલન છે. જ્યારે કોઈ વ્યક્તિને પર્યાપ્ત પ્રમાણમાં પોષક તત્વો નથી મળી શકતા તો પોષક તત્વોની કમીના કારણે ઘણા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. અને તે વ્યક્તિ કુપોષણનો શિકાર થાય છે.



## બાળકોમાં બૌદ્ધિક વિકાસની કમી

કુપોષણ ઘરાવતા બાળકોમાં બૌદ્ધિક વિકાસમાં કમી, થાક, એનર્જીમાં કમી, શરીરનું ઓછુ વજન, થાક, ચિડચિડાપણુ સીખવામાં મુશ્કેલી જેવા ઘણા લક્ષણ જોવા મળે છે. ત્યાં જ વયસ્કોમાં ભુખ ન લાગવી, થાક, વજન ઘટવું, ડિપ્રેશન, ફેટ, મસલ્સના ટિશ્યૂમાં મુશ્કેલીઓ, બીમારીથી બહાર આવવામાં વધારે મુશ્કેલી થવી, ઈજા ભરાવવામાં વધારે સમય લાગવો કુપોષણના લક્ષણ થાય છે. આવો આજે અમે તમને જણાવીએ કે કુપોષણથી છુટકારો મેળવવા માટે શું કરવું જોઈએ.

## સપ્લીમેન્ટ્સનો ઉપયોગ

કુપોષણના શિકાર થવા પર લોકોને તરત ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. તેના બાદ ડોક્ટરની સલાહ પર જ સપ્લીમેન્ટ્સ લેવી જોઈએ. ડોક્ટરની સલાહ પર ઝિંક, આયોડીન, આયર્ન વગેરે જેવી સપ્લીમેન્ટ્સ લઈ શકો છો. આ કુપોષણથી છુટકારો અપાવવામાં મદદ કરે છે.

## લીલા શાકભાજી

શરીરને સ્વસ્થ્ય રાખવા માટે લીલા શાકભાજીનું સેવન કરવું જોઈએ. લીલા શાકભાજીમાં ઘણા પ્રકારના પોષક તત્વો મળી આવે છે. ગાજર, બીટ, પાલક વગેરેમાં વિટામિન્સ અને પોષકતત્વોનું ભરપુર પ્રમાણ હોય છે. કુપોષણની સમસ્યા થવા પર દૂધી, લાલ ભાજી, પાલક જેવા શાકભાજીનું સેવન કરવામાં આવે છે.

## પ્રોટીન

કુપોષણની સમસ્યા થવા પર પ્રોટીન યુક્ત ફૂડ્સનું સેવન કરવું જોઈએ. પ્રોટીન શરીરને મજબૂતી આપે છે. તેના માટે પનીર, દાળ, દૂધ જેવા ફૂડ્સનું સેવન ફાયદો આપી શકે છે.



## ફળોનું સેવન

કુપોષણથી છૂટકારો મેળવવા માટે તાજા ફળોનું સેવન કરો. કેળા, લીચી, સફરજન, દાડમ, સંતરા જેવા ફળોમાં ભરપૂર પ્રમાણમાં પોષક તત્વો હોય છે. તેના સેવનથી કુપોષણથી મુક્તિ મેળવવા માટે મદદ મળે છે.

**Disclaimer**

આરોગ્ય અને સુખાકારી હેઠળ પ્રકાશિત સામગ્રી સામાન્ય જાણકારી ઉપલબ્ધ કરાવે છે. અહીં પ્રકાશિત લેખ તબીબ, વૈદ્ય, નિષ્ણાત અને રિસર્ચ આધારિત નિષ્કર્ષ પર છે. તમામ નિર્દેશોનું પાલન કરી વાંચકોની જાગૃતિ વધારવાના હેતુથી આ સામગ્રી તૈયાર કરાઈ છે. આ લેખ કોઈ પણ રીતે યોગ્ય ઉપચારનો વિકલ્પ નથી, વધુ જાણકારી માટે હંમેશા નિષ્ણાત કે આપના ચિકિત્સકની સલાહ લેવી.



# તવા પર ચોંટી જતો હોય ઢોસો તો આ ટ્રીક કરો ફોલો

## 5 મિનિટમાં ઉતરવા લાગશે ક્રિપ્સી ઢોસા

સાઉથ ઈંડિયન વાનગીઓમાં ઢોસા સૌથી લોકપ્રિય વાનગી છે. ખાસ કરીને ક્રિસ્પી પેપર ઢોસા કોને ન ભાવે? ચોખા અને દાળના મિશ્રણથી તૈયાર થતાં ઢોસા નાના-મોટા સૌ કોઈને ભાવે છે. આપણે ત્યાં મોટાભાગના ઘરોમાં ઢોસા નોનસ્ટીક પેન પર બનાવવામાં આવે છે. પરંતુ કદાચ તમને ખબર નહીં હોય કે આ વાનગી હકીકતમાં તો લોઢાના તવા પર વધારે સારી બને છે. પરંતુ જો લોઢાના તવા પર ઢોસો કરવામાં આવે તો તે ચોંટી જાય તેનું રીસ્ક વધી જાય છે. પરંતુ તમે લોઢાના તવા પર પણ ક્રિસ્પી પેપર ઢોસો ઉતારી શકો છો. તેના માટે કઈ કઈ વાતોનું ધ્યાન રાખવું પડે છે ચાલો તમને જણાવીએ.

### ઢોસાનું ખીરૂ

જો તમે ઢોસાને ક્રિસ્પી બનાવવા માંગો છો તો ચોખા અને દાળને પીસતી વખતે તેમાં એક મુઠ્ઠી પોહા પણ ઉમેરી જો. તેનાથી ઢોસા ક્રિસ્પી બનશે.

### ઢોસાના ખીરૂમાં રવો ઉમેરો

ઢોસાના બેટર સારી રીતે આથો આવી જાય પછી તેને ઉપયોગમાં લેવાની 30 મિનિટ પહેલા તેમાં થોડો રવો ઉમેરો અને તેને સારી રીતે મિક્સ કરો.

### તવાને દર વખતે બરાબર સાફ કરો

એક ઢોસો ઉતરી જાય પછી બીજા ઢોસા માટે ખીરું તવા પર રેડો તે પહેલા તવાને બરાબર સાફ કરો. તેના માટે એક ભીના કપડાથી તવાને સારી રીતે સાફ કરો.

### તવા પર બટાકુ ઘસો

ઢોસા બનાવતા પહેલા તવાને ગેસ પર રાખી અને તેના પર અડધા બટેટાને તેલવાળું કરી તવા પર ઘસી લો. આમ કરવાથી ઢોસો બરાબર ક્રિસ્પી ઉતરશે.

**ઢોસાનું બેટર વધારે ઠંડુ ન કરવું** | જો તમે ઢોસાનું તૈયાર બેટર લીધું છે તો તે ફ્રિજમાં રાખેલું હશે. પરંતુ ઢોસા બનાવતા પહેલા તે રુમ ટેમ્પરેચર પર આવી જાય તે રીતે રાખવું. ઠંડુ ખીરું હશે તો તવા પર ઢોસો ચોંટશે.

# ફ્રિજમાં રાખેલા લીંબુ સુકાઈ જાય તો ફેંકવાને બદલે આ રીતે કરો ઉપયોગ



લીંબુ એવી વસ્તુ છે જેનો ઉપયોગ રોજ થાય છે. કોઈપણ વાનગી હોય, ચટણી હોય, સલાડ હોય કે પછી શરબત હોય તેમાં લીંબુનો ઉપયોગ દરેક ઘરમાં થાય છે. કેટલીક સ્વાસ્થ્ય સમસ્યાઓમાં પણ લીંબુનો ઉપયોગ કરવામાં આવે છે. તેથી જ દરેક ઘરના ફ્રીઝમાં એક, બે કરતાં વધારે લીંબુ રાખેલા જોવા મળે છે. પરંતુ ઘણીવાર એવું થાય છે કે માર્કેટમાં ઘણા દિવસો ચાલે તે માટે વધારે લીંબુ લઈ આવીએ છીએ પરંતુ તેનો ઉપયોગ થાય તે પહેલા જ તે સુકાવા લાગે છે.

એકવાર લીંબુ સુકાઈ જાય તો તે કડક થઈ જાય છે અને પછી મોટાભાગે ગૃહિણીઓ તેને ફેંકી દેતી હોય છે. પરંતુ શું તમે જાણો છો કે સુકાયેલા લીંબુનો તમે ઉપયોગ કરી શકો છો? જી હાં એકવાર લીંબુ સુકાઈ જાય તો તે નકામા નથી થઈ જતા તેનો ઉપયોગ કરી શકાય છે. આજે તમને જણાવીએ કે કેવી રીતે તમે સુકાયેલા લીંબુને ઉપયોગમાં લઈ શકો છો.

## ચીકણાં વાસણ ધોવા માટે...

કેટલીક વાનગીઓ બનાવ્યા પછી વાસણો ચીકણા થઈ જાય છે. આવા વાસણને સાફ કરવા માટે તમે સુકા લીંબુનો ઉપયોગ કરી શકો છો. સૂકા લીંબુની મદદથી ચીકણા વાસણ સાફ થઈ જાય છે.

## સુકાયેલા લીંબુનો ઉપયોગ કેવી રીતે કરવો ?

### સફાઈ કરવા માટે

સૂકા લીંબુની મદદથી તમે રસોડાના ગંદા થયેલા ચોપિંગ બોર્ડને સાફ કરી શકો છો. તેના માટે પહેલા ચોપિંગ બોર્ડ પર થોડું મીઠું છાંટો અને ઉપર સુકા લીંબુનો ટુકડો ઘસો. પછી તેને સાફ કરો. તેનાથી તમારું ચોપિંગ બોર્ડ એકદમ સાફ થઈ જશે.

### વાનગીમાં આ રીતે કરો ઉપયોગ

લીંબુ સુકાઈ જાય તો પણ તેનો સ્વાદ ખાટો-મીઠો લાગે છે. તેથી તેનો ઉપયોગ તમે સૂપ, સ્ટ્યૂ, કરી વગેરેનો સ્વાદ વધારવા માટે કરી શકો છો. તમે સૂકા લીંબુને પાણીમાં ઉમેરી અથવા તો હર્બલ ટીમાં પણ ઉકાળીને ઉપયોગમાં લઈ શકો છો.

# માત્ર શિયાળો જ નહીં, ત્રણેય સિઝનમાં સ્વાસ્થ્ય માટે સંજીવની સમાન છે 'આમળા', થશે અનેક ફાયદા



આમળા એક એવો ખાદ્ય પદાર્થ છે, જેમાં ભરપૂર માત્રામાં પોષકતત્ત્વો રહેલા છે. આમળામાં વિટામીન સી, એન્ટી ઓક્સિડેન્ટ, કેલ્શિયમ, આયર્ન પોટેશિયમ, ફ્લેવેનોઈડ તથા ફાઈબર સહિત અનેક પોષકતત્ત્વો રહેલા છે. આ તમામ પોષકતત્ત્વોથી અનેક બિમારીઓ સામે રક્ષણ મળે છે. અહીંયા અમે તમને આમળા ખાવાની એક એવી રીત જણાવી રહ્યા છીએ, જેથી આમળા વધુ ગુણકારી બની જાય છે. જેથી પાચન સહિત અનેક સમસ્યા દૂર થાય છે.

## પલાળેલા આમળાના ફાયદા...

પલાળેલા આમળાનું સેવન કરવાથી રોગ પ્રતિકારક શક્તિ મજબૂત થઈ શકે છે. આમળામાં ભરપૂર માત્રામાં વિટામીન સી અને એન્ટી ઓક્સિડેન્ટ રહેલા છે. નિયમિતરૂપે પલાળાલા આમળાનું સેવન કરવાથી અનેક ઈન્ફેક્શન સામે રક્ષણ મળે છે. આમળાનું સેવન કરવાથી વજન ઓછું થાય છે. આમળામાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જેથી વધુ સમય સુધી ભૂખ લાગતી નથી. આમળામાં રહેલ પોષકતત્ત્વને કારણે મેટાબોલિઝમ બૂસ્ટ થાય છે, જેથી શરીરની ચરબી બર્ન થવા લાગે છે. સવારે નિયમિતરૂપે પલાળેલા આમળાનું સેવન કરવાથી ગેસ, અપચો, કબજિયાત અને બ્લોટિંગ જેવી સમસ્યાથી રાહત મળે છે. સવારે નિયમિતરૂપે પલાળેલા આમળાનું સેવન કરવાથી આમળાથી આંખોને ખૂબ જ ફાયદો થાય છે. આમળામાં ભરપૂર માત્રામાં વિટામીન એ, વિટામીન બી, વિટામીન સી તથા વિટામીન ઈ રહેલું છે, જેથી આંખો સ્વસ્થ રહે છે. આમળામાં ભરપૂર માત્રામાં ક્રોમિયમ હોય છે, જથી બ્લડ શુગર લેવલ કંટ્રોલ રહે છે અને હાઈ બીપી નિયંત્રિત રહે છે. તેથી આમળા ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરના દર્દીઓ માટે ખૂબ જ લાભકારી છે.

# વરસાદના પાણીથી થતાં ફંગલ ઈન્ફેક્શનથી બચવા શું કરશો? 6 બાબતોને અનુસરો, નહીં પડે કોઈ તકલીફ

## ભીના કપડાં, ભીના શૂઝ પહેરવાનું ટાળો



### આ વાતોનું રાખો વિશેષ ધ્યાન

ચોમાસાની ઋતુમાં પગની સાથે સાથે આખા શરીરનું પણ ધ્યાન રાખવું જોઈએ. એટલા માટે સવારે સ્નાન કર્યા પછી ભીના શરીર પર કપડાં ન પહેરો, શરીરને યોગ્ય રીતે સૂકવીને કપડાં પહેરો. આ સિઝનમાં લાંબા સમય સુધી પરસેવાથી કે વરસાદથી ભીના કપડાં પહેરવાનું ટાળો.

ચોમાસાનુ વાતાવરણ સુંદર હોય છે પરંતુ સાથે સાથે ચોમાસુ અનેક સમસ્યાઓ પણ લઈને આવે છે. વરસાદની સિઝન આવતા જ બેક્ટેરિયા દરેક જગ્યાએ ઝડપથી વધવા લાગે છે. બેક્ટેરિયા મોટાભાગે પાણી અને ભેજમાં વૃદ્ધિ પામે છે. વરસાદમાં થતી અનેક સમસ્યાઓમાંથી એક ફંગલ ઈન્ફેક્શન છે. આ ઋતુમાં તમે વરસાદના પાણીથી તમારી જાતને ગમે તેટલી બચાવો, પરંતુ તમારા પગ આ ગંદા પાણીની પકડમાં આવી જાય છે. જેના કારણે પગમાં સડો, ખંજવાળ અને ફોલ્લા દેખાવા લાગે છે.

**1. યોગ્ય ફૂટવેર પસંદ કરો** | ચોમાસામાં યોગ્ય ફૂટવેરની પસંદગી કરવી સૌથી જરૂરી છે. આવા હવામાનમાં રબર અથવા પ્લાસ્ટિકના ફૂટવેર પહેરવા વધુ સારું છે. બંધ કપડાના જૂતા અથવા સેન્ડલ પહેરવાનું ટાળો કારણ કે તે પાણીને શોષી લે છે જેના કારણે પગમાં ભેજ જમા થાય છે અને ફંગલ ઈન્ફેક્શન થાય છે.

**2. પોતાના નખોને નાના રાખો** | ચોમાસામાં અંગૂઠાના નખને વધારવાનું ટાળો કારણ કે અંગૂઠાના નખ વધવા એ મોટી ભૂલ હોઈ શકે છે. વરસાદની મોસમમાં તેમાં ગંદકી અને ભેજ એકઠો થાય છે. આ સાથે, સ્કિનનથી ચોંટાડીને નખ ના કાપો, કારણ કે થોડો પણ કટ કે ખંજવાળ પણ ચેપને આમંત્રણ આપી શકે છે.

**3. સ્વતંત્રતા અને શુદ્ધતાનુ પાલન** | તમારા શરીરને શુષ્ક અને સ્વચ્છ રાખો, ખાસ કરીને એવા વિસ્તારોમાં તમને પરસેવો વધારે થાય છે. સાફ-સફાઈના નિયમિત અનુસાર બાથરૂમ, શરીરની કાળજી લો.

**4. ત્વચાની દેખરેખ** | તમારી ત્વચાને સ્વચ્છ અને શુષ્ક રાખવા માટે નિયમિત સ્નાનનું ધ્યાન રાખો. ભીના કપડાં અને ભીના શૂઝ પહેરવાનું ટાળો. આ સિઝનમાં ત્વચાની ખાસ કાળજી રાખો.

**5. મીઠાના પાણીથી પગ ધોવો** | ચોમાસાની ઋતુમાં જો તમારા પગ દિવસભર વરસાદના પાણીમાં ભીના થતા હોય, તો ફંગલ ઈન્ફેક્શનથી બચવા માટે તમારા પગને મીઠાના પાણીમાં બોળી રાખો, આ કરવા માટે- એક ટબમાં પાણી ભરો અને તેમાં બે ચમચી મીઠું નાખો.

## ચેસની રમતને કારણે ક્રિકેટમાં ધૈર્ય રાખતાં શીખ્યો : ચહલ



ગુજરાત | વંદન

ભારતનો લેગ-સ્પિનર યુઝવેન્દ્ર ચહલ ચેસ ઘણું રમ્યો છે અને એને લીધે જ તે હરીફ ટીમના બૅટરને કેવી રીતે જાળમાં ફસાવવો એ બહુ સારી રીતે શીખ્યો છે. વર્લ્ડ યુથ ચેસ ચૅમ્પિયનશિપમાં રમી ચૂકેલો ચહલ દુબઈમાં ચાલી રહેલી ગ્લોબલ ચેસ લીગ (જીસીએલ)ની એસજી અલ્પાઇન વૉરિયર્સ ટીમનો બ્રૅન્ડ-ઍમ્બૅસૅડર છે.

૭૨ વન-ડેમાં ૧૨૧ અને ૭૫ ટી૨૦માં ૯૧ વિકેટ લઈ ચૂકેલા ૩૨ વર્ષના ચહલે જીસીએલને લગતા મુદ્દાના અનુસંધાનમાં પોતાના ચેસની રમતના અનુભવોની વાત કરતાં અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ‘જીસીએલ એટલે ચેસની આઈપીએલ અને એની હવે શરૂઆત થઈ એ બહુ મોટી વાત કહેવાય. સ્પોર્ટ્સમાં મેં પહેલી જર્સી ચેસની સ્પર્ધામાં પહેરી હતી. ત્યાર પછીનાં વર્ષોમાં આ રમતે મને ધૈર્ય રાખતાં શીખવ્યું છે. ક્રિકેટમાં મને ધીરજ રાખવાથી ખૂબ ફાયદો થયો છે, કારણ કે ક્યારેક એવું બને કે બોલિંગ સારી કરી હોય છતાં વિકેટ ન મળી હોય. આ સ્થિતિમાં ધૈર્ય રાખવું ખૂબ જરૂરી બને છે. ચેસની જેમ ક્રિકેટમાં પણ પ્લાનિંગ જરૂરી હોય છે.’

# ગાવસ્કરની ‘દૂરની વિચારસરણી’, ટીમ ઈન્ડિયાના ભાવિ કેપ્ટન તરીકે 3 યુવા ખેલાડીઓના નામ સૂચવ્યાં

ગુજરાત | વંદન

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC ફાઈનલ)ની ફાઈનલમાં મળેલી હાર બાદ ટીમ ઈન્ડિયા ટીકાકારોના નિશાના પર છે. ઓસ્ટ્રેલિયાના હાથે મળેલી હાર બાદ રોહિત શર્માને સુકાનીપદેથી હટાવવાની માંગ ઉઠી છે. ભવિષ્યમાં ટીમનો કેપ્ટન કોને બનાવવો જોઈએ તે અંગે ક્રિકેટ નિષ્ણાતો/ભૂતપૂર્વ ક્રિકેટરોના મત અલગ-અલગ છે. કોઈપણ રીતે, રોહિત શર્મા 36 વર્ષનો છે, આવી સ્થિતિમાં, ઉંમરને જોતા, ટીમ માટે ભાવિ કેપ્ટનની શોધ શરૂ કરવી જોઈએ. ટીમ ઈન્ડિયાના મહાન ઓપનર સુનીલ ગાવસ્કરે ટીમની કેપ્ટનશીપ માટે ત્રણ યુવા ખેલાડીઓના નામ સૂચવ્યા છે.

સની સ્પોર્ટ્સ ટુડે સાથે વાત કરતી વખતે સુનીલ ગાવસ્કરે કહ્યું, ‘(ભવિષ્યના કેપ્ટન તરીકે) શુભમન ગિલ છે અને અક્ષર પટેલ



છે. અક્ષર પટેલ દરેક મેચ સાથે સારો થઈ રહ્યો છે, આવી સ્થિતિમાં તેને વાઈસ કેપ્ટનની જવાબદારી આપીને તેને આ માટે તૈયાર કરવાનું વિચારી શકાય છે. સ્પોર્ટ્સ ટુડે સાથે વાત કરતાં સનીએ કહ્યું, ‘(ભવિષ્યના કેપ્ટન તરીકે) શુભમન ગિલ છે અને અક્ષર પટેલ છે. અક્ષર પટેલ દરેક મેચ સાથે સારો



થઈ રહ્યો છે, આવી સ્થિતિમાં તેને વાઈસ કેપ્ટનની જવાબદારી આપીને આ માટે તૈયાર કરવાનું વિચારી શકાય છે. આ બે અનુભવી બેટ્સમેન ઉપરાંત એક યુવા બેટર પણ આ યાદીમાં સામેલ છે. 23 વર્ષીય શુભમન ગિલે પોતાની ક્લાસિકલ બેટિંગથી ઘણી મોટી ટીમોને હરાવી છે. ગિલે આઈપીએલમાં બે



બેક ટુ બેક સદી પણ ફટકારી હતી. યુવા બેટરની સાતત્યતા જોઈને કહી શકાય કે તે આ ઐતિહાસિક રેકોર્ડની બરાબરી કરી શકે છે.ગાવસ્કરે એમ પણ કહ્યું કે, વિકેટ કીપર બેટ્સમેન ઈશાન કિશન (ઈશાન કિશન) જો ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરે તો તે કેપ્ટનશિપની રેસમાં સામેલ થઈ શકે છે. આવી સ્થિતિમાં તેમના નામ પર પણ વિચાર કરી શકાય છે.

ગાવસ્કરે એમ પણ કહ્યું કે, વિકેટ કીપર બેટ્સમેન ઈશાન કિશન (ઈશાન કિશન) જો ટીમમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરે તો તે કેપ્ટનશિપની રેસમાં સામેલ થઈ શકે છે. આવી સ્થિતિમાં તેમના નામ પર પણ વિચાર કરી શકાય છે.

અજિંક્ય રહાણેને ફરીથી વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમનો વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. સનીના મતે, આ નિર્ણયમાં કંઈ ખોટું નથી, પરંતુ જો કોઈ યુવા ખેલાડીને આ જવાબદારી આપવામાં આવી હોત તો સારું હોત, આ સ્થિતિમાં તે ભવિષ્ય માટે તૈયાર થઈ શક્યો હોત. સુનીલ ગાવસ્કર પણ માને છે કે કેટલાક ખેલાડીઓ સાથે વાત કરતી વખતે ટીમ મેનેજમેન્ટે તેમને કહેવું જોઈએ કે તેઓ ભવિષ્યમાં ભારતીય ટીમની કેપ્ટનશીપ કરી શકે છે.

## જાડેજા દંપતિએ આશાપુરા માતાના મઠ દર્શન કર્યા



ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા પત્ની રીવાબા સાથે માતાના દર્શન કરવા આશાપુરા પહોંચ્યા હતા. તેમની પત્નીએ ટ્વિટર પર કેટલીક ફોટોસ પણ શેર કરી હતી. જાડેજા વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલ બાદ બ્રેક પર છે. તેને વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ અને વનડે સિરીઝ માટે ટીમ ઈન્ડિયામાં સામેલ કરવામાં આવ્યો છે. આ પહેલા તે પરિવાર સાથે સમય વિતાવી રહ્યો છે. જાડેજાએ થોડા દિવસો પહેલા ફાર્મ હાઉસની ફોટોસ શેર કરી હતી. જેમાં તે ઘોડા સાથે જોવા મળ્યો હતો.

## વર્લ્ડ કપ 2023 : ભારતીય ક્રિકેટ ટીમ ક્યારે અને કોની સામે રમશે મેચ, ટીમ ઈન્ડિયાનો સંપૂર્ણ કાર્યક્રમ જાહેર

ગુજરાત | વંદન

આઈસીસી વન-ડે વર્લ્ડ કપ-2023નો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. ક્રિકેટ વર્લ્ડ કપની શરૂઆત 5 ઓક્ટોબરથી થશે. પ્રથમ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 2019ની વર્લ્ડકપ વિજેતા ટીમ ઇંગ્લેન્ડ અને ઉપવિજેતા ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાશે. ફાઈનલ મેચ 19 નવેમ્બરે રમાશે. 46 દિવસ સુધી આ ટૂર્નામેન્ટ ચાલશે. વર્લ્ડ કપની મેચો 10 સ્થળો પર રમાશે. ભારત વર્લ્ડ કપની મેચ ક્યાં રમશે અને કોની સામે રમશે તે વિશે જાણકારી આપી રહ્યા છીએ.

**8 ઓક્ટોબરથી ભારતના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત** | યજમાન ભારત પોતાના વર્લ્ડ કપના અભિયાનની શરુઆત 8 ઓક્ટોબરથી ચેન્નઈમાં પાંચ વખતની વિશ્વ કપ વિજેતા ઓસ્ટ્રેલિયા સામે મેચ રમી કરશે. ભારત લીગ સ્ટેજમાં કુલ 9 મેચો રમશે. અંતિમ લીગ મેચ ભારત 11 નવેમ્બરના રોજ ક્વોલિફાયર-1 સામે રમશે.



### વન ડે વર્લ્ડ કપમાં ભારતની મેચો

- 8 ઓક્ટોબર, ભારત વિ. ઓસ્ટ્રેલિયા, ચેન્નઈ
- 11 ઓક્ટોબર, ભારત વિ. અફઘાનિસ્તાન, દિલ્હી
- 15 ઓક્ટોબર, ભારત વિ. પાકિસ્તાન, અમદાવાદ
- 19 ઓક્ટોબર, ભારત વિ. બાંગ્લાદેશ, પૂણે
- 22 ઓક્ટોબર, ભારત વિ. ન્યૂઝીલેન્ડ, ધર્મશાળા
- 29 ઓક્ટોબર, ભારત વિ. ઈંગ્લેન્ડ, લખનઉ
- 2 નવેમ્બર, ભારત વિ. ક્લોલિફાયર- 2, મુંબઈ
- 5 નવેમ્બર, ભારત વિ. સાઉથ આફ્રિકા, કોલકાત્તા
- 11 નવેમ્બર, ભારત વિ. ક્વોલિફાયર - 1, બેંગ્લુરુ

### અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 5 મેચો રમાશે

- 5 ઓક્ટોબર - ઈંગ્લેન્ડ વિ. ન્યૂઝીલેન્ડ
- 15 ઓક્ટોબર - ભારત વિ. પાકિસ્તાન
- 4 નવેમ્બર - ઈંગ્લેન્ડ વિ. ઓસ્ટ્રેલિયા
- 10 નવેમ્બર - દક્ષિણ આફ્રિકા વિ. અફઘાનિસ્તાન
- 19 નવેમ્બર - ફાઈનલ

### 10 સ્થળો પર રમાશે મેચ

ક્રિકેટ વર્લ્ડ કપની મેચો અમદાવાદ, બેંગ્લુરુ, મુંબઈ, ચેન્નઇ, દિલ્હી, લખનઉ, હૈદરાબાદ, કોલકાત્તા, પૂણે અને ધર્મશાળામાં મેચ રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કુલ 5 મેચ રમાશે. જેમાં ઓપનિંગ મેચ અને ફાઈનલનો પણ સમાવેશ થાય છે. સેમિ ફાઈનલ મુંબઈ અને કોલકાતામાં રમાશે.

## આચારસંહિતા તોડયાની BCCIમાં ફરિયાદ

## મોટો ખુલાસો: IPL 2023 દરમિયાન 4 ભારતીય ખેલાડીઓ હોટલથી થઈ જતાં હતા ગાયબ!



ગુજરાત | વંદન

ભારતનાં 4 યુવા ખેલાડીઓની સામે BCCI લાલ આંખ કરવાની તૈયારીમાં છે. માહિતી અનુસાર કુલ 4 ખેલાડીઓએ IPL 2023 દરમિયાન ટીમની આચારસંહિતાનો ભંગ કર્યો છે. આ ખેલાડીઓ પરમિશન વગર હોટલની બહાર ગયાં હતાં જે બાદ IPLની ટીમે તેમની ફરિયાદ BCCI પાસે કરી હતી.

રિપોર્ટસમાં એવું પણ સામે આવ્યું છે કે આ ચાર ખેલાડીઓ IPLની નોર્થ ઈન્ડિયાની ફ્રેન્ચાઈઝીનાં ખેલાડી છે. એટલે કે લખનઉ સુપરજાયન્ટસ્, પંજાબ કિંગ્સ, દિલ્હી કેપિટલ્સ કે રાજસ્થાન રોલયલ્સ સાથે તેઓ સંબંધ ધરાવે છે. નોર્થ ઈન્ડિયાની ફ્રેન્ચાઈઝીનાં માલિકે પોતે આ વાતનો ખુલાસો કર્યો છે કે તેમના ખેલાડીઓએ IPLમાં 4 વખત આચારસંહિતાનો ભંગ કર્યો છે.

વેસ્ટઈંડીઝ મેચ માટે વનડે અને ટેસ્ટ ટીમમાંથી માત્ર પર્ફોર્મન્સ જ નહીં પરંતુ ખેલાડીઓનો ઓફ ફીલ્ડ વ્યવહાર પણ નોટિસ કરવામાં આવ્યો છે. કદાચ આ જ કારણોસર કેટલાક ખેલાડીઓ વનડે અને ટેસ્ટ ટીમ સુધી નથી પહોંચી શક્યાં. જો કે આ ખેલાડીઓનાં નામ ત્યારે જ સ્પષ્ટ થશે જ્યારે વેસ્ટઈંડીઝ, T20 સીરીઝ માટે ટીમનું એલાન કરશે. BCCI આ મામલામાં જે પ્રકારની કડકાઈ રાખે છે તેને જોતાં લાગતું નથી કે દોષીત ખેલાડીઓ વેસ્ટઈંડીઝ ટી20 સીરીઝમાં રમી શકે.

## હવે ટીમ ઈન્ડિયાની જર્સી પર ‘ડ્રીમ-11’ જોવા મળશે

- ફેન્ટેસી સ્પોર્ટ્સ ગેમિંગ કંપની રૂપિયા 358 કરોડની મુખ્ય સ્પોન્સર બની; 3 વર્ષની ડીલ

ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયાની જર્સી પર હવે BYJU’sની જગ્યાએ ફેન્ટેસી સ્પોર્ટ્સ ગેમિંગ કંપની ‘DREAM-11’ નો લોગો જોવા મળશે. ઈકોનોમિક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, DREAM-11 એ ટીમ ઈન્ડિયાની જર્સીના મુખ્ય સ્પોન્સરશિપ રાઈટ્સ 358 કરોડ રૂપિયામાં ખરીદ્યા છે. આ ડીલ 3 વર્ષ માટે છે.

આ વર્ષે માર્ચમાં ઓસ્ટ્રેલિયા સામેની સિરિઝ બાદ BYJUનો કોન્ટ્રાક્ટ સમાપ્ત થઈ ગયો હતો. આ પ્રકારે 3 મહિના સુધી ભારતનું કોઈ જર્સી સ્પોન્સર રહ્યું નહીં, હવે શુક્રવારે મોડી રાતે BCCIએ ડ્રીમ-11 સાથે પાર્ટનરશિપ અંગે એલાન કર્યું.

વેસ્ટઈન્ડિઝ પ્રવાસથી ભારતીય ટીમની જર્સી પર ડ્રીમ-11નો લોગો જોવા મળશે. ભારતની પુરૂષ અને મહિલા ટીમ આ પહેલા અન્ય કોઈ સિરિઝ રમશે નહીં. વેસ્ટઈન્ડિઝનો પ્રવાસ 12 જુલાઈથી શરૂ થશે. અહીં ટીમ ઈન્ડિયા 2 ટેસ્ટ, 3 ODI અને 5 T20 રમશે. ડ્રીમ-11નો કરાર જૂન 2025માં યોજાનારી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલ સુધી ચાલશે. BCCI પ્રમુખ રોજર બિન્નીએ કહ્યું, ‘ડ્રીમ-11 BCCI સાથે ડીલ કરી ચૂક્યું છે. તેમને ફરી BCCI સાથે આવવા માટે અભિનંદન. ભારતમાં યોજાનાર ODI વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને આ સોદો મહત્ત્વપૂર્ણ છે. સાથે મળીને બંને ભાગીદારો ટુર્નામેન્ટમાં ફેન્સનું એન્ગેજમેન્ટ વધારશે અને તેમના એક્સપીરિયન્સને પણ શ્રેષ્ઠ કરશે.

## એશિઝ: બે દેખાવકારો પિચ સુધી ધસી ગયા, પોલીસે ત્રણને પકડયા

ગુજરાત | વંદન

લોર્ડ્સ ખાતે બીજી એશિઝ ટેસ્ટ મેચમાં જસ્ટ સ્ટોપ ઓઈલ જૂથના બે દેખાવકારો મેદાનમાં પિચ સુધી ધસી આવ્યા હતા અને પરિણામે ટેસ્ટ મેચ થોડી ક્ષણ માટે અટકાવવાની ફરજ પડી હતી. બુધવારે બીજી એશિઝ ટેસ્ટનો પ્રારંભ થયો હતો. ઈંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ લીધી હતી. ટેસ્ટ મેચમાં પર્યાવરણ ચળવળકારોએ મેદાનમાં ધસી આવીને કેસરી રંગનો પાઉડર પિચ પર છાંટવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના ખેલાડીઓએ તેમને આમ કરતા રોક્યા હતા.

ઈંગ્લેન્ડના વિકેટકીપર જોની બેરસ્ટોએ એક દેખાવકારને પકડીને આશરે 50 મીટર સુધી ખેંચી જઈ તેને સુરક્ષાકર્મીઓના હવાલે સોંપ્યો હતો. જ્યારે અન્ય એક દેખાવકાર પણ હાથમાં કેસરી પાવડર લઈને પિચ સુધી પહોંચી ગયો હતો જેને ઈંગ્લેન્ડના સુકાની બેન સ્ટોક્સ અને ઓસ્ટ્રેલિયાના બેટ્સમેન ડેવિડ વોર્નરે પકડી લીધો હતો. આ



દેખાવકારે હાથમાંથી કેસરી રંગનો પાઉડર ઉડાડ્યો હતો પરંતુ તે પિચની બાજુમાં મેદાનના ઘાસ પર પડ્યો હતો. વધુ એક દેખાવકારને બાઉન્ડ્રી કૂદતા પૂર્વે જ પોલીસે રોક્યો હતો અને કુલ ત્રણ શખ્સોની ધરપકડ કરી હોવાનું લંડન મેટ્રોપોલિટન પોલીસે જણાવ્યું હતું, બેરસ્ટો ઝડપથી ડ્રેસિંગ રૂમમાં ગયો હતો અને તેણે પોતાના સફેદ કપડા પર ઉડેલા કેસરી પાઉડરને સાફ કર્યા બાદ તે મેદાનમાં પરત ફર્યો હતો. લોર્ડ્સ ગ્રાઉન્ડ સ્ટાફે પણ ઝડપથી ઘાસ પર પડેલા પાઉડરને સાફ કર્યો હતો. આમ એશિઝ ટેસ્ટ શરૂ થયા બાદ દેખાવકારોના વિરોધને પગલે પાંચ મિનિટ વિક્ષેપ પડ્યો હતો.

## નૅથન ૧૦૦ ટેસ્ટ રમનાર વિશ્વનો પ્રથમ બોલર બન્યો

ગુજરાત | વંદન

ઑસ્ટ્રેલિયાનો સ્પિનર નૅથન લાયન પોતાની નૅશનલ ટીમ વતી એકધારી ૧૦૦ ટેસ્ટ રમનારો વિશ્વનો પહેલો જ બોલર બન્યો છે. તેણે આ ઐતિહાસિક સિદ્ધિ ગઈ કાલે



લૉર્ડ્સમાં ઈંગ્લૅન્ડ સામેની સિરીઝની બીજી ટેસ્ટ રમીને મેળવી હતી. ઑસ્ટ્રેલિયાની ટેસ્ટ-ટીમમાંથી છેલ્લી ૧૦૦ ટેસ્ટમાં લાયનને ક્યારેય ડ્રૉપ નહોતો કરવામાં આવ્યો. કોઈ પણ સ્થળે ટેસ્ટ રમાવાની હોય કે કોઈ પણ હરીફ ટીમ હોય, લાયનને હંમેશાં ટીમમાં સ્થાન મળ્યું છે. અગાઉ કદી કોઈ બોલ રે એકધારી ૧૦૦ ટેસ્ટ રમવાની સિદ્ધિ નહોતી મેળવી. જોકે બૅટર્સમાં ઍલસ્ટર કુક (૧૫૯ ટેસ્ટ)નો વિશ્વવિક્રમ છે. ઍલન બોર્ડર સતત ૧૫૩ ટેસ્ટ રમ્યા હતા. લૉર્ડ્સમાં શરૂ થયેલી ઇંગ્લૅન્ડ સામેની બીજી ટેસ્ટના પ્રથમ દિવસે ઑસ્ટ્રેલિયાએ બૅટિંગ મળ્યા પછી ૭૩ રનની ઓપનિંગ પાર્ટનરશિપ સાથે સારી શરૂઆત કરી હતી, પરંતુ બન્ને ઓપનર ડેવિડ વૉર્નર (૬૬ રન) તથા ઉસ્માન ખ્વાજા (૧૭)ને નવો બ્રિટિશ પેસ બોલર જૉશ ટન્ગ નડ્યો હતો.

## સ્ટીવ સ્મિથે લૉર્ડસમાં હાંસલ કરી ઉપલબ્ધિ: દ્રવિડ-બ્રાયન લારા-પોન્ટીંગ પાછળ

ગુજરાત | વંદન



એશેઝ શ્રેણીની બીજી ટેસ્ટના પહેલાં દિવસે ઑસ્ટ્રેલિયાના દિગ્ગજ બેટર સ્ટિવ સ્મિથે મોટી ઉપલબ્ધી હાંસલ કરી છે. તેણે પોતાની ૯૯મી ટેસ્ટમાં નવ હજાર રન પૂરા કરી લીધા છે. ઈનિંગના હિસાબથી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી ઝડપથી નવ હજાર રન બનાવવા મામલે સ્મિથ દિગ્ગજ રાહુલ દ્રવિડ, બ્રાયન લારા, રિકી પોન્ટીંગને પાછળ છોડી ચૂક્યો છે. જો કે શ્રીલંકાના પૂર્વ ક્રિકેટર કુમાર સંગાકારાને તે પાછળ છોડી શક્યો નથી. સ્મિથની સરેરાશ 56.61ની છે અને તેણે 37 ફિફટી તો 31 સદી બનાવી છે.

સંગાકારાએ 172 ઈનિંગમાં 9000 ટેસ્ટ રન પૂરા કર્યા હતા જ્યારે સ્મિથે આ માટે 174 ઈનિંગ લીધી હતી. રાહુલ દ્રવિડે 176, બ્રાયન લારાએ 177 અને રિકી પોન્ટીંગે પણ 177 ઈનિંગ લીધી હતી. ટેસ્ટ મેચમાં પહેલાં બેટિંગ કરતાં પ્રથમ દિવસની રમતના અંત સુધીમાં ઑસ્ટ્રેલિયાએ પાંચ વિકેટે 339 રન બનાવી લીધા છે જેમાં સ્મિથ 85 અને કેરી 11 રન બનાવી રમતમાં છે. ઑસ્ટ્રેલિયાએ બીજા સેશનમાં ઓપનિંગ બેટર ડેવિડ વૉર્નર (66 રન)ની વિકેટ ગુમાવી હતી તો વધુ 117 રન જોડ્યા હતા.

## મે ઈંજેક્શન લીધા અને..’ એબી ડિવિલિયર્સએ વર્લ્ડ કપની પહેલા સિક્રેટ રાજ ખોલ્યું, કહાની જાણવા જેવી

ગુજરાત | વંદન

દક્ષિણ આફ્રિકાના પૂર્વ કેપ્ટન એબી ડી વિલિયર્સની તોફાની બેટિંગથી ભાગ્યે જ કોઈ ચાહકો અજાણ હશે. 2015 ની વેસ્ટ ઈન્ડિઝ સામેની વર્લ્ડ કપની મેચમાં એબીડીએ માત્ર 66 બોલમાં 162 રન કરી અને અણનમ રહ્યો હતો. આ દરમિયાન તે દક્ષિણ આફ્રિકાનો કેપ્ટન હતો અને તેણે પોતાની ઈનિંગ દરમિયાન 17 ફોર અને આઠ સિક્સર ફટકારી હતી આ તોફાની બેટિંગના કારણે દક્ષિણ આફ્રિકાએ 408 જેટલા રન બનાવ્યા હતા. હેવે તેને ખુલાસો કર્યો છે કે આ મેચ પહેલા તે બીમાર હતો.

એક ઈન્ટરવ્યૂ દરમિયાન તેણે ખુલાસો કર્યો હતો કે મેચની સવારે તે બીમાર હતો અને વેસ્ટ ઈન્ડિઝ સામેની મેચ પહેલા તે વોર્મ અપ પણ નહોતો કર્યો. તેણે કહ્યું હતું કે બેટિંગ પહેલા તે ઊંઘ લઈ રહ્યો હતો કારણ કે દવાઓને કારણે તેની ઊંઘ વેરણ થઈ હતી. જીઓ સિનેમાના હોમ ઓફ ફિરોઝ પર તેમણે સમગ્ર સ્થિતિ વર્ણવતા કહ્યું કે સીડની ક્રિકેટ ગ્રાઉન્ડમાં 2015 ની આ વાત છે. ત્યારે અમે વેસ્ટ ઈન્ડીઝ સામે વર્લ્ડકપ રમી રહ્યા હતા. આ દરમિયાન હું નર્વસ હતો પરંતુ મારા માટે કરો યા મરોનો મેચ હતો. મેચ અગાઉ સવારે ત્રણ વાગ્યે હું બીમાર થઈ ગયો અને અમે ઈન્જેક્શન લીધા ત્યારબાદ ઊંઘ આવી ન હતી. બાદમાં ગ્રાઉન્ડ પર પહોંચી મેં કોચને વોર્મ અપ કરવાને બદલે સુવા માટે કહ્યું હતું.

## ‘આ મારો બીજો જન્મ છે’

## કાર અકસ્માત બાદ ઋષભ પંતે જન્મ તારીખમાં કર્યો ફેરફાર

ગુજરાત | વંદન

ટીમ ઈન્ડિયાના સ્ટાર વિકેટકિપર-બેટર ઋષભ પંત અત્યારે ક્રિકેટથી દૂર છે. પંત પાછલા વર્ષે કાર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થઈ ગયો હતો. અત્યારે તે નેશનલ ક્રિકેટ એકેડેમીમાં સાજો થઈ રહ્યો છે. કાર અ કસ્માતે પંતની જિંદગી ઘણી બદલી નાખી છે. આ બધાની વચ્ચે તેણે સોશ્યલ મીડિયા પર એક મોટો ફેરફાર કર્યો છે.

ઋષભ પંતનો જન્મ ચાર ઑક્ટોબર-1997ના ઉત્તરાખંડના રુડકીમાં થયો હતો. પંત 30 ડિસેમ્બર-2022ના કાર અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયો હતો. આવામાં તેણે હવે તમામ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મના બાયોમાં પોતાની જન્મ તારીખ




બદલી નાખી છે. પંતને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સના બાયોમાં ફેરફાર કરતા બીજી જન્મતારીખ 1 જાન્યુઆરી-2023 લખી છે. પંતની કાર 30 ડિસેમ્બરે સવારે અંદાજે 5:30 વાગ્યે રુડકીની નારસન બૉર્ડર પર હમ્મદપુર ઝાલની નજીક રેલિંગ સાથે ટકરાઈ હતી. આ અકસ્માત બાદ કારમાં આગ લાગી હતી અને દુર્ઘટનામાં પંત ગંભીર રીતે ઘાયલ થયો હતો. આ ઘટના બાદ તે દહેરાદૂનમાં દાખલ થયો હતો ત્યારપછી તેને એરલિફ્ટ કરીને મુંબઈ લવાયો હતો.

**અપગ્રેડ** BCCI લખનૌ સ્ટેડિયમ પર વધુ ધ્યાન આપી રહ્યું છે

## વર્લ્ડ કપ પહેલા સ્ટેડિયમોનું થશે સમારકામ, BCCI આપશે 50-50 કરોડ




ગુજરાત | વંદન

વનડે વર્લ્ડ કપ 2023ની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ વખતે વર્લ્ડ કપ ભારતમાં યોજાવાનું છે. આ ટુર્નામેન્ટની પ્રથમ મેચ અમદાવાદમાં 5 ઓક્ટોબરે રમાશે. તેથી BCCIએ સ્ટેડિયમોને સુધારવાનું કામ શરૂ કરી દીધું છે. BCCI લગભગ 7 સ્ટેડિયમોમાં સુધારણાનું કામ કરાવશે. એક અહેવાલ અનુસાર BCCI આ સુધારણા માટે 50-50 કરોડ રૂપિયા આપશે. આ લિસ્ટમાં કોલકાતાના ઈડન ગાર્ડન્સથી લઈને લખનૌના અટલ વિહારી બાજપેયી સ્ટેડિયમનો સમાવેશ થાય છે.

BCCI મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં નવી ફ્લડલાઈટ લગાવશે. આ સ્ટેડિયમમાં કોર્પોટ બોક્સ પણ લગાવવામાં આવશે. કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમના ડ્રેસિંગ રૂમને અપગ્રેડ કરવામાં આવશે. ધર્મશાળામાં નવું આઉટફિલ્ડ તૈયાર કરવામાં આવી રહ્યું છે. પૂણેના સ્ટેડિયમમાં રૂફિંગનું કામ કરવામાં આવશે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં સીટો અને ટોયલેટનું સમારકામ કરવામાં આવશે. અહીં ટિકિટ સિસ્ટમ પણ અપગ્રેડ કરવામાં આવશે. લખનઉના સ્ટેડિયમમાં પીચ વર્ક કરવામાં આવી રહ્યું છે. ચેન્નઈમાં પણ પીચ વર્ક કરવામાં આવશે. તેની સાથે LED લાઈટ લગાવવામાં આવશે.

મળેલા અહેવાલો અનુસાર BCCI લખનઉના ભારત રત્ન શ્રી અટલ વિહારી બાજપેયી સ્ટેડિયમ પર ખાસ ધ્યાન આપી રહ્યું છે. IPLની મેચો અહીં રમાતી હતી. આ મેચો લો સ્કોરિંગ હતી. જેના કારણે પીચની ટીકા થઈ હતી. તેથી જ હવે અહીં વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સ્ટેડિયમમાં 11 નવી પીચો તૈયાર કરવામાં આવી છે. જમીન પર નવા ઘાસનું વાવેતર પણ કરવામાં આવ્યું છે. અહીં 29 ઓક્ટોબરે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની મેચ રમાશે. વર્લ્ડ કપ 2023ની કુલ 5 મેચો અહીં રમાશે. ભારત-ઈંગ્લેન્ડની સાથે ઓસ્ટ્રેલિયા-દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને ક્વોલિફાયર 2 ટીમ વચ્ચે મેચ રમાશે.

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની સાથે ડિજિટલ માર્કેટિંગમાં કારકિર્દી માટેની ટીપ્સ

## કૃત્રિમ બુદ્ધિ (એઆઇ) વ્યક્તિગત માર્કેટિંગ ઝુંબેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, રોજગારીની તકો વધશે

ગુજરાત | વંદન

ડિજિટલ માર્કેટિંગનું ભવિષ્ય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ક્રાંતિ લાવવા માટે તૈયાર છે. કૃત્રિમ બુદ્ધિમત્તામાં ઝડપી પ્રગતિ સાથે, આ ક્ષેત્રના વ્યાવસાયિકો અભૂતપૂર્વ સ્તરની કાર્યક્ષમતા અને સચોટ પરિણામોની અપેક્ષા રાખી શકે છે. તાજેતરના સંશોધન મુજબ, 72% માર્કેટિંગ વ્યાવસાયિકો માને છે કે કૃત્રિમ બુદ્ધિ વ્યક્તિગત માર્કેટિંગ ઝુંબેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, જેનાથી ગ્રાહક જોડાણમાં 45% વધારો થશે.

વધુમાં, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંચાલિત ચેટબોટ્સ 2023 સુધીમાં 85% ગ્રાહકોની ક્રિયાપ્રતિક્રિયાઓને હેન્ડલ કરવાનો અંદાજ છે. તેનો અર્થ એ કે ગ્રાહક સાથેની 85% વાતચીત ચેટ બોટ દ્વારા કરવામાં આવશે.

આનાથી સૌથી મોટો ફાયદો ગ્રાહકને જવાબ આપવામાં જે સમય લાગે છે તે થશે, તેમાં 90%નો ઘટાડો થશે અને તેનાથી ગ્રાહકોની સુવિધામાં પણ વધારો થશે. આવી સ્થિતિમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં તેને કારકિર્દીના વિકલ્પ તરીકે અપનાવીને આપણું ભવિષ્ય કેવી રીતે સુરક્ષિત કરી શકાય, ડિજિટલ માર્કેટિંગ એક્સપર્ટ દ્વારા અપાયેલી કેટલીક મહત્વની ટીપ્સ...

AI માર્કેટિંગ વ્યૂહરચનાકાર: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માર્કેટિંગ વ્યૂહરચનાનો અભિન્ન ભાગ બની જાય છે, કંપનીઓને એવા નિષ્ણાતોની જરૂર પડશે જેઓ AI-સંચાલિત ઝુંબેશ ડિઝાઈન કરી શકે. વિકાસ અને




અમલ. યુએસ બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સ અનુસાર, AI માર્કેટિંગ વ્યૂહરચનાકારોની માંગ 2026 સુધીમાં 29% વધવાનો અંદાજ છે.

ડેટા વિશ્લેષક: AI મોટી માત્રામાં ડેટા જનરેટ કરે છે અને તેમાંથી ઉપયોગી માહિતી ઓળખવા માટે કુશળ ડેટા વિશ્લેષકોની જરૂર પડશે. યુએસ બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સના અન્ય અહેવાલ મુજબ, ડેટા વિશ્લેષકની સ્થિતિ 2029 સુધીમાં 27% વધવાની અપેક્ષા છે.

ચેટબોટ ડેવલપર: AI-સંચાલિત ચેટબોટ્સ ગ્રાહક સેવામાં સર્વવ્યાપક બની રહ્યા છે. વિવિધ ક્ષેત્રો અને તેમની જરૂરિયાતો અનુસાર નવા ચેટબોટ્સ બનાવવા માટે ચેટબોટ ડેવલપર્સની જરૂર પડશે. ચેટબોટ્સનુ બજાર 29.7% ના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) સાથે 2025 સુધીમાં $1.25 બિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે.

AI કોપીરાઈટર: AI-સંબંધિત સામગ્રી ઝડપથી અને અસરકારક રીતે જનરેટ કરવા માટે કુશળ કોપીરાઈટર્સની જરૂર પડશે. વૈશ્વિક AI કોપીરાઈટીંગ માર્કેટ 2026 સુધીમાં $1 સુધી પહોંચવાની ધારણા છે. આ તે સમય છે જ્યારે વિવિધ શિક્ષણ બોર્ડ અને તમામ યુનિવર્સિટીઓએ પણ તેમના પરિણામો જાહેર કર્યા છે. આવી સ્થિતિમાં, તમામ યુવાનો વધુ સારા કારકિર્દી વિકલ્પો તરફ જોઈ રહ્યા છે, જે ફક્ત ભવિષ્યમાં જ સુસંગત રહેશે.

# 50 રૂપિયાની થાળી જમતા પહેલા વિચારજો, ક્યાંક ફસાઈ ના જાઓ!

## ‘દિલ્લી કા ઠગ’ ભેગાભાજ ઢાબા માલિકની ચોરી ઉપર સિરજોરી, ગ્રાહકને ધમકાવી પૈસા પડાવ્યાં

ગુજરાત | વંદન

તમે પણ ક્યારેકને ક્યારેક તો રેલવે સ્ટેશન પાસે રહેલા ઢાબા અથવા હોટેલમાં જમ્યા હશો. પરંતુ શું તમારી સાથે ક્યારેય ઠગાઈ થઈ છે? જેમ કે, તમે જમવા માટે ઢાબા અને હોટેલમાં ગયા હો અને ત્યાંના માલિકે પહેલા તમે કોઈ ડિશનો ભાવ ઓછો કહ્યો હોય અને જમ્યા બાદ મસમોટું બિલ પકડાવી દીધું હોય. જો તમારી સાથે ક્યારેય પણ આવું થયું હોય તો આવી ઠગાઈનો શિકાર બનનારા તમે એકલા નથી! સોશિયલ મીડિયામાં એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક શખ્સ જણાવી રહ્યો છે કે તે જ્યારે નવી દિલ્હી રેલવે સ્ટેશન પાસે પહાડગંજના એક ઢાબામાં જમવા ગયો તો તેને કેવી રીતે બિલ વખતે લૂંટી લેવામાં આવ્યો તે પ્રકાશમાં આવ્યું છે.



ટ્વિટર હેન્ડલ પર શેર કરેલા વીડિયોમાં શખ્સે જણાવ્યું કે, તે જ્યારે ઢાબા પર જમવા માટે ગયો ત્યારે તેના માલિકે એક પ્લેટની કિંમત 50 રૂપિયા કહી હતી પરંતુ બિલ 950 રૂપિયાનું પકડાવી દીધું હતું. જ્યારે શખ્સે વીડિયો બનાવવા લાગ્યો તો સ્ટાફે દબંગગીરી કરી હતી અને તેના કેમેરાને નીચે પછાડી દીધો હતો. હવે તે ઘટનાનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે, જે જોયા બાદ લોકો કહી રહ્યા છે કે આ પ્રકારની ઘટના તો તેમના શહેરમાં પણ જોવા મળે છે. ખાસ કરીને રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન પાસેની હોટેલોમાં.

આ વીડિયો દિલ્હી કમ્પ્લેન્ટ્લ નામના ટ્વિટર હેન્ડલ પરથી 20 જૂને પોસ્ટ કર્યો હતો. જેમાં દાવો કરવામાં આવ્યો કે, નવી દિલ્હી રેલવે સ્ટેશન પાસે રહેલા પહાડગંજ પાસેના ઢાબા અને હોટેલોમાં કેવા પ્રકારનો સ્કેમ ચાલી રહ્યો છે. જમતા પહેલા ડિશનો ભાવ ઓછો કહેવામાં આવ્યા છે અને જમ્યા બાદ મોં માંગ્યું બિલ આપે છે, જો કોઈ ગ્રાહક નવો છે તો તેમની સાથે મારઝૂડ કરે છે. અનેક ફરિયાદો બાદ પણ મિલીભગતના કારણે તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ વીડિયોને શેર કરતાં ડીસીપી સેન્ટ્રલ દિલ્હી અને દિલ્હી પોલીસને ટેગ કરવામાં આવ્યા છે.

ત્યારબાદ આ જ ટ્વિટર હેન્ડલ પરથી તે ઢાબાની તસવીર શેર કરવામાં આવી હતી અને સાથે લખ્યું હતું ‘નવી દિલ્હી રેલ્વે સ્ટેશનની બહાર આવેલી રેસ્ટોરન્ટની આ તસવીર છે.

# બંને કુસ્તીબાજો વિદેશમાં તાલીમ લેશે રમત મંત્રાલયે સ્વીકારી બજરંગ પુનિયા અને ફોગાટની માંગણી

ગુજરાત | વંદન

રેસલિંગ એસોસિએશનના આઉટગોઈંગ પ્રેસિડેન્ટ બ્રિજ ભૂષણ સિંહ પર છ મહિલા રેસલર્સ સાથે યૌન શોષણના મામલામાં ગંભીર આરોપો લાગ્યા છે. આ કેસમાં દિલ્હી પોલીસે રાઉઝ એવન્યુ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી છે. આ દરમિયાન મહિલા રેસલર વિનેશ ફોગટ અને બજરંગ પુનિયા વિશે મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જણાવી દઈએ કે બંને કુસ્તીબાજોએ સ્પોર્ટ્સ મિનિસ્ટ્રી પાસે ઈન્ટરનેશનલ ટ્રેનિંગ કેમ્પમાં ભાગ લેવાની માંગ કરી હતી, જેને તાજેતરમાં મંજૂર કરવામાં આવી છે. આવી સ્થિતિમાં હવે આ બંને રેસલર વિદેશમાં ટ્રેનિંગ લેતા જોવા મળશે.

વાસ્તવમાં, આંતરરાષ્ટ્રીય તાલીમ શિબિર 2જી જુલાઈથી શરૂ થશે, જ્યારે તે 10મી જુલાઈએ સમાપ્ત થશે. TOPS યોજના હેઠળ, વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાની આ વિનંતીને લીલી ઝંડી મળી ગઈ છે. રમત મંત્રાલયે બંને કુસ્તીબાજોને લેખિત પત્ર લખીને આ માહિતી આપી હતી.



### શેરીઓમાં ધરણાં બંધ કરવાનો નિર્ણય લેવાયો

તમને જણાવી દઈએ કે પાંચ મહિનાના વિરોધ બાદ મહિલા રેસલર્સે થોડા દિવસ પહેલા જ પોતાનો વિરોધ રોકવાનો નિર્ણય લીધો હતો. તેમણે કહ્યું કે બ્રિજ ભૂષણ સામે તેમની લડાઈ શેરીઓમાં નહીં, પણ હવે કોટમાં લડવામાં આવશે.

# ARTની પ્રક્રિયા વખતે સ્પર્મ બદલી નાખનારી ખાનગી હોસ્પિટલને 1.5 કરોડ રૂપિયાનો દંડ

## NCDRCએ કહ્યું, શિશુ DNA પ્રોફાઈલ જાહેર કરવાનું ફરજિયાત, ક્લિનિક્સના એક્રિડીટેશનની જરૂર

ગુજરાત | વંદન

રાજધાનીમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં એક હોસ્પિટલે સ્પર્મ બદલી નાખ્યું હતું. જે બાદ આ મુદ્દે મોટી બબાલ થઈ હતી. આખરે કમિશને આ હોસ્પિટલ અને ડૉક્ટર્સને રુપિયા 1.5 કરોડનો દંડ ફટાકર્યો છે. નેશનલ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ્સ રિડ્રેસલ કમિશને (NCDRC) આ ખાનગી હોસ્પિટલ અને ડૉક્ટર્સને આ દંડ ફટકાર્યો હતો. એક દંપતીની આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટ્રેકનિક (ART)ની પ્રક્રિયા દરમિયાન ખોટા વીર્યનો ઉપયોગ થયો હોવાનું બહાર આવ્યું હતું. જે બાદ આ મામલે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને આ દંડ ફટકારવામાં આવ્યો હતો. જે બાદ NCDRCએ ART સામે સખત વલણ અપનાવ્યું હતું.

NCDRCના જણાવ્યા મુજબ, નવજાત શિશું ડીએનએ પ્રોફાઈલ જાહેર કરવાનું ફરજિયાત બનાવવા ઉપરાંત, આવા ક્લિનિક્સના એક્રિડેશનની જરુર છે. ફરિયાદીની સુનાવણી વખતે આ ટિપ્પણી કરવામાં આવી હતી. જૂન 2009માં ART દ્વારા દંપતીને જોડિયા બાળકો થયા હતા. બીજી તરફ, બાળકનું બ્લડ ગ્રુપ માતા પિતા સાથે મેચ થયું નહોતું. જે બાદ તેમનો ડીએનએ પ્રોફાઈલ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં એવું કહેવામાં આવ્યું હતું કે, પતિ જોડિયા બાળકોનો પિતા નથી. એ પછી આ દંપતીએ રુપિયા બે કરોડનો દાવો માંડ્યો હતો.



આ બધુ હોસ્પિટલ અને ડૉક્ટરોની બેદરકારીના કારણે બન્યું હતું. આ સિવાય દંપતીને બાળકોમાં વારસાગત રોગ હોવાનો પણ ડર સતાવી રહ્યો છે. NCDRCના પ્રિસાઈડિંગ સભ્ય એન એસ કાનિટકરે આદેશમાં જણાવ્યું કે, મારા મતે આ પ્રોફેશનલ સિદ્ધાંતો સાથે સમાધાનનો કેસ છે. જેમાં હોસ્પિટલ, ડૉક્ટર્સની બેદરકારી અને ગેરવાજબી બિઝનેસ સિદ્ધાંતો માટે જવાબદાર છે. હું તેમની સામે રુપિયા 1.5 કરોડની જવાબદારી નિર્ધારિત કરું છું. ડીએનએ પ્રોફાઈલ પરથી સ્પષ્ટ થયું છે કે, પતિ બાળકોનો બાયોલોજિકલ પિતા નથી. હવે બાળકોના આનુવંશિક ગુણોમાં ફેરફાર નહીં થઈ શકે અને ભવિષ્યમાં પણ માનસિક વેદનાઓનો સામનો કરવો પડી શકે છે. આરોપીઓ પણ પોતાની જવાબદારી એકબીજા પર ઢોળી રહ્યાં છે. હોસ્પિટલની ફરજ બને કે ગુણવત્તાસભર સેવા આપવાની છે.

# પ્રિન્સ હેરી સહિત અનેક લોકોના ફોન થયા હતાં હેક
# પ્રિન્સ હેરીને ફોન હેકિંગ કેસમાં મળશે 500 પાઉન્ડનું વળતર

ગુજરાત | વંદન

પ્રિન્સ હેરીએ લંડનની હાઈકોર્ટમાં એક બ્રિટીશ અખબાર સામે દાવો માંડ્યો હતો જેની સુનવણી આ અઠવાડિયામાં જ પૂર્ણ થઇ શકે તેમ છે. આ કેસ થોડો જૂનો છે અને પ્રિન્સ હેરીએ આ કેસ માટે ઘણા પુરાવાઓ રજૂ કર્યા છે. જો કે સમાચાર એજન્સીના દાવા અનુસાર આ કેસમાં અન અધિકારીક રીતે પ્રિન્સ હેરીની માહિતી એકઠી કરવા બદલ કોર્ટ મીડિયા સંસ્થાનને વધારેમાં વધારે 500 ડૉલરનો દંડ ફટકારી શકે છે. છેલ્લા 130 વર્ષોમાં રૉયલ ફેમેલીના સભ્યને કોર્ટમાં જુબાની આપવા આવવું પડ્યું હોય તેવો આ પહેલો કિસ્સો છે.

પ્રિન્સ હેરી સાથે 100 અન્ય લોકો છે કે જેમણે એક બ્રિટીશ અખબાર સામે દાવો માંડ્યો છે કે વર્ષ 1991 થી 2011 દરમ્યાન



તેમના ફોન અનઅધિકૃત રીતે ટેપ કરવામાં આવ્યા છે અને તેમની અંગત માહિતી એકત્રિત કરવામાં આવી હતી. એવા પણ આક્ષેપો લગાવવામાં આવી રહ્યાં છે કે અખબારના સિનીયર એડિટર્સ આ વાતથી વાકેફ હતા અને ક્યાંને ક્યાંક તેમની મંજૂરીથી જ આ કૌભાંડ ચાલતુ હતું. જ્યારેથી એ વાત સ્પષ્ટ થઇ છે કે, આ કેસમાં પ્રિન્સ હેરીને વધારેમાં વધારે 500 પાઉન્ડનું વળતર મળી શકે છે ત્યારથી ઈન્ટરનેટ પર લોકો મજાક કરતી પોસ્ટ શેર કરી રહ્યાં છે.

# વહાણમાં 64 બ્રિટિશ મરીન માર્યા ગયા હતા, તેમના મૃતદેહો ક્યારેય મળ્યા નથી
# ગ્રીસના દરિયામાં વધુ એક ‘ટાઈટેનિક’ જહાજ મળી આવ્યું

## ટાઈટેનિક જહાજ અને સબમરીનના કાટમાળની હલચલ વચ્ચે વધુ એક કાટમાળના દાવાથી હલચલ

ગુજરાત | વંદન

ગ્રીસના દરિયાકાંઠે બ્રિટનની સબમરીન HMS ટ્રાયમ્ફનો કાટમાળ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ટાઈટેનિક જહાજ અને ટાઈટન સબમરીનના કાટમાળ પર વિશ્વભરમાં મચેલી હલચલ વચ્ચે સમુદ્રમાં વધુ એક કાટમાળ હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

ડૂબકીમારોને વિશ્વાસ છે કે તેમને ગ્રીસના એજિયન સમુદ્રમાં બ્રિટિશ વિશ્વયુદ્ધ II (બીજા વિશ્વયુદ્ધ)ની સબમરીનનો કાટમાળ મળ્યો છે. આ સબમરીન પાણીમાં લેન્ડમાઈન સાથે અથડાઈ હતી અને વિસ્ફોટ બાદ ડૂબી ગઈ હતી. વહાણમાં સવાર તમામ 64 બ્રિટિશ મરીન માર્યા ગયા હતા કે જેમના મૃતદેહો ક્યારેય મળ્યા ન હતા.

સમુદ્રમાં આ કાટમાળ 670 ફૂટની ઊંડાઈ પર છે. ડેઈલી મેઈલના અહેવાલ મુજબ, આ 275 ફૂટ લાંબી સબમરીન ગ્રીસના દરિયાકિનારે હતી અને વર્ષ 1942માં રહસ્યમય સંજોગોમાં ડૂબી ગઈ હતી. આ સબમરીનના કાટમાળના ફૂટેજ ખૂબ જ ચોંકાવનારા છે. જો કે હજુ સુધી એ વાતની પુષ્ટિ થઈ નથી કે આ કાટમાળ આ સબમરીનનો છે.





જો કે આ કાટમાળની વધુ તપાસ હજુ ચાલુ છે. 1998માં આ બ્રિટિશ સબમરીનની કહાણી જાણવા મળી હતી. આ પછી તેમણે પોતાના પૈસાથી તેને શોધવાનું મિશન શરૂ કર્યું. તેમણે કહ્યું કે આ તેમના જીવનનું સૌથી મુશ્કેલ મિશન હતું. પોતાના સાથીદારો સાથે મળીને તેમણે રિમોટલી પાયલોટેડ જહાજની મદદથી આ સબમરીન શોધી કાઢી છે. જેમાં પાણીની અંદર તપાસ કરવામાં આવે છે અને તેમાં હાજર પદાર્થની ઓળખ કરવામાં આવે છે.

આ રિમોટ-કંટ્રોલ વહાણએ સબમરીનનો ખૂબ જ ચોંકાવનારો વીડિયો બનાવ્યો છે. મોટાભાગનો સબમરીનનો ભાગ જહાજ દ્વારા પોતાના કેમેરામાં કેદ કરવામાં આવ્યો છે. આ ઘટનાના 80 વર્ષ પછી પણ તેનો કાટમાળ સંપૂર્ણપણે સુરક્ષિત છે. ગ્રીસના દરિયાઈ વિસ્તારમાં અત્યાર સુધીમાં ચાર સબમરીન મળી આવી છે. બ્રિટિશ નૌકાદળ તે સ્થળને ખૂબ સન્માન સાથે રાખે છે જ્યાં 64 સૈનિકોને દફનાવવામાં આવ્યા છે. આ સબમરીન ક્યાં છે તે અંગે ગ્રીસ હજુ સુધી ખુલાસો કરી રહ્યું નથી જેથી તેનો કાટમાળ સુરક્ષિત રાખી શકાય.

# મિશન 2024: સરકાર-સંગઠનમાં મોટા ફેરફારની તૈયારી
# 10 કેન્દ્રીય મંત્રીઓને પડતા મુકાશે: સાથી પક્ષો માટે ‘જગ્યા’ કરાશે...

ગુજરાત | વંદન

આગામી સમયમાં આવી રહેલી ચાર રાજયોની ધારાસભા ચૂંટણીઓ તથા 2024ના મીશન 400+ માટે અમેરિકાથી પરત આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ વચ્ચે યોજાયેલી મેરેથોન બેઠક બાદ હવે કેન્દ્રીય કેબીનેટથી લઈને ભાજપના સંગઠન અને અનેક રાજયોના સંગઠનમાં પણ મહત્વના ફેરફારો આવી રહ્યા છે અને સંસદનું સત્ર કે જુલાઈ માસમાં



પ્રારંભ થનારુ છે તે પુર્વે આ તમામ ફેરફારો અમલી બની જશે.

ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ ભાજપ કેન્દ્રીય મંત્રીમંડળમાંથી અને રાજયમાંથી અનેક ટોચના નેતાઓને હવે આગામી એક વર્ષ માટે સંગઠનમાં કામ કરવા જણાવશે અને તેઓ પાસે હાલની ધારાસભા ચૂંટણીઓ તેમજ 2024ની લોકસભા ચૂંટણી માટે ‘રિઝલ્ટ’ માંગશે અને તેના આધારે તેમનું રાજકીય ભવિષ્ય નકકી થશે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ કેન્દ્રીય મંત્રીમંડળમાં ભાજપ હવે 2024ના સાથી પક્ષો માટે જગ્યા કરી રહ્યું છે અને તેથી ઓછામાં ઓછા 10 કેન્દ્રીય મંત્રીઓને પડતા મુકાય તેવી ધારણા છે અને તેમના સ્થાને ઉતરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર અને રાજસ્થાન તેમજ પંજાબમાંથી ભાજપ જે નવા સાથી પક્ષોને સામેલ કરી રહ્યું છે અથવા તો જુના અને એનડીએ છોડી ગયેલા સાથી પક્ષોને ફરી સમાવી રહ્યું છે. તેમાં તેમને સ્થાન અપાશે.

## આવી જ એક કુદરતી ઘટનાને કારણે ભારત પણ આફ્રિકાથી અલગ થઈને એશિયામાં જોડાઈ ગયું હતું....
# જમીનમાં તિરાડ, તિરાડમાંથી મહાસાગર અને આફ્રિકાના થશે બે ટુકડા..!

ગુજરાત | વંદન

કોઈ એક દેશને બે ભાગમાં વહેંચવાનું કામ કાં તો માનવી કરે છે કાં તો કુદરત. અંગ્રેજોએ 1947માં અખંડ ભારતના બે ટુકડા કર્યા અને ભારતે 1971માં પાકિસ્તાનના બે ટુકડા કર્યા તેમ વિશ્વમાં એવા અનેક દેશોનો ઈતિહાસ રહ્યો છે કે જે તે સમયે યુધ્ધની પરિસ્થિતિમાં તેના બે ટુકડા થયા હોય. ભારતે પણ યુધ્ધમાં જ પાકિસ્તાનના બે ટુકડા કરીને બાંગ્લાદેશ નામના નવા દેશને જન્મ આપ્યો હતો. કુદરત પણ દેશ અને ખંડને બે ભાગમાં વહેંચી નાંખે છે.

એક સમયે ભારત આફ્રિકાની સાથે જોડાયેલુ હતું. હવે એ જ આફ્રિકા ખંડમાંથી કેટલોક ભાગ અલગ પડી શકે છે.કુદરતે તેની શરૂઆત કરી દીધી હોય તેમ 56 કિલેમીટની તિરાડ જમીન પર અવી પડી ગઈ છે કે તેને ઓળંગી શકાય નહીં અને ધીમે ધીમે તિરાડ પહોળી થઈને આગળ વધતાં આફ્રિકા ખંડ-ખંડમાં વહેંચાઈ જશે.કોઈ નવા દેશની રચના થશે.

વૈજ્ઞાનિકોના મતે કુદરતી ઘટનાઓને કારણે વિશ્વના ઘણા ખંડો ટુકડાઓમાં વિભાજિત થતા રહ્યા છે. ભૂસ્તરશાસ્ત્રીઓના કહેવા પ્રમાણે, અમુક સમયે એન્ટાર્કટિકા, દક્ષિણ અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકા એક જ મહાખંડમાં હતા... પરંતુ સમય જતાં કાળક્રમે, કુદરતી ઘટનાઓને કારણે, તેઓ બધા અલગ થઈ ગયા. આવી જ એક કુદરતી ઘટનાને કારણે ભારત પણ આફ્રિકાથી અલગ થઈને એશિયામાં જોડાઈ ગયું. જ્યારે ભારત એશિયા સાથે અથડાયું ત્યારે હિમાલયની પર્વતમાળાઓ બની હતી. તેથી જ તેમને નવા અને કાચા પર્વતો કહેવામાં આવે છે. બીજી તરફ, અરવલ્લીની પર્વતમાળાઓ પૃથ્વી પરની સૌથી જૂની, મજબૂત અને નક્કર મનાય છે.





3500 કિમીમાં ફેલાયેલો વિશાળ ખીણ વિસ્તાર એક મોટી તિરાડમાં ફેરવાઈ રહ્યો છે....

ભૂસ્તરશાસ્ત્રીઓ એક એવા તારણ પર આવ્યાં છે કે આ વખતે આફ્રિકાના બે ટુકડા થવાનો ખતરો છે. વાસ્તવમાં, થોડા મહિના પહેલા આફ્રિકાના મધ્યમાં એક મોટી તિરાડ જમીન પર જણાઈ હતી. જમીન ફાટી રહી હોય તેમ તિરાડની લંબાઈ અને પહોળાઈ સતત વધી રહી છે. માર્ચ 2023ની શરૂઆતમાં જ્યારે આ તિરાડ મળી આવી ત્યારે તેની લંબાઈ 56 કિલોમીટર હતી. હવે જૂન સુધી આ તિરાડો પહેલા કરતા વધુ લાંબો થઈ ગયો છે, જે સતત વધી રહ્યો છે. આવી સ્થિતિમાં આફ્રિકાના બે ભાગમાં વિભાજનને લઈને ભૂસ્તરશાસ્ત્રીઓ ચિંતિત છે.

લંડનની જિયોલોજિકલ સોસાયટીનું કહેવું છે કે લાલ સમુદ્રથી મોઝામ્બિક સુધી 3500 કિમીમાં ખીણોનું લાંબુ નેટવર્ક છે. હવે આ સમગ્ર વિસ્તાર એક મોટી તિરાડમાં ફેરવાઈ રહ્યો છે. સંસ્થાનું કહેવું છે કે આફ્રિકાની મધ્યમાં સર્જાતી આ તિરાડમાંથી ભૂગર્ભ જળ બહાર આવીને નવો મહાસાગર બની શકે છે...!

હવે સવાલ એ થાય છે કે શું આફ્રિકા ખરેખર બે ભાગમાં વહેંચાઈ જશે? જો આફ્રિકા બે ભાગમાં વિભાજીત થાય, તો તે કેટલો સમય ચાલશે? આવા તમામ પ્રશ્નોના જવાબો શોધવા માટે ભૂસ્તરશાસ્ત્રીઓ ટેકટોનિક પ્લેટ્સનો અભ્યાસ કરી રહ્યા છે.

અમેરિકી સ્પેસ એજન્સી નાસાની અર્થ ઓબ્ઝર્વેટરી અનુસાર, પૂર્વ આફ્રિકામાં સોમાલીયન ટેકટોનિક પ્લેટ ન્યુબિયન ટેકટોનિક પ્લેટથી પૂર્વ તરફ ખેંચાઈ રહી છે. સોમાલીયન પ્લેટને સોમાલી પ્લેટ પણ કહેવામાં આવે છે અને ન્યુબિયન પ્લેટને આફ્રિકન પ્લેટ પણ કહેવામાં ...અનુસંધાન પેજ નં. 6 પર

# ગીત ‘કનબલિયા સે ધક્કા’થી ભોજપુરી એક્ટ્રેસ અક્ષરાએ લગાવી આગ....

અક્ષરા સિંહ એક્ટિંગની સાથે-સાથે પોતાની ગીતો માટે જાણીતી છે. હાલમાં જ તેનો ગીત ‘કનબલિયા સે ધક્કા’ રિલીઝ કરવામાં આવ્યો છે. જે સોશિયલ મીડિયમાં ધમાલ મચાવી રહ્યું છે.

આ ગીતના મ્યુઝિક વીડિયોમાં અક્ષરા સિંહ ગુલાબી રંગની સાડીમાં કહેર મચાવી રહી છે. જેને જોઈને ચાહકો તેની તારીફ કરી રહ્યાં છે. આ ગીતમાં તેના લટકા-ઝટકા અને પોતા પ્રેમી મનાવવાનો અંદાજ ચાહકોને પસંદ આવી રહ્યું છે.

અક્ષરા સિંહે પોતાના લોકગીત ‘કનબલિયા સે ધક્કા’ અંગે કહયું છે કે, આ એક બધુ મનોરંજક ગીત છે તેને દરેકે સાંભળવું જોઈએ. આ ગીતમાં રૂમાનિયત અને રૂહાનિયત બન્નેનું આકર્ષણ છે. મને લાગે છે કે આ ગીત દરેકને પસંદ પડશે. લોકગીત પ્રેમની શાનદાર વ્યભિવ્યક્તિ છે. આ ગીતને ખાસકરીને મહિલામાં વધારે પસંદ કરવામાં આવી રહ્યું છે. આ ગીતમાં શાલીનતા અને સહજતા છે જે અમારી ભોજપુરી ફિલ્મની ખુબસુરતી છે. હું પૂરી કોશિશ કરીશ કે તમારા માટે વધુ મનોરંજનને લઈને આવવાની પ્રેરણા મળતી રહે.

નોંધનીય છે કે, અક્ષરા સિંહ ભોજપુરી ઈન્ડસ્ટ્રીની લીડિંગ સિંગર એક્ટર્સ છે. તે પોતાની પ્રોફેશનલ લાઈફની સાથે સાથે સોશિયલ મીડિયમાં પણ એક્ટીવ રહે છે. ભોજપુરી સિવાય અન્ય ઈન્ડસ્ટ્રીમાં પણ તેને પસંદ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે. કનબલિયા સે ધક્કા લોકગીત સંગીતકાર ડી.કે. દિવાન છે. ફીચર અનુરાગ મિશ્રા, મ્યુઝિક ડાયરેક્ટર રોશન સિહં, સંગીતકાર રત્નેશ સિંહ અને કોરિયાગ્રાફર એમ.કે. ગુપ્તા જોય છે.

## ગુલાબી સાડીમાં અક્ષરાનો કહેર



# જુનિયર એનટીઆરની 300 કરોડની ‘દેવરા’માં હવે સાઈ પલ્લવીની એન્ટ્રી!

## જ્હાન્વી કપૂર સાથે કરશે ટક્કર

‘દેવરા’ જુનિયર એનટીઆરની 30મી ફિલ્મ છે. તેને પહેલા ‘NTR 30’ નામ આપવામાં આવ્યું હતું. આ ફિલ્મનું નિર્દેશન કોરાતલા શિવા કરી રહ્યા છે. ફિલ્મમાં એનટીઆરની સાથે જાહ્નવી કપૂર અને સૈફ અલી ખાન જોવા મળશે. હવે આ ફિલ્મમાં સાઉથની જાણીતી અભિનેત્રી સાઈ પલ્લવીની એન્ટ્રી થઈ હોવાની માહિતી મળી છે. જુનિયર એનટીઆરનો સાઉથ ઈન્ડસ્ટ્રીમાં ઘણો ક્રેઝ છે. જ્યારથી ફિલ્મ ‘RRR’ બાદ તેની ફિલ્મ ‘NTR 30’ની જાહેરાત કરવામાં આવી છે. ત્યારથી ચાહકો આ ફિલ્મને લઈને ઉત્સાહિત છે. આ ફિલ્મને ‘દેવરા’ નામ આપવામાં આવ્યું છે અને મુખ્ય અભિનેત્રી જ્હાનવી કપૂર છે. સાઈ પલ્લવી સાઉથની જાણીતી અભિનેત્રી છે અને તેણે ઘણી હિટ ફિલ્મો આપી છે. તેની સાદગી અને સ્મિતના ઘણા લોકો દિવાના છે. સાઈને જુનિયર એનટીઆરની ફિલ્મમાં ખાસ રોલ માટે પસંદ કરવામાં આવી છે. સાઈને પણ તેનું પાત્ર પસંદ આવ્યું છે અને તેણે તેના માટે હા પાડી દીધી છે.

‘દેવરા’ સાથે સાંઈના જોડાણના સમાચારે આ પાન ઈન્ડિયા મૂવીની ચર્ચામાં વધારો કર્યો છે. સાઈની ફેન ફોલોઈંગ પૂરતી છે અને તે દરેક પાત્રમાં શ્રેષ્ઠ છે. આવી સ્થિતિમાં તેમનું જોડાવું જુનિયર એનટીઆરની ફિલ્મ માટે નફાકારક સોદો સાબિત થઈ શકે છે.

સાઈની આ ફિલ્મ સાથે જોડાવાથી જ્હાન્વી કપૂર માટે સ્પર્ધા વધી જશે. સાઈ એક સ્થાપિત અભિનેત્રી છે, જ્યારે જ્હાન્વી આ ફિલ્મ દ્વારા સાઉથમાં ડેબ્યુ કરી રહી છે. જોકે મુખ્ય અભિનેત્રી જ્હાન્વી છે અને ફિલ્મમાં સાઈનું પાત્ર અલગ છે.

જાહ્નવી કપૂર ઘણા સમયથી સાઉથમાં ડેબ્યૂ કરવા માટે સારા પ્રોજેક્ટની શોધમાં હતી. આવી સ્થિતિમાં જુનિયર એનટીઆર સાથે ફિલ્મ કરવી તેના માટે ખૂબ જ ખાસ છે. સમાચાર અનુસાર, આ પાન ઈન્ડિયા ફિલ્મ 300 કરોડના બજેટમાં બની રહી છે.



# દર્શકોને ડરાવવા આવી રહી છે 7 જુલાઈથી હોરર વેબ સિરીઝ ‘અધૂરા’






## ટીઝર જોયા બાદ ત્રીજી સિઝનને લઈને ચાહકો ઉત્સાહિત

મિર્ઝાપુરમાં બીના ત્રિપાઠીનો રોલ નિભાવનારી રસિકા દુગ્ગલે પોતાની નવી વેબ સિરીઝ અધૂરાનું ટીઝર રિલીઝ કર્યુ છે. આ અમુક જ મિનિટના ટીઝરમાં એક બાળક બતાવાયુ છે અને તેની ઉપર એક દાઝેલા ભયાવહ ચહેરાની ઝલક જોવા મળે છે. આ વેબ સિરીઝની ત્રીજી સિઝનનું ટીઝર રિલીઝ થતા જ વાયરલ થઈ રહ્યુ છે.

અધૂરા વેબ સિરીઝનું ટીઝર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યુ છે. આ ટીઝરને શેર કરતા રસિકા દુગ્ગલે લખ્યુ- ફરી એક વખત આ રિયુનિયનને જરૂર જોજો...અધૂરા...પ્રાઈમ વીડિયો પર...7 જુલાઈથી.’ આ વેબ સિરીઝની અત્યાર સુધી બે સિઝન આવી ચૂકી છે અને આ ટીઝર બાદ ત્રીજી સિઝનને લઈને ચાહકોનો ઉત્સાહ વધુ વધી ગયો છે. આ વેબ સિરીઝ ગૌરવ ચાવલા અને અનન્યા બેનર્જીએ ડાયરેક્ટ કરી છે.

ઉલ્લેખનીય છેકે રસિકા મિર્ઝાપુર સિવાય મેડ ઈન હેવન, આઉટ ઓફ લવ અને ઓકે કોમ્પ્યુટરમાં જોવા મળી ચૂકી છે. આ સિવાય ઘણી ફિલ્મોમાં પણ પોતાની અદાકારી દર્શાવી ચૂકી છે. જેમ કે અનવર, ઔરંગઝેબ, બોમ્બે ટોકીજ, લસ્ટ સ્ટોરીસ સિવાય ઘણી ફિલ્મો સામેલ છે.

# દાદી જયા બચ્ચનનો આ ગુણ અપનાવવા માંગે છે નવ્યા નવેલી



અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનની પૌત્રી નવ્યા નવેલી નંદા ઈન્ડસ્ટ્રીની પ્રખ્યાત સ્ટારકિડ્સમાંથી એક છે. નવ્યા ઘણીવાર લાઈમલાઈટમાં રહે છે. તેણે ખૂબ જ નાની ઉંમરે સફળ ઉદ્યોગસાહસિક બનીને પોતાના માટે એક આગવું સ્થાન બનાવ્યું છે. આ સિવાય નવ્યા તેના લુક અને સ્ટાઈલને કારણે પણ ખૂબ ચર્ચામાં છે. નવ્યા ઘણીવાર તેની સફળતાનો શ્રેય તેની માતા શ્વેતા, દાદી અને દાદી સહિત તેના જીવનની તમામ મહિલાઓને આપે છે. હાલમાં જ નવ્યાએ એક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે તે તેની દાદી જયા બચ્ચનનો એક ગુણ અપનાવવા માંગે છે.

તાજેતરની વાતચીત દરમિયાન, નવ્યાએ કહ્યું કે તેણીને તેની દાદી જયા બચ્ચનનો આત્મવિશ્વાસ પસંદ છે અને તે તેના આ ગુણને આત્મસાત કરવા માંગે છે. નવ્યા કહે છે કે તેની નાની ખૂબ જ ખુલ્લા મનની છે. તે માને છે કે મહિલાઓને માત્ર ઘર સુધી સીમિત ન રહેવું જોઈએ.

# માતા બન્યા પછી કોલેજ ગર્લ જેવી લાગે છે પ્રણિતા

## નવી તસવીરો દેખાયું એટ્રેક્ટિવ લુક



પ્રણિતા ફોટો શેરિંગ સાઈટ પર એની ખૂબસુરતી લોકોને બતાવતી હોય છે. જે ફિલ્મોથી દૂર અને સોશિયલ મિડીયાનો યુઝ કરતી નથી, તેમ છતા ઈન્ટરનેટ પર વધારે સર્ફિંગ કરતી છે. હાલમાં જ તેણે પોતાની તસ્વીરો શેર કરી છે. તેની લેટેસ્ટ તસવીરો જોઇને એવું લાગે છે કે ઈન્ડસ્ટ્રીમાં કોઇ નવી હિરોઇન આવી હોય અને પોતે ફિલ્મોમાં પગ મુક્યો. જો કે આ તસવીરો જોઇને તમે પણ છક થઇ જશો. તમે તસવીરોમાં જોઇ શકો છો કે હિરોઇનની કોઇ ઉંમર દેખાતી નથી.



મોર્ડન ડ્રેસમાં પોઝ આપતી જોવા મળી રહેલી પ્રણિતાને લાખો લાઇક્સ મળી રહી છે. આ ડ્રેસમાં પ્રણિતા ખૂબ સુંદર લાગી રહી છે. ફેન્સ આ ક્યૂટ તસવીરો જોઇને પોતાની નજર હટાવી શકતા નથી. આ ક્યૂટ તસવીરો તમે પણ એક વાર જોશો તો વારંવાર જોવાનું મન થાય એવી છે.

મોર્ડન ડ્રેસમાં પોઝ આપી રહેલી પ્રણિતાના ચારે બાજુ લોકો વખાણ કરી રહ્યા છે. આ તસવીરોમાં કોલેજ ગર્લ જેવી લાગી રહી છે. આ તસવીરો જોઇને તમને પણ નહીં લાગે કે પ્રણિતા મોમ બની ગઇ છે. મોમ બન્યા પછીનું પ્રણિતાનું ફિગર પ્રોપર શેપમાં છે એમ કહીએ તો પણ એમાં કંઇ ખોટુ નથી.

દીકરીને ખોળામાં લઇને ફિટનેસ ફ્રિક પ્રણિતાની નવી તસવીરો જોઇને લોકો ક્રેઝી બની રહ્યા છે. એમને આશ્ચર્ય થાય છે કે માતા બન્યા પછી આટલી ખૂબસુરતી કેવી રીતે હોઇ શકે. અભિનેત્રી એના એટ્રેક્ટિવ લુકને લઇને લોકોનું દિલ જીતી રહી છે.

તસવીરો પર અભિનેત્રીના ફુલ ટુ વખાણ લોકો કરી રહ્યા છે. આ તસવીરોમાં કોલેજ ગર્લ જેવી લાગતી પ્રણિતાને દીકરી છે. મોટાભાગના લોકોને લગ્ન પછી જ્યારે સંતાન થાય એ પછી વજન વધવાની સમસ્યા રહેતી હોય છે, પરંતુ આ અભિનેત્રીએ પોતાની ખૂબસુરતી આજે પણ જાળવી રાખી છે. હાલમાં પ્રણિતા ફિટનેસ પર ફોકસ કરી રહી છે.



# સોનમ કપૂર ફરી કમબેક કરવા તૈયાર

## 7મી જુલાઈએ તેમની ફિલ્મ ‘બ્લાઇન્ડ’ રિલીઝ થશે

બોલીવુડ એકટર્સ સોનમ કપૂર ટુંક સમયમાં જ ફિલ્મ ‘બ્લાઈન્ડ’થી બોલીવુડમાં કમબેક કરવા જઈ રહી છે. આ ફિલ્મ આગામી 7મી જુલાઈએ રિલીઝ થઈ રહી છે. હાલમાં જે ફિલ્મનો ટીજર રિલીઝ કરવામાં આવ્યું હતું. જેના સોનમ કપૂર એક નેત્રહીન છોકરીના રોલમાં જોવા મળે છે, જે કેબ લે છે જેને પૂરબ કોહલી ચલાવી રહ્યો છે. ત્યારે સોનમને અહેસાસ થાય છે કે, કેબની ટ્રંકમાં કોઈને બંધક બનાવીને રાખવામાં આવ્યું છે. ટીજરમાં દેખાડવામાં આવ્યું છે કે, પોલીસ એક શખ્સની તલાશ કરી રહી છે જે યુકેમાં મહિલાઓનું અપહરણ કરી રહ્યું છે. ટીજર એક ફોન કોલથી પૂરૂ થાય છે. જેમા કિડનેપરે તેને ફોલો ન કરવાની ચેતવણી આપે છે. જેના પર સોનમ કહે છે કે તે બધુ ખત્મ કર દેશે.

ઉલ્લેખનીય છે કે, ફિલ્મ બ્લાઈન્ડ કોરોના મહામારી દરમ્યાન ગ્લાસગોમાં શૂટ કરવામાં આવી હતી. આ ફિલ્માં વિયન પાઠક અને લિલેટ દુબે મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. સોનમે આ ફિલ્મની શુટિંગ પ્રેગ્નેસી પહેલા કરી લીધી હતી.. નોંધનીય છે કે, મે 2022માં સોનમે એક બાળકને જન્મ આપ્યું હતું જેનું નામ વાયુ રાખવામાં આવ્યું છે.

# નવા રૂપમાં ફરી આવી રહ્યો છે ‘કૌન બનેગા કરોડપતિ’...

ઘણી ભારતીય ભાષાઓમાં 200 થી વધુ ફિલ્મોમાં અભિનય કરવા ઉપરાંત, અમિતાભ બચ્ચને ટેલિવિઝન કારકિર્દી પણ સફળ રહી છે. અભિનેતાએ છેલ્લા 23 વર્ષમાં ક્વિઝ આધારિત ગેમ શો ‘કૌન બનેગા કરોડપતિ’ની તમામ સીઝન હોસ્ટ કરી છે. ત્રીજી સિઝન સિવાય. બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચન હવે ‘કૌન બનેગા કરોડપતિ’ની 15મી સીઝનમાં નવા લુક સાથે પરત ફરી રહ્યા છે. ઘણા વર્ષોથી દર્શકોના ફેવરિટ બનેલા આ શોનો નવો પ્રોમો રિલીઝ કરવામાં આવ્યો છે, જેમાં અમિતાભ ચાહકોને બદલાવની ભેટ આપતા જોવા મળી રહ્યા છે. ‘કૌન બનેગા કરોડપતિ’ એક એવો શો છે, જે માત્ર દર્શકોનું મનોરંજન જ નથી કરતું પણ લોકોના જ્ઞાનમાં પણ વધારો કરે છે. એટલું જ નહીં, તે લોકોને જ્ઞાનના આધારે કરોડપતિ બનવાની તક પણ આપે છે. આવી સ્થિતિમાં, ચાહકો ‘KBC’ની નવી સીઝન માટે ખૂબ જ ઉત્સાહિત છે અને હવે, તેમના ઉત્સાહમાં વધારો કરતા, નિર્માતાઓએ સોની ટીવીના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શોનો નવો પ્રોમો રિલીઝ કર્યો છે. આ વખતે પ્રોમોમાં અમિતાભ બચ્ચન દેશમાં થતા ફેરફારો વિશે જણાવતા જોવા મળી રહ્યા છે અને સાથે જ જાહેરાત કરતા જોવા મળી રહ્યા છે કે ‘KBC 15’ પણ નવા લુક સાથે પરત ફરી રહ્યું છે.



# રેડ ડ્રેસમાં કિયારાનો કિલર અંદાજ

કિયારા અડવાણીએ હાલમાં જ ફિલ્મ ‘સત્યપ્રેમ કી કથા’ ના પ્રમોશનમાં એવા કપડા પહેરીને હતી કે તેનો ડ્રેસ જોઈને લોકોની આંખો ખુલી રહી ગઈ હતી છે. લાલ રંગના ડ્રેસમાં તેનો કિલર અંદાજ જોવા મળ્યો હતો. કિયારા આ ડ્રેસમાં એટલી સુંદર દેખાઈ રહી છે કે ફેન્સ માટે તેના ચહેરા પરથી નજર હટાવવી મુશ્કેલ છે.

**ફિલ્મ પ્રમોશન દરમ્યાન તેની સુંદરતા જોઈ ફેન્સ ક્રેઝી થયા**

આ સુપર એક્સપોઝિંગ અને રિવીલિંગ ડ્રેસ પહેરીને કિયારા અડવાણી કેમેરાની સામે એક કરતા વધુ કિલર પોઝ આપતી જોવા મળી હતી. આ તસવીરોમાં કિયારાનો લુક એટલો બોલ્ડ છે કે તેને જોઈને ફેન્સ તેના દિવાના થઈ ગયા છે. કિયારાનો આ ડ્રેસ ઓફ શોલ્ડર અને બોડીકોન છે. એક્ટ્રેસનો આ ડ્રેસ એટલો ટાઈટ છે કે તેના કિલર અને પરફેક્ટ ફિગરને જોઈને ફેન્સ ક્રેઝી થઈ ગયા છે. કિયારા અડવાણીના આ ડ્રેસમાં પાછળનો ભાગ એટલો ઊંચો કાપવામાં આવ્યો છે કે તે તેને બોલ્ડ અને હોટ દેખાડી રહી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા કિયારાના વીડિયોમાં તે આ એક્સપોઝિંગ ડ્રેસ પહેરીને કિલર ડાન્સ કરતી જોવા મળી હતી.

અભિનેત્રીનો આ ડ્રેસ ખૂબ જ ડીપ નેક છે. આ સાથે, ફ્રન્ટ સાઈડને જોતા એવું લાગે છે કે તેણે આ ડ્રેસ બ્રાલેસ પહેર્યો છે. આ સાથે તમારા લુકને કમ્પ્લીટ કરવા માટે મેચિંગ રેડ કલરનાં હાઈ હીલ્સનાં શૂઝ પહેરો.



# હાટકેશ્વર બ્રિજની 'ખાયકી' સૂરત પહોંચી, વધુ એક બ્રિજ પર તિરાડ- તંત્રમાં રાડારાડ




ગુજરાત | વંદન

ગુજરાતમાં હવે બ્રિજ પુરાણ શરુ થયુ હોય તેમ નાગરિકોને લાગી રહ્યું છે. જેની શરુઆત અમદાવાદના હાટકેશ્વર બ્રિજથી શરુ થઈ છે. હાટકેશ્વર બ્રિજ બાદ એક પછી એક નવા બનેલા પુલોમાં ખામીઓ બહાર આવી રહી છે. જેમા લેટેસ્ટમાં સૂરતમાં તાપી નદી ઉપર નવ નિર્મિત પુલ પર તીરાડો ચાડી ખાય છે કે આ પુલ બનાવવામાં ખાઈકી તો નહી થઈ હોયને ?

બ્રિજ સિટી ગણાતા સુરતમાં મનપાએ તાપી નદી પર એક મહિના પહેલાં જ ખૂલ્લો મૂકેલો વેડ-વરિયાવ બ્રિજનો એપ્રોચ બેસી ગયો હતો. રૂ. 118.42 કરોડના ખર્ચે તૈયાર થયેલો આ ફોર લેન બ્રિજ 8 લાખ લોકોને ઉપયોગી થાય તેવો દાવો કરાયો હતો પરંતુ હજી ચોમાસુ શરૂ થયું ત્યાં જ બ્રિજના છેડાનો ભાગે રોડ બેસી જતા એપ્રોચ ઉપર મોટી તિરાડો પડી ગઈ હતી. વિરોધપક્ષે વિકાસકામોમાં ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા હતાં. જોકે પાલિકાએ તાબડતોબ સમારકામ શરૂ કરી દીધું છે.

વેડ-વરિયાવને જોડતા તાપી નદી પરના બ્રિજને લોકાર્પિત થયાનો 40 દિવસ જેટલો જ સમય થયો છે, ત્યાં તો બ્રિજની નબળી કામગીરી સામે આવી છે. પહેલા વરસાદમાં જ બ્રિજનો છેડાનો ભાગ બેસી જતાં રસ્તા પર મોટી તિરાડો પડી હતી. ...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાતમાં દિલ્હીના 'નિર્ભયાકાંડ'નું પુનરાવર્તન, ગુપ્તાંગમાં સળિયો ઘુસાડ્યો

## 13 વર્ષની ગુમ બાળાનો અર્ધ નગ્ન મૃતદેહ મળ્યો, માથામાં ઘાના નિશાન

ગુજરાત | વંદન

સૌરાષ્ટ્રના પાટનગરમાં હૈયુ હચમચાવી નાખતી દુષ્કર્મ બાદ હત્યાની એક મોટી સામે આવી છે. જે રાજકોટમાં દિલ્હીના 'નિર્ભયાકાંડ'નું પુનરાવર્તન થયું હોય તેમ 13 વર્ષની એક ગુમ થયેલી બાળાનો અર્ધ નગ્ન મૃતદેહ મળ્યો હતો. પોસ્ટમોર્ટમમાં ખુલાસો થયો છે કે, બાળાના ગુપ્તાંગમાં સળિયો ઘુસાડવાના નિશાન મળ્યા છે. ઉપરાંત માથામાં બોથડ પદાર્થના 4 ઘાના નિશાન મળ્યા છે. ઘટનાની ગંભીરતા જોતા ખુદ પોલીસ કમિશનરે જ્યાંથી લાશ મળી ત્યાં બે કલાક નિરીક્ષણ કર્યું હતુ અને આરોપી કે આરોપીઓને ઝડપી પાડવા ડોગ સ્ક્વોડની મદદ લેવામાં આવી છે. એફએસએલની ટીમે ઘટના સ્થળેથી સળિયા સહિતના અવશેષો કબ્જે કર્યા છે. ઉપરાંત સગીરા સાથે કુકર્મ આચરાયું છે એ જાણવા માટે સગીરાના મૃતદેહ પરથી અવશેષો લઈ ડીએનએ રિપોર્ટ માટે મોકલાયા છે.



રાજકોટમાં ભારી હલચલ મચાવનાર આ ઘટનામાં એક અપહરણ થયેલી 13 વર્ષની બાળાનો મૃતદેહ આજી જીઆઈડીસી વિસ્તારમાં અમૂલ ઈન્ડસ્ટ્રીના બંધ કારખાનામાંથી મળી આવ્યો હતો. આજીડેમ પોલીસ, ક્રાઈમ બ્રાંચ સહિતની ટીમો ત્યાં દોડી ગઈ હતી. સગીરા લાકડા લેવા ગઈ હતી અને બે દિવસથી ગુમ હતી. પરિવારે પોતાની રીતે તપાસ કર્યા બાદ ગઈકાલે અપહરણની ફરિયાદ નોંધાવી હતી. તમામ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ થયો છે. ગુમ બાળાનો મૃતદેહ અર્ધ નગ્ન હાલતમાં મળી આવ્યો હતો અને દોરડાથી તેના હાથ બાંધેલા હતા. મૃતદેહની બાજુમાંથી લોખંડનો સળિયા મળ્યો છે. તેનાથી માર માર્યો હતો. અને ગુપ્તાંગમાં પણ સળિયો ઘુસાડ્યાના નિશાન મળ્યા છે.

પીઠ અને શરીરના અન્ય ભાગોમાં સળિયાથી માર માર્યાના નિશાન છે. જેથી દુષ્કર્મ ગુજારી હત્યા કરાઈ હોય તેવું પ્રાથમિક તારણ નિકળે છે. પોલીસે સળિયો અને ઘટના સ્થળેથી મળેલા અન્ય પુરાવાઓ મેળવી ફોરેન્સિક ટીમને સોંપ્યા છે. બનાવ અંગે આજીડેમ પોલીસ મથકે અમદાવાદ હાઈવે પર આવેલ યુવરાજનગર વિસ્તારમાં રહેતી તરુણીની માતાએ પોતાની ફરિયાદ નોંધાવી હતી. અને જણાવ્યું હતું કે, તેઓ મૂળ રાજસ્થાનના વતની છે. અને તેઓ વર્ષોથી રાજકોટમાં રહે છે. તેના પતિ ડ્રાઈવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમને સંતાનમાં ...અનુસંધાન પેજ નં. 6 પર

# ગુજરાતમાં છેલ્લા 24 કલાકમાં ભારે વરસાદ પડતા ઘોડાપૂર જેવી સ્થિતિ

■ ગુજરાત થયુ પાણી-પાણી

ગુજરાત | વંદન

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સમગ્ર ગુજરાતમાં અતિ ભારે વરસાદ થતા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. તમને જણાવી દઈએ કે, રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદ પડી રહ્યો છે. રાહતના બદલે આ વરસાદ હવે આફત બનીને વરસી રહ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં નદીઓ ઓવરફ્લો થવાના કારણે સ્થિતિ ખરાબ છે.



જૂનાગઢમાં 24 કલાકમાં આશરે 22 ઈંચ વરસાદ બાદ સ્થિતિ વધુ વણસી છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. લોકોના ઘરોમાં પાણી ઘુસી ગયા છે, જ્યારે ખેતરોમાં પણ પાણી જોવા મળી રહ્યા છે. જૂનાગઢમાં ભારે વરસાદને કારણે ઓઝત નદીનો કાંઠો તૂટી ગયો છે. બામણસા પાસે નદીના પાળા તુટી ગયા છે. નદીનું પાણી ખેતરોમાં ઘૂસી ગયું છે, જેના કારણે મગફળીના ખેતરોને નુકસાન થયું છે. જૂનાગઢનો હસ્નાપુર ડેમ ઓવરફ્લો થયો છે.

ગિરનારમાં ભારે વરસાદને કારણે ડેમ ઓવરફ્લો થયો છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારોને એલર્ટ કરવામાં આવ્યા છે. જૂનાગઢના ...અનુસંધાન પેજ નં. 6 પર

# રાજ્યમાં ભારે વરસાદ, ભૂપેન્દ્ર પટેલે વીડિયો કોન્ફરન્સથી માહિતી મેળવી

ગુજરાત | વંદન

રાજ્યમાં ભારે વરસાદને પગલે મુખ્યમંત્રી સ્ટેટ ડીઝાસ્ટર સેન્ટર ખાતે પહોંચ્યા હતા. જ્યાં મુખ્યમંત્રીએ જૂનાગઢ અને જામનગર જીલ્લાનાં કલેક્ટરો સાથે વીડિયો કોન્ફરન્સથી બેઠક યોજી માહિતી મેળવી હતી. ઉનાના 19 ગામોને ચેતવણી આપવામાં આવી તેમજ જામનગરનો રણજીતસાગર ડેમ ઓવરફ્લો થયો હતો.



સૌરાષ્ટ્રના અનેક જિલ્લામાં ભારે વરસાદ પડી રહ્યો છે તેમજ ગીર સોમનાથમાં મુશળધાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા છે. ઉના તાલુકામાં ભારે વરસાદના પગલે ખત્રીવડા ગામ બેટ ફેરવાઈ જતા સંપર્ક વિહોણું થઈ ગયુ હતું. આ સાથે ગીર સોમનાથના ગીર ગઢડાનો કોઝવે શાહિ નદીના પુરમાં ગરકાવ થઈ ગયો હતો તેમજ હિરણ-2 ડેમમા પણ નવા નીરના આવક થઈ છે. ગીર સોમનાથમાં ...અનુસંધાન પેજ નં. 6 પર

# તેજસ્વી યાદવને સીએમ બનાવવાનું નિતીશકુમારનું સ્વપ્ન નિષ્ફળ થઈ શકે

■ અમદાવાદની કોર્ટમાં માનહાનિ કેસના ચુકાદાના આધારે તેજસ્વી-નિતીશકુમારનું ભાવી ઘડાશે

ગુજરાત | વંદન

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને સુરત કોર્ટે માનહાનિ કેસમાં 2 વર્ષની સજા ફટકારી હતી. જે બાદ હવે બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવની મુશ્કેલીઓમાં વધારો થયો છે. ગુજરાતીઓને ઠગ કહેવા બદલ તેજસ્વી યાદવ સામે જે ફરિયાદ નોંધાઈ છે તેની સુનાવણીમાં સાક્ષીઓને જુબાન લેવામાં આવી રહી છે. રાહુલના કેસમાં જેમ બન્યુ તેમ યાદવની ધારાસભ્ય પદની સદસ્યતા જોખમમાં આવી શકે છે.



જો તેમને દોષિત ઠેરવવામાં આવશે તો રાહુલની જેમ બે વર્ષની સજા અપાશે તો તેમનું ધારાસભ્ય પદ આપોઆપ રદ થતા હાલના મુખ્યમંત્રી નિતીશકુમાર તેજસ્વીને મુખ્યમંત્રી બનાવવા માગે છે તે સમગ્ર પ્લાન નિષ્ફળ થઈ શકે છે અલબત્ત હાલમાં તમામ પ્રકારની શક્યતાઓ જોવામાં આવી રહી છે. બની છે કે, ગુણવત્તાના આધારે તેજસ્વી નિર્દોષ ઠરી શકે. અલબત્ત તમામ બાબતોનો આધાર કોર્ટના ચુકાદા ઉપર અવલંબે છે.

દરમ્યાનમાં ગુજરાતીઓનું અપમાન કરનારા બિહારના નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામે સામાજિક કાર્યકરે બદનક્ષીની ફરિયાદ નોંધાવી છે. આ મામલે હાલ અમદાવાદની મેટ્રો કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે.

સામાજિક કાર્યકર અને બિઝનેસમેન હરેશ મહેતાએ તેજસ્વી યાદવે આપેલા નિવેદન મામલે મેટ્રો કોર્ટમાં માનહાનિનો કેસ દાખલ કર્યો છે. ગુજરાતીઓને ઠગ કહેવા બદલ બિહારના DyCM તેજસ્વી યાદવ સામે IPC કલમ 499, 500 હેઠળ ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદમાં તેજસ્વી યાદવના વિવાદીત નિવેદનના કારણે ગુજરાત અને ગુજરાતીઓનું અપમાન થયું હોવાથી તેમની વિરુદ્ધ ...અનુસંધાન પેજ નં. 6 પર

# આજથી શહેરીજનો માણી શકશે ક્રૂઝની મોજ મજા, ટિકિટ માત્ર રૂપિયા 2500

ગુજરાત | વંદન

આગામી 2 જુલાઈ રવિવારથી અમદાવાદીઓ હવે વિદેશ કે ગોવાની જેમ પાણીની વચ્ચે શિપમાં બેસી અને જમવાની મજા માણી શકશે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ લિમિટેડ દ્વારા PPP ધોરણે ફ્લોટિંગ રેસ્ટોરાં ક્રૂઝ રવિવારે સવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કરવામાં આવશે. ફ્લોટિંગ રેસ્ટોરાં ક્રૂઝમાં આ ફ્લોટિંગ રેસ્ટોરાં ક્રૂઝમાં જેમ ગોવા મુંબઈમાં બેસી અને લોકો જમવાની મજા માણતા હોય છે, તે જ રીતે આ આયોજન કરવામાં આવ્યું છે. ક્રૂઝમા 2



હજારથી 2500ના ટિકિટ દરો ચૂકવીને નાગરિકો સૂપથી લઈને ડેઝર્ડ સુધીના ભોજનનો આનંદ માણી શકશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રિવરફ્રન્ટ બનાવવામાં આવ્યો ત્યારથી તેમનું સપનું હતું કે સાબરમતી નદીમાં ક્રૂઝ રેસ્ટોરાં મળે અને સહેલાણી અને લોકો આવી ક્રૂઝ રેસ્ટોરાંની મજા માણવા બહાર ન જવું પડે. તેના માટે અમદાવાદમાં જ ફ્લોટિંગ ક્રૂઝ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ખાનગી કંપની દ્વારા આ ક્રૂઝનું સંચાલન કરવામાં આવનાર છે.

ફ્લોટિંગ રેસ્ટોરાં ક્રૂઝમાં ઉપર અને નીચે એમ બે જગ્યાએ લોકો બેસીને ફૂડની મજા માણી શકશે. રેસ્ટોરાં ક્રૂઝની નીચેનો ભાગ આખો કાચથી કવર કરેલો અને સેન્ટ્રલી એસી હશે. ક્રૂઝની પાછળના ભાગમાં કિચન બનાવવામાં આવશે. રેસ્ટોરાંમાં જે રીતે ટીવી, પ્રોજેક્ટર, લાઈટિંગ, ડીજે સાઉન્ડ ...અનુસંધાન પેજ નં. 6 પર

## એક વરસાદી સાંજે....



અમદાવાદના રાગ સ્ટુડિયો ખાતે એક વરસાદી સાંજે કાવ્યરસિકોની ભરપુર હાજરી વચ્ચે 'ગીતોત્સવ' ટાઈટલ સાથે ગીતકવિતાનો એક અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો. મા આનંદમયી ફાઉન્ડેશન, સ્નેહલ પટેલ, મુકુંદભાઈ દવે, આશિષભાઈ મહેતા અને મનિષભાઈ ભગતના સહયોગથી કવિ તેજસ દવેના સંચાલનમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાતના જાણીતા કવિઓ તુષાર શુકલ, મધુસૂદન પટેલ 'મધુ', સ્નેહલ પટેલ, અક્ષય દવે, વિપુલ પરમાર અને તેજસ દવેએ સ્વરચિત ગીતકવિતાઓનું પઠન કર્યુ હતુ.

# ગુજરાતના નિવૃત IPSએ આપી માહિતી, પકડાયું આંતરરાષ્ટ્રીય કૌભાંડ

ગુજરાત | વંદન

આસામ પોલીસે મહારાષ્ટ્રમાં તાજેતરમાં જ શિકાર થયેલાં વાઘનું ચામડું, 20 કિલો હાકડાં અને દાંત સાથે કુલ ચાર લોકોને બુધવારે આસામના ધારાપુરમાંથી ઝડપી લીધાં છે. દેશના રાષ્ટ્રીય પ્રાણી વાઘના અવશેષોને આ શિકારીઓ ફાર ઈસ્ટના દેશોમાં વેચી દેવાના હતાં. જેમાં મહત્વની વાત એ છે કે, વાઘના શિકાર અને તેના અવશેષોની તસ્કરીનું આંતર રાષ્ટ્રીય રેકેટ ગુજરાતમાં બેઠેલાં એક રિટાયર્ડ પોલીસ ઉચ્ચ અધિકારીએ આપેલી માહિતી અને માર્ગદર્શનને આધારે બહાર આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ...અનુસંધાન પેજ નં. 6 પર





Venue
102, Arista Business Space 3, Sindhu Bhavan Marg, Opp. HOF Showroom, Ahmedabad, Gujarat 380054
Contact : +91 63573 63574
skincare for your hair
BOTANICAL | SULFATE & PARABEN FREE | CRUELTY FREE

# ટામેટા અને ડુંગળીની જુગલબંધી જામી, બન્ને મોંઘા રે મોંઘા

■ ટામેટા બાદ હવે ડુંગળી રડાવશે; ડુંગળીના હોલસેલ રેટની કિંમતમાં 25 ટકાનો વધારો ...

ગુજરાત | વંદન

ટામેટા બાદ ડુંગળી મોંઘી થવાથી સામાન્ય જનતા મુશ્કેલીમાં મુકાઈ છે. લોકોનું કહેવું છે કે, આવી જ રીતે ડુંગળી, ટામેટા અને લીલા શાકભાજીના ભાવ વધતા રહેશે, તો આવનારા દિવસોમાં ખાવાના ફાંફા પડી જશે. જો ડુંગળીના હોલસેલ રેટની વાત કરીએ તો, તેની કિંમતમાં 25 ટકાનો વધારો થયો છે. ડુંગળીની સૌથી મોટી માર્કેટ લાસલગાંવમાં શુક્રવારે તેના રેટ 1300 રૂપિયા ક્વિન્ટલે પહોંચી ગયા હતા. ત્યારે આવા સમયે દુકાનદારોનું કહેવું છેકે આવનારા દિવસોમાં ડુંગળીના ભાવ હજુ પણ વધશે.

જૂને નાસિક મંડીમાં ડુંગળીના સરેરાશ ભાવ 1201 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતા, તો વળી બીજા દિવસ તેની કિંમતમાં 79 રૂપિયાનો વધારો થયો. આવી જ રીતે 28 જૂને ડુંગળીના ભાવ વધીને 1280 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયા. તો વળી 29 જૂને ડુંગળીના રેટ 1280થી વધીને 1300 રૂપિયા થઈ ગયા હતા. 27 જૂને નાસિક મંડીમાં ડુંગળીના સરેરાશ ભાવ 1201 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતા, તો વળી બીજા દિવસ તેની કિંમતમાં 79 રૂપિયાનો વધારો થયો. આવી જ રીતે 28 જૂને ડુંગળીના ભાવ વધીને 1280 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ થઈ ગયા. તો વળી 29 જૂને ડુંગળીના રેટ 1280થી વધીને ...અનુસંધાન પેજ નં. 6 પર

300 વારનો પ્લોટ વેચવાનો છે
30 ફૂટ રોડ ટચ, 300 વારથી મોટો પ્લોટ, પ્રિમિયમ એરિયા, 100 વારનું બાંધકામ, ઘ-રોડથી 140મી. જેટલા અંતરે પૂર્વમાં, Opp. દેવભૂમિ હોમ્સ, ઘ-8 (ચેતક સર્કલ)થી 5 મિનિટના વોકિંગ ડિસ્ટન્ટે, પ્લોટ + મકાન વેચવાનું છે. 125 લાખ
(ગાંધીનગરમાં) મો. 7405574065